ॐ

પરમાત્મને નમઃ

શ્રીમદ્ભગવત્સમન્તભદ્રાચાર્યદેવપ્રણીત

શ્રી ચતુર્વિંશતિ-જિન-સ્તવનાત્મક

# બૃહદ્ સ્વયંભૂ-સ્તોત્ર

(સ્તુતિપરક જૈનાગમ)

મૂળ ગાથાઓ સહિત હિન્દી ટીકાનો

ગુજરાતી અનુવાદ

—: પ્રકાશક :—

શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ

જેતપુર (સૌરાષ્ટ્ર)

પ્રથમાવૃત્તિ પ્રત : ૧૦૦૦
વીર નિ. ૨૫૦૨

કિંમત :

મુદ્રક :
મગનલાલ જૈન
અજિત મુદ્રણાલય
સોનગઢ (સૌરાષ્ટ્ર)

પરમોપકારી પરમ સદ્‌ગુરુદેવ સત્‌પુરુષ
**શ્રી કાનજીસ્વામીને**
પરમભક્તિથી નમસ્કાર–વંદન–હો.

અહો ! સર્વોત્કૃષ્ટ શાંત રસમય સન્માર્ગ.

અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંત રસપ્રધાનમાર્ગના મૂળ સર્વજ્ઞદેવ.

અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંતરસ સુપ્રતીત કરાવ્યો.

એવા પરમકૃપાળુ સદ્‌ગુરુદેવ—

આ વિશ્વમાં સર્વકાળ તમે જયવંત વર્તો, જયવંત વર્તો.

(શ્રીમદ્‌ રાજચંદ્ર)

# અનુક્રમણિકા


| ક્રમ | સ્તવનનું નામ | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | શ્રી વૃષભજિન | સ્તવન | ૧ |
| ૨. | ,, અજિતજિન | ,, | ૫ |
| ૩. | ,, સંભવજિન | ,, | ૮ |
| ૪. | ,, અભિનંદનજિન | ,, | ૧૧ |
| ૫. | ,, સુમતિજિન | ,, | ૧૪ |
| ૬. | ,, પદ્મપ્રભજિન | ,, | ૧૮ |
| ૭. | ,, સુપાર્શ્વજિન | ,, | ૨૧ |
| ૮. | ,, ચંદ્રપ્રભજિન | ,, | ૨૪ |
| ૯. | ,, સુવિધિ (શ્રીપુષ્પદંત)જિન | ,, | ૨૬ |
| ૧૦. | ,, શીતલજિન | ,, | ૩૦ |
| ૧૧. | ,, શ્રેયોજિન | ,, | ૩૩ |
| ૧૨. | ,, વાસુપૂજ્યજિન | ,, | ૩૬ |
| ૧૩. | ,, વિમલજિન | ,, | ૪૧ |
| ૧૪. | ,, અનંતજિતજિન | ,, | ૪૪ |
| ૧૫. | ,, ધર્મજિન | ,, | ૪૭ |
| ૧૬. | ,, શાન્તિજિન | ,, | ૫૦ |
| ૧૭. | ,, કુન્થુજિન | ,, | ૫૩ |
| ૧૮. | ,, અરજિન | ,, | ૫૬ |
| ૧૯. | ,, મલ્લિજિન | ,, | ૬૩ |
| ૨૦. | ,, મુનિસુવ્રતજિન | ,, | ૬૫ |
| ૨૧. | ,, નમિજિન | ,, | ૬૮ |
| ૨૨. | ,, અરિષ્ટનેમિજિન | ,, | ૭૧ |
| ૨૩. | ,, પાર્શ્વજિન | ,, | ૭૫ |
| ૨૪. | ,, વીરજિન | સ્તવન | ૭૭ |


## —: પ્રસ્તાવના :—

જિનાગમની દષ્ટિ અનુરૂપ જ્ઞાનયોગ અને ભક્તિયોગના સમન્વયરૂપે આ બૃહદ્ સ્વયંભૂ-સ્તોત્ર ચોવીસ તીર્થંકરની સ્તુતિરૂપે ઉચ્ચકોટિની, સારગર્ભિત, નિર્મળ સુયુક્તિઓથી સુસજ્જિત, સુંદર સ્વલ્પપદોથી વિભૂષિત અને ભક્તિરસથી ભરપૂર, પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય ભગવંત શ્રી સ્વામી સમન્તભદ્રાચાર્યદેવ પ્રણીત મૂળ પદોની હિન્દી ટીકાના ગુજરાતી અનુવાદરૂપે પ્રકાશિત થાય છે.

સ્વામી શ્રી સમન્તભદ્ર આચાર્ય ક્ષત્રિય રાજકુમાર હતા. તેમનું જન્મનામ શાન્તિવર્મા હતું; પાછળથી તેઓશ્રી સમન્તભદ્ર એવા શ્રુતિમધુરનામથી લોકમાં પ્રસિદ્ધ થયા. તેઓશ્રી વાદી, વાગ્મી અને કવિ હતા. અને આદ્યસ્તુતિકારરૂપે બહુ સન્માનિત હતા, તેમ જ દર્શનશાસ્ત્રના માર્મિક દષ્ટા અને વિલક્ષણ પ્રતિભાસંપન્ન હતા. એક પરિચય પદ્યમાં તો તેઓશ્રીએ પોતાને દૈવજ્ઞ, વૈદ્ય, માંત્રિક, અને તાંત્રિક હોવા ઉપરાંત આજ્ઞાસિદ્ધ અને સિદ્ધ સારસ્વત કહેલ છે. તેમની સિંહ ગર્જનાથી વાદ–વિવાદ કરનાર સર્વે કંપી જતા હતા, ક્ષોભ પામતા હતા. તેઓશ્રીએ અનેક દેશોમાં વિહાર કરી વાદિઓને પરાજિત કરી, સતમાર્ગનું પ્રદર્શન કરાવી તેઓને સતધર્મ પ્રત્યે વાળ્યા હતા. એ રીતે સ્વામી શ્રી સમન્તભદ્ર આચાર્યનું પદ બહુ ઉચ્ચતમ છે. દર્શનવિશુદ્ધિ, સતત જ્ઞાન ઉપયોગ, અર્હંતભક્તિ અને ધર્મપ્રભાવના એ ભાવો વડે તેઓશ્રીએ તીર્થંકર પ્રકૃતિ ઉપાર્જનની યોગ્યતા પ્રાપ્ત કરેલ છે, તેઓશ્રીને પદર્ધિકઋદ્ધિ અર્થાત ચારણઋદ્ધિની પ્રાપ્તિ થઈ હતી તેવું વિધાન અનેક શાસ્ત્રોમાં આચાર્યોએ કરેલ છે. જેમકે—

જિનશાસન પ્રણેતા, સ્યાદ્વાદ વિદ્યાગ્ર ગુરુ, સ્યાદ્વાદ વિદ્યાધિપતિ, સ્યાદ્વાદ માર્ગાગ્રણી, સ્યાત્કાર મુદ્રાંકિત તત્ત્વદીપ, વાદિસિંહ, વાદિમુખ્ય, કવિકુંજર, મહાકવીશ્વર, કવીન્દ્ર ભાસ્વાન, મહાન કવિવેધા, સુતર્કશાસ્ત્રામૃતસાર સાગર, વજ્રાંકુશસૂક્તિજાલ, મુનિવંદ્ય,

જનાનંદ, સરસ્વતી સ્વૈરવિહારભૂમિ, દુર્વાદિવાદકંડુનાં, શમનૈક મહોષધિ, ભવ્ય કૈરવ ચંદ્રમા, આદિ ઉચ્ચ પદોના ઉલ્લેખ, ભગવત્ શ્રી જિન-સેન આચાર્ય, શ્રી પૂજ્યપાદઆચાર્ય, શ્રી અકલંકસ્વામી, વગેરે પ્રસિદ્ધ મહાત્માઓએ તેઓના ગ્રંથમાં આદર સહિત કરેલ છે, વસ્તુતઃ તેવા અનેક પૂજ્ય મહાત્માઓમાં ભગવત શ્રી સમન્તભદ્ર આચાર્યનું પદ ઘણું ઊંચું છે. તેઓ જૈન કવિઓમાં આદ્ય અનુપમ સ્તુતિકાર છે. તેમની કૃતિઓમાં આપ્તમીમાંસા, યુક્ત્યનુશાસન, સ્વયંભૂ-સ્તોત્ર, જિનસ્તુતિ શતક (સ્તુતિ વિદ્યા), રત્નકરંડશ્રાવકાચાર, જીવસિદ્ધિ, તત્ત્વાનુશાસન, પ્રાકૃત વ્યાકરણ, પ્રમાણ પદાર્થ, કર્મપ્રાભૃત ટીકા, ગંધહસ્તિમહાભાસ્ય, વગેરે મહાન રચનાઓ પ્રસિદ્ધ છે. આચાર્યદેવનો સમય વિક્રમની બીજી શતાબ્દિ લગભગનો નક્કી છે. તેઓશ્રીની અર્હંતભક્તિ અને લોકહિત સાધનની ઉત્કૃષ્ટ ભાવના વડે થનાર એવા ભાવિ જિનને નમો નમઃ.

# બૃહદ્ સ્વયંભૂ-સ્તોત્ર

# મંગલાચરણ

તીર્થં સર્વ-પદાર્થ-તત્ત્વ-વિષય-સ્યાદ્વાદ-પુણ્યોદધે-
ર્ભવ્યાનામકલંકભાવ-કૃતયે પ્રાભાવિ કાલે કલૌ ।
યેનાચાર્ય સમન્તભદ્ર-યતિના તસ્મૈ નમઃ સન્તતં
કૃત્વા તત્ત્વવિધિનાયકં જિનપતિં વીરં પ્રણૌમિ સ્ફુટં ॥
( અષ્ટશતી )

યેનાડશેષ-કુનીતિ-વૃત્તિ-સરિતઃ પ્રેક્ષાવતાં શોષિતાઃ
યદ્વાચોડપ્યકલંક-નીતિ-રુચિરાસ્તત્ત્વાર્થ સાર્થ-દ્યુતઃ ।
સ શ્રીસ્વામિસમન્તભદ્ર–યતિભૃદ્ ભૂયાદ્વિભુર્ભાનુમાન્
વિદ્યાનન્દ-ઘન-પ્રદોડનઘધિયાં સ્યાદ્વાદ-માર્ગાગ્રણીઃ ॥

શ્રી વર્દ્ધમાન મભિનમ્ય સમન્તભદ્રં
સદ્બોધ-ચારુ-ચરિતાડનઘ-વાક્સ્વરૂપં ।
તસ્ય સ્વયંભુ-કૃતિમ-પ્રતિમાં ગુણાઢ્યાં
વ્યાખ્યામિ લોકહિત-શાન્તિ-વિવેક-વૃદ્ધયૈ ॥

જીવસિદ્ધિ-વિધાયીહ કૃતાયુક્ત્યનુશાસનં
વચઃ સમન્તભદ્રસ્ય વીરસ્યેવ વિજૃંભતે ॥
( હરિવંશપુરાણ )

પરમાત્મને નમઃ

શ્રીમદ્ ભગવંત સમન્તભદ્રાચાર્ય દેવ પ્રણીત

શ્રી

## ચતુર્વિંશતિ-જિન-સ્તવનાત્મક

# સ્વયંભૂ-સ્તોત્ર

### મૂળ ગાથાઓ તથા હિન્દી ટીકાનો ગુજરાતી અનુવાદ

૧

## શ્રી વૃષભજિન-સ્તવન

સ્વયંભુવા ભૂત-હિતેન ભૂતલે
સમંજસ-જ્ઞાન-વિભૂતિ-ચક્ષુષા ।
વિરાજિતં યેન વિધુન્વતા તમઃ
ક્ષપાકરેણેવ ગુણોત્કરૈઃ કરૈઃ ॥ ૧ ॥

અર્થઃ—ભગવાન શ્રી આદિનાથ સ્વયંભૂ અર્થાત્ કોઈના ઉપદેશ વિના જ સ્વયં મોક્ષમાર્ગને જાણીને તથા આરાધીને આત્મવિકાસને પામ્યા હતા. સંસારી જીવોના આત્મકલ્યાણની ભાવનારૂપે પરિણત સાક્ષાત્ ભૂતહિતની મૂર્તિ હતા. સમ્યગ્જ્ઞાનની પૂર્ણ વિભૂતિરૂપ સર્વજ્ઞતાને પ્રાપ્ત, અદ્વિતીય નેત્રના ધારક હતા, તેમજ પોતાના

ગુણસમૂહરૂપી કિરણોથી અબાધિત્વ અને યથાવસ્થિત અર્થપ્રકાશત્વ આદિ ગુણોના સમૂહવાળા વચનો વડે અંધકારને અર્થાત્ જગતને ભ્રાન્તિરૂપી દુઃખમૂલક અજ્ઞાન અંધકારને દૂર કરી પૃથ્વીતલ ઉપર એવા પ્રકાશતા હતા કે જેમ સ્વ અર્થપ્રકાશત્વાદિ ગુણ વિશેષવાળા કિરણો વડે રાત્રીના અંધકારને દૂર કરતો પૂર્ણ ચંદ્રમા પ્રકાશે છે શોભે છે.

ભાવાર્થ:—ભગવાન ઋષભદેવ સ્વયં કેવળજ્ઞાન પ્રગટ કરી આ જગતમાં સંસારી પ્રાણી માત્રના હિતને માટે પોતાના સંપૂર્ણ જ્ઞાન વિભૂતિવાળા દિવ્ય વચનો વડે જેવી રીતે રાત્રીના અંધકારને દૂર કરતો પૂર્ણ ચંદ્રમા પોતાના કિરણો પ્રસારી શોભે છે તેમ ભગવંત પ્રકાશતા હતા-શોભાને પ્રાપ્ત થયા હતા. ૧.

પ્રજાપતિર્યઃ પ્રથમં જિજીવિષૂઃ
શશાસ કૃષ્યાદિષુ કર્મસુ પ્રજાઃ ।
પ્રબુદ્ધ તત્ત્વઃ પુનરદ્ભુતોદયો,
મમત્વતો નિર્વિવિદે વિદાંવરઃ ॥ ૨ ॥

અર્થ :—તે ભગવંતે આ અવસર્પિણી કાળમાં પ્રથમ પ્રજાપતિ-પદમાં દેશ-કાળ તથા પ્રજા પરિસ્થિતિના સ્વરૂપના યથાર્થ જ્ઞાનવડે જીવવાની અને જીવનના ઉપાયો જાણવાની ઇચ્છાવાળા પ્રજાજનોને કૃષિ આદિ કાર્ય બતાવ્યા-ખેતીનું કાર્ય, શસ્ત્રવિદ્યા, લેખનકાર્ય, વિજ્ઞાન શાસ્ત્ર, સેવાચાકરી, વાણિજ્ય વગેરે કાર્ય બતાવ્યા. ત્યારબાદ હેય-ઉપાદેય તત્ત્વના વિશેષજ્ઞાન વડે આશ્ચર્યકારક ઉદયને પ્રાપ્ત થતાં, મમત્વના ત્યાગરૂપે પ્રજાજનો, કુટુંબીજનો અને સ્વદેહ તથા ભોગોથી વિરક્ત થઈને તત્ત્વજ્ઞાનીઓમાં સર્વોત્કૃષ્ટ પદને પામ્યા.

ભાવાર્થ :—તે ભગવંતે ત્યાગવાયોગ્ય અને આદરવાયોગ્ય તત્ત્વોનું જ્ઞાન કરાવી પોતે દેહ-ભોગો તથા કુટુંબીજનો પ્રત્યેની આસક્તિથી દૂર થઈ તત્ત્વજ્ઞરૂપે સર્વશ્રેષ્ઠપદને પ્રાપ્ત કર્યું. ૨.



વિહાય યઃ સાગર-વારિ-વાસસં
વધૂમિવેમાં વસુધા-વધૂં સતીમ્ ।
મુમુક્ષુરિક્ષ્વાકુ-કુલાદિરાત્મવાન્
પ્રભુઃ પ્રવવ્રાજ સહિષ્ણુરચ્યુતઃ ॥ ૩ ॥

અર્થ :—તે ભગવંત મુમુક્ષુ અર્થાત્ મોક્ષની ઇચ્છાવાળા હતા. સંસાર-સાગરથી પાર પામવાના અભિલાષી આત્મવાન હતા. અર્થાત ઇન્દ્રિયોને સ્વાધીન રાખનાર આત્મવશી હતા; તેમજ પ્રભુતાને પામી, સ્વતંત્ર થઈ ઈક્ષ્વાકુ કુળના એ આદિ પુરુષે સતી સ્ત્રીનો-એક નિષ્ઠાએ પ્રેમાળ એવી સુશીલ મહિલાઓનો અને સાગરવારિ-વસનનો એટલે સાગરના જળ રૂપી વસ્ત્રોથી ફેલાએલી એવી સ્વ ભોગ્યા સમુદ્રાંત પૃથ્વીનો કે જે આ યુગની આદિમાં તે મહાપુરુષથી આબાદ થઈ હતી એવી એ વસુધાનો એ રીતે સુશીલવતી રમણીનો અને પૃથ્વીનો ત્યાગ કરીને મુનિદીક્ષા ગ્રહણ કરી, દીક્ષામાં સહિષ્ણુ રહી, ભૂખ, તૃષા આદિ પરિષહોમાં અડગ રહી જયને પામ્યા. એ રીતે પ્રતિજ્ઞારૂપી પરિણતીમાંથી અર્થાત્ વ્રત નિયમોમાંથી ચલિત થયાં નહીં. (એ વખતે હજારો રાજા-મહારાજાઓએ સ્વામી ભક્તિથી પ્રેરાઈ તથા દેખાદેખીથી જિનદિક્ષા ગ્રહણ કરેલ તેમાં લીધેલ પ્રતિજ્ઞાથી તેઓ પતિત-ભ્રષ્ટ થયાં હતા કેમકે તેઓ સાચા મુમુક્ષુ, આત્મવાન, પ્રભુ અને સહિષ્ણુ ન હતા.)

ભાવાર્થ :—શ્રી આદિનાથ ભગવાન, મુમુક્ષુ-આત્મવાન-પ્રભુ અને સહિષ્ણુ હતા; સર્વ સંગપરિત્યાગ કરી તેઓ લીધેલ પ્રતિજ્ઞામાં અચલ રહ્યાં હતા રાજ્ય લક્ષ્મી, કુટુંબીજનો, સ્ત્રીઓ અને ભોગોથી વિરક્ત થઈ દિક્ષા ગ્રહણ કરી મુનિ વ્રત લીધા બાદ પ્રાપ્ત થયેલ સર્વે પરિષહોથી તેઓ અજેય અને અચલ રહ્યાં હતા. ૩.

સ્વ-દોષ-મૂલં સ્વ-સમાધિ-તેજસા
નિનાય યો નિર્દય-ભસ્મસાત્ક્રિયામ્ ।

જગાદ તત્ત્વં જગતેઽર્થિનેઽંજસા
બભૂવ ચ બ્રહ્મ-પદાઽમૃતેશ્વરઃ ॥ ૪ ॥

અર્થ :—ભગવંતે રાગ-દ્વેષ, કામ-ક્રોધાદિ વિકારોરૂપ સ્વદોષના મૂળ કારણો એવા ચતુષ્ટય ઘાતિકર્મોને શુક્લધ્યાન વડે અર્થાત પ્રચંડ અગ્નિરૂપ સમાધિના તેજ વડે, નિર્દયતાપૂર્વક સંપૂર્ણપણે ભસ્મીભૂત કર્યાં; ત્યારબાદ તુરત તેઓશ્રીએ તત્ત્વની અભિલાષાવાળા જગતના જીવોને સમ્યગ્ ઉપદેશ આપી જીવાદિ તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ નિરૂપણ કર્યું. છેવટે બ્રહ્મપદરૂપી અમૃત-સ્વાત્મસ્થિતિરૂપ મોક્ષપદ-પ્રાપ્ત કરી અવિનાશી, અનંત સુખના સ્વામી થયા-ઈશ્વર થયાં.

ભાવાર્થ :—ભગવંત શ્રી ઋષભદેવે મુનિદીક્ષા ગ્રહણ કરી ચાર ઘાતિકર્મોને ટાળી, મુમુક્ષુ જીવોને દિવ્યધ્વનિ વડે ઉપદેશ આપી, અનંત, અવિનાશી, અવ્યાબાધ એવા પરમ સુખને પ્રાપ્ત થયાં,-શુદ્ધ જ્ઞાન આનંદ પદને પ્રાપ્ત કર્યું-અર્થાત્ નિર્વાણ પામ્યા. ૪.

સ વિશ્વ-ચક્ષુ વૃંષભોઽર્ચિતઃ સતાં
સમગ્ર-વિદ્યાઽઽત્મ-વપુર્નિરંજનઃ ।
પુનાતુ ચેતો મમ નાભિ-નંદનો
જિનોઽજિત-ક્ષુલ્લક-વાદિ-શાસનઃ ॥ ૫ ॥

અર્થઃ—એ પ્રમાણે ભગવંત સર્વે કર્મ શત્રુઓને જીતી જિન થયા. જેનું શાસન સર્વથા એકાંતમતવાળા ક્ષુલ્લક વાદીઓને માટે અજેય બન્યું. તેઓ સર્વદર્શી અને સર્વ વિદ્યાત્મ શરીરી છે અર્થાત સર્વજ્ઞતા એ જ તેમનું શરીર છે. પુદ્ગલ-પિંડમય દેહના અભાવને લીધે તેઓશ્રી સત્ પુરુષો વડે પૂજ્ય છે. જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મો, શરીરાદિ નોકર્મ તથા રાગાદિ ભાવકર્મો એમ ત્રિવિધરૂપ કર્મોના કલંકથી સર્વથા મુક્ત થઈ તેઓ નિરંજન પદને પામ્યા. એવા ગુણો સહિત ચૌદમા કુલકર-મનુ-શ્રી નાભિરાજા તેના પુત્ર શ્રી આદિનાથ ધર્મ તીર્થના આદ્ય પ્રવર્તક પ્રથમ જિનરાજ મારા અંતઃકરણને



પવિત્ર કરો. તે ભગવંનના સ્તવન અને સ્વરૂપ ચિંતવનના પ્રતાપથી મારા હૃદયની કલુષતાની તથા કષાયોની શાંતિ થાઓ. ( કુલકર ૧૪ હોય છે. શ્રી નાભિરાજા છેલ્લા કુલકર હતા. પરંતુ શ્રી આદિનાથને ૧૫ મા કુલકર અને શ્રી ભરતજીને ૧૬ મા કુલકર કહ્યાં છે કેમકે ચોથો આરો બેસતાં તે બંનેએ કુલકર જેવું જ કામ કર્યું છે. તેમણે જીવોને ધર્મ અને નીતિના વહેવાર બતાવ્યાં છે. )

—૦—

## (૨) શ્રી અજિતજિન-સ્તવન

યસ્ય પ્રભાવાત્ ત્રિદિવ-ચ્યુતસ્ય
ક્રીડા સ્વપિ ક્ષીબમુખાઽરવિન્દઃ ।
અજેય-શક્તિ ર્ભુવિ બન્ધુ-વર્ગ
શ્ચકારનામાઽજિત ઇત્યવંધ્યમ્ ॥ ૧ ॥

અર્થઃ—શ્રી અજિતનાથ જિનેન્દ્ર દેવલોકથી અહીં અવતર્યા હતા અને એવા પ્રભાવશાલી હતા કે તેમના બાલ લીલાઓ-ક્રીડાઓ વડે તેમનો બંધુવર્ગ-કુટુંબ સમુદાય અત્યંત હર્ષથી ઉલ્લાસિત થયો હતો; તેમના માહાત્મ્યથી બંધુ વર્ગને આ પૃથ્વી ઉપર અજેય શક્તિ પ્રાપ્ત થઈ હતી. અર્થાત તેમને કોઈપણ જીતી શકતા ન હતા તેથી તેમણે ભગવાનનું નામ "અજિત" રાખ્યું તેઓ અંતર્-બાહ્ય શત્રુઓથી અજેય હોવાથી અજિત એ નામ સાર્થક હતું. ( જોકે જન્મ કલ્યાણક વખતે ભગવાનનું નામ ઇન્દ્ર આપે છે તે નામ જગતમાં સાર્થક બને છે. ) ૧.

અદ્યાઽપિ યસ્યાઽજિતશાસનસ્ય
સતાં પ્રણેતુઃ પ્રતિમંગલાર્થમ્ ।
પ્રગૃહ્યતે નામ પરમ-પવિત્રં
સ્વસિદ્ધિ-કામેન જનેન લોકે ॥ ૨ ॥

અર્થ:—જિનેન્દ્રનું શાસન અનેકાન્તાત્મક અને અજેય હતું. સર્વથા એકાન્તવાદી પરમતવાળા જીતવાને અસમર્થ હતા. તે ભગવંત સત્ પુરુષોને-ભવ્યાત્માઓને-કલ્યાણની પ્રાપ્તિ કરાવનારમાં મુખ્ય હતા નેતા હતા; એવા શ્રીમાન્ અજિતનાથ ભગવાનનું પાપનાશક અને પુણ્ય-વર્ધક પરમ પવિત્ર નામ આજે અસંખ્યાત કાળ વીત્યા બાદ પણ જગતમાં ઇષ્ટની સિદ્ધિરૂપ વિજયના ઇચ્છક જનસમૂહ વડે પ્રત્યેક માંગલિક કાર્યમાં ઇષ્ટની સિદ્ધિને માટે આદરપૂર્વક લેવામાં આવે છે અર્થાત્ ભવ્ય જીવોની દૃષ્ટિમાં આજે પણ તેમનું નામ સ્મરણ અતિ મહત્ત્વપૂર્ણ-માંગલિકરૂપ મનાય છે. ૨.

યઃ પ્રાદુરાસીત્પ્રભુ-શક્તિ-ભૂમ્ના
ભવ્યાऽऽશયાલીન-કલંક-શાન્ત્યૈ ।
મહામુનિર્મુક્ત-ઘનોપદેહો
યથાऽરવિન્દાऽભ્યુદયાય ભાસ્વાન્ ॥ ૩ ॥

અર્થ:—ઘાતીકર્મ આદિ આવરણના લેપથી મુક્ત તે મહામુનિ મુનિઓમાં પ્રધાન ગણધર આદિ મહાત્માના પરમગુરુ-ભવ્ય જીવોના હૃદયમાં લાગેલ કલંકોની અર્થાત્ અજ્ઞાન આદિ દોષોના કારણભૂત જ્ઞાનાવરણ આદિ કર્મોની શાન્તિ માટે તેને મૂળમાંથી નષ્ટ કરવા અને ભવ્ય જીવોના આત્મવિકાસની સિદ્ધિ થવાને માટે એમ જગતના ઉપકારને માટે સમર્થ વચન આદિ સામર્થ્યરૂપી સંપત્તિ વડે દિવ્યવાણી વડે એવા પ્રકાશિત થયાં કે જેમ વાદળોના આવરણથી રહિત સૂર્ય, કમળોના વિકાસને માટે પ્રકાશમય શક્તિ સાથે પ્રગટ થાય છે. એ પ્રમાણે પ્રકાશમય અને સમર્થ શક્તિ-સંપત્તિ સહિત ભગવંત શ્રી અજિતનાથનો ઉદય થયો. ૩.

યેન પ્રણીતં પૃથુ ધર્મ-તીર્થં
જ્યેષ્ઠં જનાઃ પ્રાપ્ય જયન્તિ દુઃખં ।
ગાંગં હ્રદં ચન્દન-પંક શીતં
ગજ-પ્રવેકા ઇવ ધર્મ-તપ્તાઃ ॥ ૪ ॥



અર્થ:—ભગવંતે પ્રગટ થઈને સર્વ શ્રેષ્ઠ ધર્મ-તીર્થનું અર્થાત્ સમ્યગ્દર્શન આદિ રત્નત્રયનું, ઉત્તમ ક્ષમા આદિ દશ લક્ષણ ધર્મનું, સામાયિક આદિ પાંચ પ્રકારના ચારિત્ર ધર્મનું એ રીતે ધર્મ-તીર્થનું પ્રતિપાદન કરી આગમ-તીર્થનું પ્રકાશન કર્યું. આગમ-તીર્થ મહાન છે, સકલ પદાર્થોના સ્વરૂપના પ્રતિપાદનની દૃષ્ટિ વડે વિશાળ છે-જ્યેષ્ઠ છે-સમસ્ત ધર્મ તીર્થોમાં મુખ્ય છે, જેના આશ્રયથી ભવ્ય જીવો સંસાર પરિભ્રમણરૂપી દુઃખ સંતાપ ઉપર વિજય પ્રાપ્ત કરે છે-સંતાપથી મુક્ત થાય છે અર્થાત્ જેમ ગ્રીષ્મ ઋતુના સૂર્યના આતાપથી સંતપ્ત એવા મોટા ગજેન્દ્ર, ચંદનના લેપ તુલ્ય શીતળ એવા ગંગા સાગરને પ્રાપ્ત થતાં તેના અગાધ જળમાં પ્રવેશી આતાપજન્ય સંતાપમાંથી મુક્ત થઈ શાન્તિ અનુભવે છે તે પ્રમાણે ભવ્ય જીવો આપના ધર્મ-તીર્થ વડે સંસારજન્ય સંતાપથી મુક્ત બને છે.

સ બ્રહ્મનિષ્ઠઃ સમ-મિત્ર-શત્રુ-
વિદ્યા-વિનિર્વાન્ત-કષાય-દોષઃ ।
લબ્ધાત્મલક્ષ્મી રજિતોऽજિતાત્મા
જિન-શ્રિયં મે ભગવાન્ વિધત્તામ્ ॥ ૫ ॥ (૧૦)

અર્થ :—શ્રી અજિત જિનેન્દ્ર આત્મસ્વભાવમાં સ્થિત બ્રહ્મનિષ્ઠ હતા. અનન્ય શ્રદ્ધાથી આત્મામાં અહિંસાની પૂર્ણ પ્રતિષ્ઠાવાળા હતા, એ રીતે સમ-શત્રુ-મિત્ર હતા. મિત્ર અને શત્રુ વચ્ચે કાંઈપણ ભેદભાવ વિના સમદૃષ્ટિવંત હતા. આત્મિય કષાય દોષોનો જેણે સમ્યગ્જ્ઞાન-અનુષ્ઠાનરૂપી વિદ્યાવડે સંપૂર્ણ નાશ કર્યો હતો. આત્મા ઉપરથી કષાયોનો અધિકાર સર્વથા નષ્ટ કર્યો હતો. એમ પ્રાપ્ત-આત્મ-લક્ષ્મી વડે અનંત જ્ઞાનાદિ આત્મલક્ષ્મીરૂપી જિનશ્રીને તેમણે સંપૂર્ણપણે સ્વાધીન કરી હતી. એવા ગુણોથી વિભૂષિત અજિત-આત્મા અર્થાત્ ઇન્દ્રિયોને વશ નહિ થનાર આત્મસ્વરૂપે સ્થિત એવા ભગવંત શ્રી અજિતનાથ, મને જિનશ્રીની પ્રાપ્તિમાં-શુદ્ધાત્મ લક્ષ્મીની પ્રાપ્તિમાં

સહાયક બનો. તેઓશ્રીની ભક્તિ-આરાધના-વડે, તેમના આદર્શો પ્રત્યેની દૃષ્ટિથી હું મારા આત્માને કર્મના બંધનમાંથી મુક્ત કરી સંપૂર્ણ સ્વાધીન થવા સમર્થ બનું-એવી અનંત જ્ઞાનાદિસ્વરૂપ જિનશ્રીની પ્રાપ્તિમાં શ્રી અજિત જિનેન્દ્રદેવ મને સહાયરૂપ બનો એ ભાવના કરૂં છું. ૫-૧૦.

—૦—

# (૩) શ્રી શંભવજિન-સ્તવન

ત્વં શંભવઃ સંભવ-તર્ષ-રોગૈઃ
સન્તપ્યમાનસ્ય જનસ્ય લોકે ।
આસીરિહાઽઽકસ્મિક એવ વૈદ્યો
વૈદ્યો યથાઽનાથ રૂજાં પ્રશાંત્યૈ ॥ ૧ ॥

અર્થ :—ભવ્ય જીવોને સુખના કારણ એવી નામ સંજ્ઞાના ધારક હે શંભવ જિન! દ્રવ્ય આદિની સહાય વિનાના અનાથ રોગીને તેના રોગની શાન્તિ માટે જેમ કોઈ ચતુર વૈદ્ય અચાનક આવી મળે અને નિઃસ્પૃહ ભાવથી તેના રોગનું નિદાન કરી નિરોગ કરવાના સર્વે પ્રયાસ કરે તેમ સંસાર સંબંધી વિષયભોગોની તૃષ્ણારૂપી રોગથી અતિ પીડિત એવા જનસમુદાયને તેના નિદાનમાં અને નિરોગતામાં સહાયકરૂપે આપ આકસ્મિક વૈદ્ય એકાએક પ્રગટ થયાં. ૧.

અનિત્ય મત્રાણ મહંક્રિયાભિઃ
પ્રસક્ત-મિથ્યાઽધ્યવસાય-દોષમ્ ।
ઇદં જગજ્જન્મ-જરાઽન્તકાર્ત્તમ્
નિરંજનાં શાન્તિ મજીગમસ્ત્વમ્ ॥ ૨ ॥

અર્થ :—આ દૃશ્યમાન જગત જે અનિત્ય છે, અશરણ છે, દેહાત્મ અને પરાત્મબુદ્ધિ, અહંભાવ-મમત્વભાવ વડે મિથ્યા અભિપ્રાયના દોષથી દૂષિત છે તેમજ જન્મ-જરા-મરણના ભયથી પીડિત છે તેમને હે શ્રી શંભવદેવ જિનેન્દ્ર! આપે નિરંજના શાન્તિ એટલે કર્મમળના ઉપદ્રવોથી રહિત જે મુક્તિરૂપ પરમશાન્તિની પ્રાપ્તિ કરાવી જીવોને માટે શાન્તિનો માર્ગ બતાવ્યો જેના ફળરૂપે અસંખ્ય જીવો પરમ સમાધિને પામ્યા છે. ૨.



શતહ્રદોન્મેષ-ચલં હિ સૌખ્યમ્
તૃષ્ણાઽઽમયાઽપ્યાયન-માત્ર-હેતુઃ ।
તૃષ્ણાભિવૃદ્ધિશ્ચ તપત્યજસ્રમ્
તાપસ્તદાયાસયતીત્યવાદીઃ ॥ ૩ ॥

અર્થ :—ઇન્દ્રિય વિષયસુખ, વિજળીના ઝબકારા જેવું ચંચળ, ક્ષણિક અને અસ્થિર છે તથા તૃષ્ણારૂપી રોગની વૃદ્ધિનું તે એકમાત્ર કારણ છે. ઇન્દ્રિય વિષયોના સેવનથી તૃપ્તિ નહિ થતાં ઉલટી તૃષ્ણાની વૃદ્ધિ થતી જાય છે એમ તૃષ્ણાની અભિવૃદ્ધિ જીવોને નિરંતર સંતાપને ઉત્પન્ન કરે છે, જેમાં જગતના જીવો કૃષિ, વાણિજ્ય આદિ કાર્યોની પ્રવૃત્તિમાં પરંપરા અનેક દુઃખોથી પીડિત થાય છે, તેવો ઉપદેશ આપી આપે આ પીડિત જગતને તેના દુઃખોનું યથાર્થ નિદાન કરી આપ્યું.

બન્ધશ્ચ મોક્ષશ્ચ તયોશ્ચ હેતૂ
બદ્ધશ્ચ મુક્તશ્ચ ફલં ચ મુક્તેઃ ।
સ્યાદ્વાદિનો નાથ! તવૈવ યુક્તં
નૈકાન્તદૃષ્ટેસ્ત્વમતોઽસિ શાસ્તા ॥ ૪ ॥

અર્થઃ—બંધ અને મોક્ષ, બંધ અને મોક્ષનું કારણ, કર્મથી બંધાએલો જીવ, કર્મથી મુક્ત થયેલ જીવ, અને મુક્તિનું ફળ એ સર્વે તત્ત્વોની વ્યવસ્થા હે નાથ! હે શંભવ જિન! આપના સ્યાદ્વાદની અનેકાન્તદૃષ્ટિના મતમાં જ યથાર્થ સિદ્ધ થઈ શકે છે-બંધ બેસતી થાય છે; પરંતુ સર્વથા એકાન્તદૃષ્ટિઓના મતમાં તે સિદ્ધ

થતી નથી, માટે આપ જ "શાસ્તા પુરુષ" તત્ત્વના યથાર્થ ઉપદેષ્ટા પુરુષ છો. અન્ય કેટલાક મતોમાં તત્ત્વ જરૂર જોવામાં આવે છે પરંતુ તે તો કથન માત્ર છે કેમકે એકાન્તના સિદ્ધાંતના સ્વીકારમાં તત્ત્વોનું કથન યથાર્થ થઈ શકતું નથી જેથી તેવા મતના ઉપદેષ્ટાને ખરેખર રીતે "શાસ્તા પુરુષ" કહી શકાય નહિ.

શક્રોઽપ્યશક્તસ્તવ પુણ્યકીર્તેઃ
સ્તુત્યાં પ્રવૃત્તઃ કિમુ માદૃશોઽજ્ઞઃ ।
તથાઽપિ ભક્ત્યા સ્તુત-પાદ-પદ્મો
મમાર્ય ! દેયાઃ શિવતાતિમુચ્ચૈઃ ॥ ૫ ॥ (૧૫)

અર્થઃ—હે આર્ય ! હે ગુણોથી તથા ગણધરદેવ આદિ ગુણવંતોથી પૂજ્ય શ્રી શંભવનાથ ! આપ પુણ્ય કીર્તિ છો. આપની કીર્તિ અને જીવાદિ તત્ત્વોના પ્રતિપાદન કરનારી આપની દિવ્યવાણી પુણ્ય સત્ત્વ છે–પ્રશસ્ત છે–અને નિર્મળ છે. આપની સ્તુતિ માટે પ્રવૃત્ત થયેલ અવધિજ્ઞાન આદિ શક્તિ સંપન્ન અને સર્વશ્રુતધારી એવા ઇન્દ્ર પણ આપની સ્તુતિ કરવાને માટે અશક્ત છે–તે પણ આપના સંપૂર્ણ ગુણોની સ્તુતિ કરી શકતા નથી તો પછી એવા અવધિજ્ઞાન આદિ વિશિષ્ટ–શક્તિથી રહિત મારા જેવા અજ્ઞાનીને એ શક્તિ કેમ અને કયાંથી સંભવી શકે ? એમ હું અશક્ત છું છતાં પણ આપના ચરણ-કમળની ભક્તિપૂર્વક, અપૂર્વ અનુરાગથી, આપની સ્તુતિ કરૂં છું તો હે ભગવંત ! આપ મને ઉચ્ચ દરજ્જાની શિવ-સંપદા પ્રદાન કરો–કલ્યાણની જ પરંપરા એવા ઉંચા પ્રકારની શિવ સંતતિનું મને પ્રદાન કરો; હું તે લેવાને માટે અધિકારી છું–પાત્ર છું. ૫. (૧૫)



# (૪) શ્રી અભિનંદનજિન-સ્તવન

ગુણાઽભિનન્દાદભિનન્દનો ભવાન્
દયા-વધૂં ક્ષાન્તિ-સખીમશિશ્રિયત્ ।
સમાધિ-તન્ત્રસ્તદુપોપપત્તયે
દ્વયેન નૈર્ગ્રન્થ્ય-ગુણેન ચાઽયુજત્ ॥ ૧ ॥

અર્થઃ—હે શ્રી અભિનંદન જિન ! ગુણોની અભિવૃદ્ધિ સહિત આપનો જન્મ થતાં જ જગતમાં સુખ–સંપદા આદિની વૃદ્ધિ થઈ તેથી આપ "અભિનંદન" એ સાર્થક નામને ધારો છો. આપે ક્ષમા સખીવાળી દયારૂપી પત્નિને આશ્રય આપ્યો છે. આપે ક્ષમા અને કરુણાને ધારણ કરેલ છે. વળી આપે શુક્લધ્યાનની દૃષ્ટિ વડે સુખ–સમાધિની સિદ્ધિ કરી છે. એ રીતે આપ બન્ને પ્રકારના નિર્ગ્રંથ પદવાળા ગુણોથી વિભૂષિત થયાં છો—આપે બાહ્યાભ્યંતર બન્ને પ્રકારના પરિગ્રહોનો ત્યાગ કર્યો છે.

અચેતને તત્કૃત બન્ધજેઽપિ ચ
મમેદમિત્યાભિનિવેશિક-ગ્રહાત્ ।
પ્રભંગુરે સ્થાવર-નિશ્ચયેન ચ
ક્ષતં જગત્તત્ત્વમજિગ્રહદ્ભવાન્ ॥ ૨ ॥

અર્થ :—અચેતન–જડ દેહમાં અથવા કર્મબંધના ફળ સ્વરૂપે ઉત્પન્ન થતાં સુખ-દુઃખમાં, તેમજ સ્ત્રી-પુત્ર આદિમાં "તે સર્વ મારાં છે અને હું તેઓનો છું" એવા મિથ્યા અભિપ્રાયથી ક્ષણિક પદાર્થોમાં નિત્યપણાનો નિશ્ચય કરીને આ જગત નાશ પામી રહ્યું છે તેમજ આત્મહિતના સાધનોથી વિમુખ બનીને આત્માનું અહિત કરી રહ્યું છે તેવા જગતને હે અભિનંદન જિન ! આપે યથાર્થ તત્ત્વોનું અવલંબન કરાવ્યું છે. જીવાદિ તત્ત્વોના સ્વરૂપનો યથાર્થ ઉપદેશ આપી આપે જગતના જીવોને સત્‌ધર્મ–મોક્ષમાર્ગમાં લગાડયાં છે.

ક્ષુધાદિ-દુઃખ-પ્રતિકારત: સ્થિતિ-
નં ચેન્દ્રિયાર્થ-પ્રભવાઽલ્પ-સૌખ્યત: ।
તતો ગુણો નાસ્તિ ચ દેહ-દેહિનો-
રિતીદમિત્થં ભગવાન્ વ્યજિજ્ઞપત્ ॥ ૩ ॥

અર્થ :—ક્ષુધાદિ દુઃખોના પ્રતિકાર માટે-ભૂખ, તૃષા આદિ વેદનાઓ મટાડવા ભોજન, જલ આદિના સેવનથી, ઇન્દ્રિયના વિષય-ભોગોથી અર્થાત્ તેવા અતિ અલ્પ સુખના અનુભવથી દેહની અને દેહધારી જીવોની સ્થિતિ કાયમી સુખવાળી બનતી નથી કેમકે તેવી અલ્પ તૃપ્તિ પછી ફરીને થોડા જ વખતમાં ભૂખ-તૃષા વગેરે વેદનાની ઉત્પત્તિ થાય છે ત્યારે જેમ અગ્નિમાં લાકડા હોમવામાં આવે તેમ ફરીફરીને ઇન્દ્રિયના વિષયભોગો સેવવાની તૃષ્ણા વધારેમાં વધારે તીવ્રરૂપે પીડા ઉત્પન્ન કરે છે. એ સ્થિતિમાં એવા ક્ષુધાદિ દુઃખોના ક્ષણિક પ્રતિકારથી અને ઇન્દ્રિયવિષયોના અતિ અલ્પ સુખથી ખરેખર આ દેહ ઉપર કાંઈપણ ઉપકાર થઈ શકતો નથી તેમજ દેહધારી જીવનું પણ કાંઈ હિત થઈ શકતું નથી. આવું યથાર્થજ્ઞાન હે ભગવંત શ્રી અભિનંદનજિન! આ સંસાર પરિભ્રમણના ચક્કરમાં પડેલા જગતને આપે બતાવ્યું. આપે જગતને શુદ્ધ આત્મતત્ત્વનું રહસ્ય બતાવ્યું જેથી જીવો મોહાશક્તિથી છૂટી પરમ કલ્યાણકારી અનાસક્ત યોગની પ્રવૃત્તિ કરી શકે તેવો મોક્ષમાર્ગ બતાવ્યો. (સંસારીનું કહેવાતું અલ્પ કે બહુ સુખ તે માત્ર સુખાભાસ છે.)

જનોઽતિલોલોઽપ્યનુબન્ધદોષતો
ભયાદકાર્યેષ્વિહ ન પ્રવર્તતે ।
ઇહાઽપ્યમુત્રાઽપ્યનુબન્ધદોષવિત્
કથં સુખે સંસજતીતિ ચાઽબ્રવીત્ ॥ ૪ ॥

અર્થ :—વળી આપે જગતને એ પણ બતાવ્યું કે અનુબંધ દોષથી પરમ આસક્તિનેવશ વિષય સેવનનો અતિ લોલુપી જીવ પણ આ લોકમાં જો રાજા તરફના દંડ આદિ સજાના ભયથી અકાર્ય



જેવાં કે પર સ્ત્રી સેવન વગેરે કુકર્મોની પ્રવૃત્તિ કરતો નથી તોપછી જો જીવ આલોક અને પરલોકમાં વિષય આસક્તિના દોષથી ઉત્પન્ન થતાં ભયંકર દુઃખોના પરિણામને જો યથાર્થ જાણી લીએ તો તે જીવ વિષય સુખમાં આસક્ત કેમ બને! ન જ બને. મોહાસક્તિથી આલોક અને પરલોક સંબંધીના ભયંકર ફળનો જે સ્પષ્ટ જ્ઞાન-અનુભવ થવો નહિ એ જ વિષયસુખ પ્રત્યેની રૂચિનું ખરૂં ચિહ્ન છે. અર્થાત્ અનુબંધરૂપી આસક્તિના દોષોને જાણવા જોઈએ; એવું હે જિનેન્દ્ર! આપે જગતને બતાવ્યું.

સ ચાનુબન્ધોઽસ્ય જનસ્ય તાપકૃત્
તૃષોઽભિવૃદ્ધિ: સુખતો ન ચ સ્થિતિ: ।
ઇતિ પ્રભો! લોક-હિતં યતો મતં
તતો ભવાનેવ ગતિ: સતાં મત: ॥ ૫ ॥ (૨૦)

અર્થ :—અનુબંધરૂપી એ આસક્તિ તથા તે વડે વિષયભોગથી ઉત્પન્ન થનાર તૃષ્ણાની અભિવૃદ્ધિ એમ ઉત્તરોત્તર વિષયભોગની આકાંક્ષા એ સર્વ, લોલુપી જીવને માટે સંતાપજનક અને દુઃખદાયી છે; ઇષ્ટવસ્તુ નહિ મળવાથી તેની પ્રાપ્તિ માટે દૂર દૂર જતાં સ્વરક્ષણ આદિ વ્યવસ્થા માટે માત્ર સંતાપની જ પરંપરાનો વધારો થાય છે. અર્થાત્ જેમાં માત્ર દુઃખની જનની-ચિંતા અને વ્યાકુળતાઓથી જ તે સદા ઘેરાયેલો રહે છે. એમ સંતાપની જ પરંપરાથી સદા ઘેરાયેલા જીવને જે અલ્પ જેવી ઇન્દ્રિયવિષયભોગોના સુખની સામગ્રી મળી હોય તેનાથી તેને શાન્તિનો અનુભવ થતો નથી-ઉલ્ટો સંતાપ વધે છે, આમ લોકહિતને જ બતાવનારો આપનો મત-આપનું શાસન છે. માટે હે શ્રી અભિનંદન જિન! આપ જ જગતને શરણરૂપ છો એમ સત પુરુષોએ-મુક્તિના ઇચ્છક વિવેકી જીવોએ-સ્વીકાર્યું છે. (અને અમે પણ એ જ શરણું સ્વીકારીએ છીએ.) ૫. (૨૦)

—૦—

# (૫) શ્રી સુમતિજિન-સ્તવન

અન્વર્થસંજ્ઞઃ સુમતિર્મુનિસ્ત્વં
સ્વયં મતં યેન સુયુક્તિ-નીતમ્ ।
યતશ્ચ શેષેષુ મતેષુ નાસ્તિ
સર્વ-ક્રિયા-કારક-તત્ત્વ-સિદ્ધિઃ ॥ ૧ ॥

અર્થ :—હે સુમતિ જિન–મહામુનિ! આપની શ્રેષ્ઠ, સુશોભિત, સુમતિ આપના નામની યથાર્થ સૂચક છે–આપને નામ તેવા ગુણો છે; કેમકે કોઈના ઉપદેશ વિના–સ્વયં જ–આપે "સુયુક્તિનીત" તત્ત્વને અર્થાત્ અનેકાન્તાત્મક વસ્તુતત્ત્વને માન્ય રાખેલ છે–અંગીકાર કરેલ છે, કે જે અબાધિત, અભંગ, યુક્તિઓ વડે પ્રણીત છે અને પ્રતિષ્ઠિત છે. વળી આપના તે અનેકાન્તાત્મક મતથી અન્ય જે જે સર્વ એકાંત મતો છે તેમાં સંપૂર્ણ ક્રિયાઓ, કર્ત્તા–કર્મ–કરણ આદિ છ કારકોરૂપી (સ્વતંત્ર) તત્ત્વની સિદ્ધિ–ઉપલબ્ધિ અને જ્ઞપ્તિ સિદ્ધ થઈ શકતી નથી. ૧.

હવે સુયુક્તિનીત તત્ત્વની સ્પષ્ટતા કરે છે.

અનેકમેકં ચ તદેવ તત્ત્વં
ભેદાન્વયજ્ઞાનમિદં હિ સત્યમ્ ।
મૃષોપચારોઽન્યતરસ્ય લોપે
તચ્છેષલોપોઽપિ તતોઽનુપાખ્યમ્ ॥ ૨ ॥ (૨૨)

અર્થ :—સુયુક્તિનીત વસ્તુતત્ત્વ ભેદ–અભેદ જ્ઞાનનો વિષય છે, જે એક–અનેકરૂપ છે. ભેદજ્ઞાનમાં પર્યાયદૃષ્ટિથી જોતાં જે અનેકરૂપ છે એ જ અભેદજ્ઞાનમાં દ્રવ્યદૃષ્ટિથી જોતાં એકરૂપ છે એવું ભેદાભેદ વસ્તુસ્વરૂપનું જ્ઞાન એ જ યથાર્થ જ્ઞાન છે–પ્રમાણજ્ઞાન છે. જીવ જો તેમાં એકને જ સત્ય માને અને બીજાને ઉપચાર ને મિથ્યા માને



તો તે જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. કેમકે તે બંનેમાં પરસ્પર અવિનાભાવનો સંબંધ હોવાથી એમાંથી કોઈ એકનો અભાવ માનતાં બીજાનો પણ અભાવ થઈ જાય છે. એમ બન્નેના અભાવ થતાં વસ્તુતત્ત્વ વાચ્ય રહેતું નથી–નિઃસ્વભાવી બની જાય છે. અર્થાત્ તેથી વસ્તુનું સ્વરૂપ એકરૂપે સિદ્ધ થતું નથી તેમજ અનેકરૂપે પણ રહેતું નથી. જો સ્વભાવનો અભાવ થતો હોય તો વસ્તુનું કોઈ સ્વરૂપ કહી શકાય નહિ તેથી તે નિર્વચનીય ઠરતાં વ્યવહારનો સર્વથા લોપ સિદ્ધ થાય. (જે યોગ્ય નથી).

સતઃ કથંચિત્તદસત્વ-શક્તિઃ
ખે નાસ્તિ પુષ્પં તરુષુ પ્રસિદ્ધમ્ ।
સર્વ-સ્વભાવ-ચ્યુતમપ્રમાણમ્
સ્વ-વાગ્વિરુદ્ધં તવ દૃષ્ટિતોઽન્યત્ ॥ ૩ ॥ (૨૩)

અર્થ :—જે સત્ છે અર્થાત્ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવથી અસ્તિરૂપ મૌજૂદ છે તેને કથંચિત અસત્ શક્તિ પણ છે. પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવની અપેક્ષાએ તે અસત છે. જેમકે પુષ્પો વૃક્ષની ઉપર તો અસ્તિરૂપે પ્રસિદ્ધ છે પરંતુ આકાશની અપેક્ષાએ તેમાં પુષ્પ નાસ્તિરૂપે અસત્ છે. પુષ્પ વસ્તુ જો "સર્વથા સતરૂપે હોય" તો તે સર્વત્ર આકાશમાં પણ હોય; અથવા જો સર્વથા અસતરૂપે હોય તો વૃક્ષની ઉપર પણ તેનો અભાવ માનવો પડે, પરંતુ તેમ માનવું કે કહેવું તે યથાર્થ નથી કેમકે પ્રતીતિમાં તે વિરૂદ્ધ ઠરે છે. માટે એમ સાબિત થયું કે વસ્તુતત્ત્વ કથંચિત સતરૂપ અને કથંચિત્ અસતરૂપ છે. સ્વદ્રવ્ય આદિ ચતુષ્ટયની અપેક્ષાએ જ્યાં તે સત્‌રૂપે છે ત્યાં જ તે પરદ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ અસતરૂપ પણ છે. કોઈપણ પદાર્થની સિદ્ધિ જ્યાંસુધી તેમાં પરરૂપનો નિષેધ કરવામાં ન આવે ત્યાંસુધી થતી નથી. આમ્રફળ (કેરી)ને આપણે અનાર–સંતરા કે અંગુર કેમ કહેતા નથી? એનું કારણ એ છે કે તેમાં અનારપણું, સંતરાપણું કે અંગુરપણું નથી. આમ્રફળ પોતે

જ પોતામાં અન્ય સર્વ રૂપોના પ્રતિષેધરૂપે છે. જો કોઈ પદાર્થ પોતામાં પરરૂપપણાનો પ્રતિષેધક ન હોય તે પદાર્થ સ્વસ્વરૂપનો પ્રસ્થાપક પણ બની શકે નહિ. એ રીતે પ્રત્યેક પદાર્થમાં અસ્તિત્વ અને નાસ્તિત્વ એ બન્ને ધર્મો એક સાથે રહેલા છે; અને તે પણ પરસ્પર અવિનાભાવે રહેલાં છે-એક વિના બીજાનું અસ્તિત્વ સિદ્ધ થતું નથી. જો વસ્તુતત્ત્વને સ્વભાવથી સર્વથા ન્યૂન થતું-ચ્યુત થતું માનવામાં આવે તો તેમાં અસ્તિત્વ, નાસ્તિત્વ, એકત્વ, અનેકત્વ, આદિ ધર્મોનો અભાવ સ્વીકારવો જોઈએ; પરંતુ તેવું તો અપ્રમાણ ઠરે છે કેમકે તેથી તત્ત્વની કોઈ વ્યવસ્થા ટકતી નથી. માટે હે શ્રી સુમતિ જિન! આપની દૃષ્ટિમાં જીવ આદિ સર્વ પદાર્થ કથંચિત સત અને અસતરૂપે અનેકાન્તાત્મક છે. એ દૃષ્ટિથી ભિન્ન જે જે અન્ય સત્ત્વ, અદ્વૈત, લક્ષણ, અથવા એકાન્ત શૂન્ય સ્વભાવરૂપ એકાન્ત મત છે તે સ્વવચન વિરૂદ્ધ ઠરે છે. પ્રમાણને બતાવનાર (-પ્રમાણની સત્તા સ્વીકારનાર)ને એકાંતમતના પ્રતિપાદનમાં "મારી માતા વાંઝણી છે" એવા વચનની માફક સ્વવચન વિરૂદ્ધની ઉત્પતિ થતાં સત્ત્વ અદ્વૈતમાં દ્વૈતની આપત્તિ આવે છે. અર્થાત અદ્વૈતપણાનો ભંગ થાય છે, અથવા શૂન્યત્વ એકાંતવાદીને પ્રમાણનું અસ્તિત્વ સ્વીકારવાથી સર્વથા શૂન્યતાની સિદ્ધિ થતી નથી. તેમાં ભંગ પડે છે-વળી જો પ્રમાણનું અસ્તિત્વ સ્વીકારવામાં આવે નહીં તો સ્વપક્ષનું સાધન અને પરપક્ષનું દૂષણ સિદ્ધ થતાં નથી આ પ્રમાણે તેઓના તે તે મત નિરાધાર ઠરે છે.

> ન સર્વથા નિત્યમુદેત્યપૈતિ
> ન ચ ક્રિયા-કારકમત્ર યુક્તં ।
> નૈવાઽસતો જન્મ સતો ન નાશો
> દીપસ્તમઃ પુદ્ગલભાવતોઽસ્તિ ॥ ૪ ॥

અર્થ:—વસ્તુ તત્ત્વ જો દ્રવ્ય પર્યાય બંને રૂપથી સર્વથા નિત્ય હોય તો તેમાં ઉદય-અસ્તની પ્રાપ્તિ બની ન શકે. તેમાં ઉત્તર



આકારના સ્વીકારરૂપ ઉત્પાદની અને પૂર્વ આકારના પરિહારરૂપ વ્યયની સ્થિતિ સંભવી શકતી નથી. અર્થાત્ તેનાં ક્રિયા-કારકની વ્યવસ્થા બની શકતી નથી. ચાલવું, સ્થિર થવું કે જીર્ણ થવું વગેરે કોઈપણ પ્રકારની ક્રિયારૂપ પરિણમન તેમાં સિદ્ધ થતું નથી, તેથી કર્તા, કર્મ, કરણ આદિ કોઈ કારક જ બની શકતાં નથી. અને તેથી નિત્ય, સર્વથા અટલ, અપરિણામીરૂપ એકપણું સિદ્ધ થાય છે જે અસંભવિત છે કેમકે જે સર્વથા અસત્ છે તેનો કદી ઉત્પાદ કે વ્યય થાય નહિ. (અહીં કદાચ પ્રશ્ન થાય કે દીવાના પ્રત્યક્ષ પ્રકાશનો તેને બુઝાવી દેવાથી નાશ થાય છે એ રીતે સત્‌નો નાશ થયો મનાય કે નહિ? તેનો ઉત્તર એ છે કે) દીવો બુઝાતા તેનો સર્વથા નાશ થતો નથી પરંતુ તે સમયે તે અંધકારરૂપ પુદ્‌ગલ પર્યાયને ધારણ કરી, પોતાનું અસ્તિત્વ ટકાવીને રહેલ છે. પ્રકાશ અને અંધકાર એ બંને પુદ્‌ગલની પર્યાયો છે. એક પર્યાયના અભાવમાં બીજી પર્યાયનો સદ્‌ભાવ વર્તે છે એમ તેનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. અર્થાત્ વસ્તુતત્ત્વનો સર્વથા અભાવ થઈ શકતો નથી.

> વિધિર્નિષેધશ્ચ કથંચિદિષ્ટૌ
> વિવક્ષયા મુખ્ય-ગુણ-વ્યવસ્થા ।
> ઇતિ પ્રણીતિઃ સુમતેસ્તવેયમ્
> મતિ-પ્રવેકઃ સ્તુવતોઽસ્તુ નાથ ! ॥ ૫ ॥ (૨૫)

અર્થ:—વાસ્તવિક રીતે વિધિ અને નિષેધ-અસ્તિત્વ અને નાસ્તિત્વ એ બંને ભાવ કથંચિત રૂપે ઇષ્ટ છે-માન્ય છે પરંતુ સર્વથારૂપે માન્ય નથી. અપેક્ષા વડે તેમાં મુખ્ય-ગૌણની વ્યવસ્થા રહેલી છે. જેમકે:—જ્યારે દ્રવ્યદૃષ્ટિથી નિત્યપણું મુખ્યપણે હોય ત્યારે પર્યાય દૃષ્ટિથી તેમાં અનિત્યપણું ગૌણપણે હોય છે એવી રીતે જ્યારે વસ્તુ તત્ત્વમાં પર્યાયદૃષ્ટિના વિષયભૂત અનિત્યપણું મુખ્યપણે હોય ત્યારે દ્રવ્યદૃષ્ટિના વિષયભૂત નિત્યપણું ગૌણપણે રહેલ છે, આ રીતે હે શ્રી સુમતિનાથ જિનેન્દ્ર! તત્ત્વનું પ્રતિપાદન કરવાની

આપની શૈલી છે, જેના ઉલ્લાસથી આપની સ્તુતિ કરનાર હું આપનો ઉપાસક છું-સ્તોતા છું-અને મારી મતિ ઉત્કૃષ્ટતાને પામી પૂર્ણતાને પ્રાપ્ત થાય એ જ પ્રાર્થના છે.

ભાવાર્થ:—અહીં શ્રી સમન્તભદ્ર આચાર્ય ભગવંતે જિનેન્દ્ર શ્રી સુમતિનાથના સ્તવનમાં મતિ પ્રવેક અર્થાત્ મતિમાં ઉત્કૃષ્ટપણું હો એવી ભાવના લક્ષમાં રાખી સ્તુતિ કરેલ છે. મારા આત્મામાં જ્ઞાન ઉત્કૃષ્ટનો વિકાસ થાઓ તે ભાવના ભાવી છે અને તે એમ જ યોગ્ય છે. જેને જેવા થવું હોય તે તેવા ગુણ વિશિષ્ટ પુરુષની ઉપાસના કરે છે કેમકે ઉપાસના એક એવી શક્તિ છે કે તેથી ભવ્ય જીવ તેવા સ્વરૂપને પામે છે. જેમ તેલ વડે ભીંજાયેલી વાટ દીવાની ઉપાસનાથી એટલે કે દીવારૂપે પરિણમવા જ્યારે પૂર્ણ તન્મયપણે દીપકને આલિંગન કરે છે ત્યારે તે ભિન્ન સ્વરૂપે હોવા છતાં દીવારૂપે પરિણમી જાય છે અને સ્વયં તે વાટ દીપશિખા (દીવો) બની જાય છે. ૫. ૨૫

—૦—

## (૬) શ્રી પદ્મપ્રભજિન-સ્તવન

પદ્મપ્રભઃ પદ્મ-પલાશ-લેશ્યઃ
પદ્માલયાઽઽલિંગિતચારુમૂર્તિઃ ।
બભૌ ભવાન્ ભવ્ય-પયોરુહાણાં
પદ્માકરાણામિવ પદ્મ-બન્ધુઃ ॥ ૧ ॥

અર્થ:—સફેદ કમળપત્રની પ્રભા જેવી શુકલલેશ્યાના ધારક તથા લાલ કમળ પત્ર જેવી દ્રવ્યલેશ્યા એ લાલ વર્ણે દેહના ધારક, એમ બંને કમળ પત્રો સમાન પ્રભાના ધારક અર્થાત્ તેવી નામ સંજ્ઞાના ધારક હે શ્રી પદ્મપ્રભ જિનેન્દ્ર! આપની આત્મસ્વરૂપી મૂર્તિ તથા દેહસ્વરૂપી મૂર્તિ પદ્મજ્ઞતા છે અર્થાત્ લક્ષ્મી વડે આલિંગિત છે આપે આત્મસ્વરૂપી મૂર્તિને અનંત જ્ઞાનાદિ લક્ષ્મી વડે અને દેહ-



સ્વરૂપી મૂર્તિને ૧૦૦૮ ઉત્તમ લક્ષણો વડે જેમકે નિઃસ્વેદ આદિ લક્ષણો વડે દઢતાથી આલિંગન કર્યું છે. એમ બંને પ્રકારની આપની મૂર્તિ તેવી બંને પ્રકારની લક્ષ્મી વડે સુશોભિત રીતે, તન્મયતાને પ્રાપ્ત થયેલ છે; તથા જેમ કમળોના સમૂહને વિકસીત કરી પ્રકાશતો સૂર્ય પ્રગટ થાય છે તેમ આપ ભવ્યજીવરૂપી કમળોને આત્મવિકાસની પ્રાપ્તિમાં સુશોભિતપણે પ્રકાશી રહ્યાં છો.

બભાર પદ્માં ચ સરસ્વતીં ચ
ભવાન્ પુરસ્તાત્પ્રતિમુક્તિલક્ષ્મ્યાઃ ।
સરસ્વતીમેવ સમગ્ર-શોભાં
સર્વજ્ઞ-લક્ષ્મી-જ્વલિતાં વિમુક્તઃ ॥ ૨ ॥

અર્થ:—અર્હંત અવસ્થાને પ્રાપ્ત થયાં પહેલાં આપે લક્ષ્મી અને સરસ્વતી એ બંનેને ધારણ કરેલ તે સમયે ગૃહ અવસ્થામાં આપ મનોવાંછિત ધન આદિ સંપદાના સ્વામી હતા-આપને ત્યાં અખૂટ લક્ષ્મીના ભંડાર હતા. તે સાથે આપ અવધિજ્ઞાન આદિ આત્મિકલક્ષ્મી વડે પણ વિભૂષિત હતા અને સરસ્વતી તો આપના કંઠાગ્રે વસી હતી. ત્યારબાદ તે અવસ્થાથી વિમુક્ત થઈ જીવન મુક્ત એવી અર્હંત દશાને પ્રાપ્ત થયાં ત્યારે આપે પૂર્ણ સુશોભિત સરસ્વતીરૂપે દિવ્યવાણીને ધારણ કરી કે જે સદા સર્વજ્ઞ લક્ષ્મી વડે પ્રકાશિત હતી. એ સમયે આપની સમક્ષ દિવ્યવાણીરૂપી સરસ્વતીની જ મુખ્યતા હતી જે વડે આપે સમસ્ત જગતને કલ્યાણનો માર્ગ પ્રકાશ્યો હતો.

શરીર-રશ્મિ-પ્રસરઃ પ્રભોસ્તે
બાલાર્ક-રશ્મિચ્છવિરાઽઽલિલેપ ।
નરાઽમરાઽઽકીર્ણ-સભાં પ્રભા વા
શૈલસ્ય પદ્માભમણેઃ સ્વસાનુમ્ ॥ ૩ ॥

અર્થ:—જેમ પદ્મરાગમણિવાળા પર્વતની કાન્તિ તેના કિનારાના સર્વ ભાગમાં ફેલાઈને પ્રસરે છે તેમ હે શ્રી પદ્મપ્રભ જિન!

પ્રાતઃકાળના સૂર્યના કિરણોની છબી જેવા લાલવર્ણના પ્રકાશવાળા આપના શરીરના કિરણોનો ફેલાવો મનુષ્ય તથા દેવોથી વ્યાપ્ત સમવસરણ સભામાં વ્યાપીને પ્રકાશી રહ્યો છે.

નભસ્તલં પલ્લવયન્નિવ ત્વં
સહસ્રપત્રાऽમ્બુજ-ગર્ભચારૈઃ
પાદાऽમ્બુજૈઃ પાતિત-માર-દર્પો
ભૂમૌ પ્રજાનાં વિજહર્થ ભૂત્યૈ? ॥ ૪ ॥

અર્થ :—હે શ્રી પદ્મપ્રભદેવ! આપે કામદેવના અહંકારના ચુરેચુરા કરી નાંખ્યા તેમજ એક હજાર પાંખડીના કમળના મધ્યભાગ ઉપર ચરણ ધરીને વિહાર કરતાં આપના બન્ને ચરણકમળો વડે આકાશના પ્રદેશમાં જાણે તે કમળ જેવા શોભી રહ્યા હોય એ રીતે આપે જીવોના આત્મકલ્યાણને માટે, તેમને હેય-ઉપાદેયના વિવેકને જાગૃત કરવાને માટે, આર્યક્ષેત્રમાં મંગળ વિહાર કર્યો હતો.

ગુણામ્બુધેર્વિપ્રુષમપ્યજસ્ય
નાऽऽખંડલઃ સ્તોતુમલં તવર્ષેઃ ।
પ્રાગેવ માદૃક્કિમુતાऽતિભક્તિ-
ર્માં બાલમાલાપયતીદમિત્થમ્ ॥ ૫ ॥ (૩૦)

અર્થ :—હે ઋષિશ્વર! આપ અજ છો-પૂનર્જન્મથી રહિત છો-આપના ગુણસાગરની અંશમાત્ર પણ સ્તુતિ કરવાને માટે ઇન્દ્ર પણ જો સમર્થ થઈ શકયા નથી તોપછી મરા જેવો અશક્ત પ્રાણી આપની સ્તુતિ કરવાને કેમ સમર્થ બની શકે? ન જ બની શકે. આમ છે છતાં આપના પ્રત્યેની મારી જે પરમભક્તિ છે તે આપના આ બાળકને (મને) જો કે હું સ્તુતિના વિષયમાં અશક્ત છું તોપણ આપ આવા છો અને આપ તેવા છો તેવા પ્રકારે પ્રલાપ કરી સ્તુતિ કરવાને પ્રેરે છે જેથી આપની સ્તુતિ કરી રહ્યો છું. ૫. ૩૦.

—૦—



# (૭) શ્રી સુપાર્શ્વજિન-સ્તવન

સ્વાસ્થ્યં યદાત્યન્તિકમેષ પુંસાં
સ્વાર્થો ન ભોગઃ પરિભંગુરાત્મા ।
તૃષોऽનુષંગાન્ન ચ તાપશાન્તિ-
રિતીદમાખ્યદ્ ભગવાન્ સુપાર્શ્વઃ ॥ ૧ ॥

અર્થ :—વિભાવ પરિણતીથી રહિત, અનંત જ્ઞાનાદિ ગુણો સહિત, સ્વ આત્મસ્વરૂપમાં જે અવિનાશી સ્થિતિ છે એ જ ભવ્ય આત્માઓને માટે સ્વઅર્થરૂપ, યથાર્થ પ્રયોજન (સ્વાર્થ) છે, ક્ષણભંગુર ઇન્દ્રિય વિષયસુખના ભોગનો જે અનુભવ છે તે સ્વાર્થ (સ્વ-અર્થ) નથી કેમકે તે વડે તો ઉત્તરોત્તર તૃષ્ણાની તથા ભોગ આકાંક્ષાની જે વૃદ્ધિ થતી જાય છે તે શારીરિક અને માનસીક દુઃખોના સંતાપજનક છે તેથી યથાર્થ શાન્તિનો અનુભવ થવા દેતી નથી. એ રીતે સ્વાર્થ અને નિઃસ્વાર્થનું યથાર્થ સ્વરૂપ આપ શોભનીક શ્રી સુપાર્શ્વ જિને એટલે કે સુંદર દેહના અંગોના ધારકને તેવા અન્વર્થક નામ સંજ્ઞાના ધારક—આપ ભગવંતે જ બતાવ્યું.

અજંગમં જંગમ-નેય-યન્ત્રમ્
યથા તથા જીર-ધૃતં શરીરમ્ ।
બીભત્સુ પૂતિ ક્ષયિ તાપકં ચ
સ્નેહો વૃથાऽત્રેતિ હિતં ત્વમાખ્યઃ ॥ ૨ ॥

અર્થ :—જેમ જડ યન્ત્ર સ્વયં કોઈ કાર્યની પ્રવૃત્તિ કરી શકે નહિ પરંતુ જંગમ પુરુષ વડે તેને ચલાવી શકાય છે એ રીતે જીવને પ્રાપ્ત થયેલ આ દેહ જડ છે અને તે બુદ્ધિપૂર્વકના વ્યાપારથી રહિત છે પરંતુ પુરુષની પ્રેરણાથી જડ (દેહ) તેના સ્વવ્યાપારમાં પ્રવૃત્ત થાય છે. વળી દેહ તો બિભસ્ત, ઘૃણાત્મક, દુર્ગંધથી ભરેલો, નાશવંત

છે અને જીવને દુ:ખના આતાપનું કારણ છે તેથી તેવા દેહમાં પ્રીતિ રાખી અનુરાગની વૃદ્ધિ કરવી તે વૃથા છે. દેહ વડે કાંઈપણ આત્મ-કલ્યાણની પ્રાપ્તિ થઈ શકતી નથી એવો હિતકારક સમ્યક્બોધ હે શ્રી સુપાર્શ્વ જિન! આપે જ આપ્યો.

(આપની પાસેથી તેવો આત્મકલ્યાણનો સુબોધ મળવા છતાં સંસારી જીવોને સ્વહિત માટે પ્રવૃત્તિ કેમ નથી થતી તેનો ઉત્તર આપે છે.)

અલંધ્યશક્તિર્ભવિતવ્યતેયં
હેતુ-દ્વયાઽઽવિષ્કૃત-કાર્ય-લિંગા ।
અનીશ્વરો જન્તુરહંક્રિયાર્ત્તઃ
સંહત્ય કાર્યેષ્વિતિ સાધ્વવાદીઃ ॥ ૩ ॥

અર્થ:—આપે વળી એ પણ બતાવ્યું કે અંતર અને બાહ્ય સ્વરૂપ ઉપાદાન અને નિમિત્તવાળા હેતુદ્વય કારણોના અનિવાર્ય સંયોગથી ઉત્પન્ન થનારૂં કાર્ય જ એટલે ભવિતવ્યતા જેનું લક્ષણ છે તે ભવિતવ્યતા, તેનું ઉલ્લંઘન ન કરી શકાય તેવી એક અલંધ્ય શક્તિ છે જે ટાળી શકાય તેમ નથી. એ શક્તિમાં નિરપેક્ષ રહેનાર (ઉપેક્ષા કરનાર) અહંકારથી દુ:ખી થઈને યંત્ર, મંત્ર, તંત્ર આદિ અનેક સહકારી સાધનો મેળવીને પણ સંસારી જીવો તેના ફળસ્વરૂપ સુખની પ્રાપ્તિ કરી શકતા નથી જેથી અસહાય બની માત્ર અહંકાર-રૂપ સંતાપને જ અનુભવે છે. એમ વસ્તુસ્વરૂપ આપે બતાવ્યું.

બિભેતિ મૃત્યોર્ન તતોઽસ્તિ મોક્ષો
નિત્યં શિવં વાંછતિ નાઽસ્ય લાભઃ ।
તથાઽપિ બાલો ભય-કામ-વશ્યો
વૃથા સ્વયં તપ્યત ઇત્યવાદીઃ ॥ ૪ ॥

અર્થ:—વળી આપે એ પણ બતાવ્યું કે સંસારી પ્રાણી મૃત્યુથી ડરે છે પણ એ અલંધ્ય શક્તિ—ભવિતવ્યતા—વશ મૃત્યુથી છૂટી



શકતો નથી. વળી નિત્ય કલ્યાણની જ—નિર્વાણની જ—ઇચ્છા રાખે છે પરંતુ ભવિષ્યની એ અલંધ્ય શક્તિ વશ તે લાભની પ્રાપ્તિ થતી નથી. અર્થાત્ નિર્વાણની પ્રાપ્તિ થતી નથી, આવું છે છતાં મૂઢ પ્રાણી ભય અને ઇચ્છાને વશ થઈ સ્વયં વૃથા દુ:ખના જ અનુભવથી સંતપ્ત રહે છે અર્થાત ભય કે ઇચ્છા માત્રથી કાંઈ બનતું નથી પરંતુ માત્ર દુ:ખ જ અનુભવવું પડે છે એ પણ આપે જગતના જીવોને બતાવ્યું.

સર્વસ્ય તત્ત્વસ્ય ભવાન્ પ્રમાતા
માતેવ બાલસ્ય હિતાઽનુશાસ્તા ।
ગુણાઽવલોકસ્ય જનસ્ય નેતા
મયાઽપિ ભક્ત્યા પરિણૂયતેઽદ્ય ॥ ૫ ॥ (૩૫)

અર્થ:—આપ સમસ્ત જીવાદિ વિશ્વ તત્ત્વોના સંશય રહિત જ્ઞાતા—પ્રમાતા છો. જેમ માતા બાળકને સારી હિતકર શિખામણ આપે, તેમ હેય—ઉપાદેયના જ્ઞાન રહિત બાળક જેવા સંસારી જીવોને હિતનો—મોક્ષનો અર્થાત્ મોક્ષના ઉપાય સમ્યગ્દર્શન—સમ્યગ્જ્ઞાન આદિ સાધનનો હિતકારી ઉપદેશ આપે આપ્યો તેથી આપ ગુણાનુરાગી, ગુણના જ વાંછક એવા ભવ્ય જીવોના નેતા છો, તેઓને બાધક કારણોથી છોડાવી અનંત જ્ઞાન-દર્શન આદિ આત્મિય ગુણોની પ્રાપ્તિ કરાવનાર અને તે ગુણોના માર્ગદર્શક આપ જ છો જેથી હું પણ આ સમયે ભક્તિપૂર્વક આપની સ્તુતિ કરવાને ઉદ્યત થયો છું. આપ મારા પણ નેતા છો. આપના સત્ શાસનના પ્રતાપે મને આત્મિય ગુણોની ઉપલબ્ધિનો—મોક્ષનો માર્ગ પ્રાપ્ત થયો છે. તે કારણે હું અત્રે આપની સ્તુતિ-ભક્તિ કરી રહ્યો છું. ૫-૩૫.

# (૮) શ્રી ચંદ્રપ્રભજિન-સ્તવન

ચન્દ્રપ્રભં ચન્દ્ર-મરીચિ-ગૌરં
ચન્દ્રં દ્વિતીયં જગતીવ કાન્તમ્ ।
વન્દેऽભિવન્દ્યં મહતામૃષીન્દ્રમ્
જિનં જિત-સ્વાન્ત-કષાય-બન્ધમ્ ॥ ૧ ॥

અર્થ:—ચંદ્રમાના ધવલ કિરણો જેવા ગૌર વર્ણના શરીરવાળા આ સંસારમાં બીજા ચન્દ્રમા સમાન પ્રકાશવંત ચંદ્ર એવા સાર્થક નામ સંજ્ઞાના ધારક જિનરાજશ્રી ચંદ્રપ્રભુ ભગવંતને હું વંદન કરૂં છું. તે ભગવંતે અંતરંગ ક્રોધાદિ કષાયોના બંધનને સર્વથા જીતી તેનો નાશ કરી પરમ વીતરાગપદની પ્રાપ્તિ કરી છે. તેમજ ઋષિ-ધારક મુનિઓ શ્રી ગણધરદેવ આદિ મહાત્માઓના જે વંદનીય સ્વામી છે એવા શ્રી જિનચંદ્ર પ્રભુને હું વંદન કરૂં છું.

યસ્યાંગ-લક્ષ્મી-પરિવેશ-ભિન્નં
તમસ્તમોરેરિવ રશ્મિભિન્નમ્ ।
નનાશ બાહ્યં બહુ માનસં ચ
ધ્યાન-પ્રદીપાऽતિશયેન ભિન્નમ્ ॥ ૨ ॥

અર્થ:—જગતમાં જેમ સૂર્યના કિરણો વડે અંધકાર છિન્ન ભિન્ન થઈ નાશ પામે છે તેમ ભગવંતના શરીરના દિવ્ય પ્રભામંડળ વડે બાહ્ય અંધકારનો અને પરમ શુક્લધ્યાનરૂપી સાતિશય દીપકના તેજ વડે અભ્યંતર અંધકારરૂપી જ્ઞાનાવરણ આદિ કર્મજન્ય અજ્ઞાન અંધકારનો નાશ થઈ જાય છે.

સ્વ-પક્ષ-સૌસ્થિત્ય-મદાऽવલિપ્તા
વાક્સિંહ-નાદૈર્વિમદા બભૂવુઃ ।
પ્રવાદિનો યસ્ય મદાર્દ્રગંડા
ગજા યથા કેસરિણો નિનાદૈઃ ॥ ૩ ॥



અસ્તિપદનો પ્રયોગ નિરર્થક ઠરે છે; અથવા પરરૂપની માફક જ સ્વસ્વરૂપનું પણ નાસ્તિત્વ કહેવું પડશે તેનું સમાધાન આ પ્રમાણે છે કે:—અનેકાન્તાત્મક વસ્તુનું અસ્તિત્વ વગેરે કોઈ એક ધર્મનું પ્રતિપાદન કરવામાં આવે ત્યારે એ જ સમયે તેમાં ગૌણપણે નાસ્તિત્વ વગેરે અન્ય ધર્મનું પ્રતિપાદન થવાની જેને આકાંક્ષા રહે છે એવા આકાંક્ષીનો—સાપેક્ષવાદીનો અથવા તો સ્યાદ્વાદના સ્યાદ્પદનો તે શબ્દની સાથે જે પ્રયોગ થાય છે તે ગૌણપદની અપેક્ષા નહિ રાખવાના નિયમમાં અર્થાત સર્વથા એકાંતવાદીના મતમાં નિશ્ચયપણે બાધારૂપ થાય છે કેમકે સર્વથા એકાંત મતમાં પણ સ્વસ્વરૂપની માફક પરસ્વરૂપનું તેમાં અસ્તિત્વ તેમ જ પરસ્વરૂપની માફક સ્વ-સ્વરૂપનું નાસ્તિત્વ હોય તેવું વિધાન થઈ જાય છે એમ સ્યાદ્પદના પ્રયોગ સાથે તેનો સર્વથાનો નિયમ ચરિતાર્થ થતો નથી માટે શંકાને સ્થાન નથી રહેતું. દ્રવ્યસામાન્યની અપેક્ષાએ વસ્તુ એકરૂપ છે અને એ જ સમયે પર્યાયની અપેક્ષાએ તે વસ્તુ અનેકરૂપ પણ છે એમ સ્યાદ્પદનો ઉચ્ચાર નહિ કરવા છતાં તેમાં તે પદ ગુપ્તપણે રહેલું જ છે.

ગુણ-પ્રધાનાર્થમિદં હિ વાક્યં
જિનસ્ય તે તદ્ દ્વિષતામપથ્યમ્ ।
તતોऽભિવન્દ્યં જગદીશ્વરાણામ્
મમાऽપિ સાધોસ્તવ પાદપદ્મમ્ ॥ ૫ ॥ (૪૫)

અર્થ:—હે શ્રી સુવિધિ જિન! આપનું એ સ્યાદ્પદથી સ્પષ્ટ કહેવાએલ વાક્ય વસ્તુતત્ત્વમાં મુખ્ય અને ગૌણના આશયવાળું છે. અર્થાત્ એ વાક્ય વિવક્ષિત અને અવિવક્ષિત એવા બન્ને ધર્મોને એકસાથે જણાવે છે જેથી તે અભિધેય છે. આપના અનેકાન્તમતનો દ્વેષ રાખનારા જે સર્વથા એકાંત મતવાળા છે તેને માટે એ વાક્ય અપથ્ય અને અનિષ્ઠ છે તથા તેના સિદ્ધાંતથી વિરૂદ્ધ છે કેમકે બન્ને ધર્મોનો એકાંત સ્વીકાર કરવામાં તેમના મતમાં વિરોધ આવે છે એ

મુજબ માત્ર આપે જ તેવા સાતિશય તત્ત્વનું પ્રતિપાદન કર્યું છે કે જેથી હે સાધો! હે જિનેન્દ્ર! આપના ચરણકમળો ઇન્દ્ર, ચક્રવર્તી આદિ આ જગતના શ્રેષ્ઠ પુરુષો વડે વંદનીય છે-મને પણ આપના ચરણો વંદનીય અને પૂજ્ય છે.

—૦—

## (૧૦) શ્રી શીતલજિન-સ્તવન

ન શીતલાશ્ચન્દનચન્દ્રરશ્મયો
ન ગાંગમમ્ભો ન ચ હારયષ્ટયઃ ।
યથા મુનેસ્તેઽનઘ! વાકય-રશ્મયઃ
શમામ્બુગર્ભાઃ શિશિરા વિપશ્ચિતામ્ ॥ ૧ ॥

અર્થઃ—હે નિષ્પાપ, નિર્દોષ શ્રી શીતલ જિન! આપ સાક્ષાત્ જ્ઞાની, મહા મુનિની પ્રશમરસે ભરેલી વાકય રશ્મિ, યથાર્થ અર્થ સ્વરૂપને પ્રકાશનારી વચન કિરણાવલી અર્થાત્ આપની દિવ્યવાણી, સંસાર તાપની શાન્તિ માટે હેય-ઉપાદેય તત્ત્વના વિવેકી ભેદજ્ઞાનીને જેવી શીતલ અને શાન્તિ દાયક થાય છે તેવી ચંદન અથવા ચંદ્રના કિરણો કે ગંગાજળ અથવા તો મોતીનો હાર એ કોઈપણ વસ્તુ શાન્તિ દાયક ને શીતલ થતી નથી. કેમકે ભવ આતાપના દુઃખોને શાન્ત કરવાને માટે તે વસ્તુઓમાંથી કોઈપણ વસ્તુ સમર્થ નથી એમ સાચી સુખ-શાન્તિનું પ્રદાન કરનારા સાર્થક નામધારી એવા હે શ્રી શીતલ જિનેન્દ્ર! આપ જ યથાર્થ સુખ-શાન્તિના દાતા છો.

સુખાઽભિલાષાઽનલ-દાહ-મૂર્ચ્છિતં
મનો નિજં જ્ઞાનમયાઽમૃતાઽમ્બુભિઃ ।
વ્યદિધ્યપસ્ત્વં વિષ-દાહ-મોહિતં
યથા ભિષગ્મન્ત્ર-ગુણૈઃ સ્વ-વિગ્રહમ્ । ૨ ॥



અર્થઃ—જેવી રીતે વૈદ્ય, વિષદાહથી મૂર્છિત એવા દેહધારીને વિષાપહાર મંત્રના ગુણોની અમોઘ શક્તિથી વિષ રહિત કરે છે-મૂર્છા ઉતારે છે-તેવી રીતે હે શ્રી શીતલ જિન! આપે સાંસારિક સુખોની અભિલાષારૂપી અંતર્દાહ વડે ચતુર્ગતિના દુઃખ સંતાપોથી મૂર્છાગત જીવોને કે જેઓ હેય-ઉપાદેયના વિવેકથી રહિત છે તેઓને આપની જ્ઞાનમય અમૃત વાણીના સિંચનથી શાંત કર્યા અને મૂર્છા રહિત કર્યા તેમના પૂર્ણ વિવેકને જાગૃત કરીને તેઓને ઉત્તરોત્તર સંતાપજનક સાંસારિક સુખોની અભિલાષાથી મુક્ત કર્યા.

સ્વ-જીવિતે કામ-સુખે ચ તૃષ્ણયા
દિવા શ્રમાર્ત્તા નિશિ શેરતે પ્રજાઃ ।
ત્વમાર્ય! નક્તં-દિવમપ્રમત્તવા-
નજાગરેવાઽઽત્મ-વિશુદ્ધ-વર્ત્મનિ ॥ ૩ ॥

અર્થઃ—લૌકિકજન જીવનની અને કામભોગોના સુખની આશા-તૃષ્ણાને વશ થઈ રાત્રિ-દિવસ પરિશ્રમ કરે છે. કૃષિ, વેપાર, વાણિજ્ય, સેવા વગેરે કાર્યના ક્લેશથી ખેદ-ખિન્ન રહી દિવસ પસાર કરે છે તથા રાત્રિના સમયે નિદ્રાને વશ થાય છે. તેઓને મુખ્યત્વે આત્મહિત પ્રત્યે બિલકુલ દૃષ્ટિ થતી જ નથી; પરંતુ હે આર્ય શ્રી શીતલજિન! આપ તો અહો રાત્રિ પ્રમાદ વિના આત્માની વિશુદ્ધિના માર્ગમાં જાગૃત રહી, મોહાદિ કર્મોથી મુક્ત થઈ સ્વસ્વરૂપમાં સ્થિર થતાં પૂર્ણ વિકાસને પ્રાપ્ત થયાં તે નિમિત્તે આપ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર વડે મોક્ષમાર્ગના કાર્યમાં સદા જાગૃત રહ્યા હતા. (સાચી શાન્તિના ઇચ્છક જીવોએ આપની માફક અપ્રમત્તપણે રાત્રિ-દિવસ આત્મહિતના કાર્યમાં સાવધાન રહેવું જોઈએ.)

અપત્ય-વિત્તોત્તર-લોક-તૃષ્ણયા
તપસ્વિનઃ કેચન કર્મ કુર્વતે ।
ભવાન્પુનર્જન્મ-જરા-જિહાસયા
ત્રયીં પ્રવૃત્તિં સમધીરવારુણત્ ॥ ૪ ॥

અર્થ:—કેટલાક તપસ્વિઓ પુત્રાદિની, ધનની તથા સ્વર્ગ આદિની તૃષ્ણાથી તેની પ્રાપ્તિ માટે અગ્નિહોત્ર, વગેરે કર્મો કરે છે પરંતુ હે શ્રી શીતલ જિન! આપ સમભાવી છો-પુત્રાદિની તથા લક્ષ્મીની અને ઉત્તરલોકની તૃષ્ણાથી રહિત છો. પુનર્જન્મ, જરાના નાશ માટે મન-વચન-કાયાની પ્રવૃત્તિને રોકીને આપે તેની સ્વચ્છંદ પ્રવૃત્તિ દૂર કરી એમ યોગ પ્રવૃત્તિને આત્માને આધીન કરી, આત્મવિકાસની ઉચ્ચતમ સ્થિતિમાં સ્થિત થઈ યોગ-નિરોધ વડે આપે મનથી-વચનથી અને કાયાથી કોઈપણ કર્મને ઉત્પન્ન થવા દીધું નહિ.

ભાવાર્થ:—મન-વચન-કાયાની પ્રવૃત્તિ તે યોગ અને યોગથી આસ્રવ-બંધની ઉત્પત્તિ થાય જે પુનર્જન્મ-મરણ વગેરે સંસાર પરિભ્રમણના નિમિત્ત છે પરંતુ આપે તો યોગનો નિરોધ કરી-સ્વાધીન કરી-સંસાર પરિભ્રમણથી મુક્ત થવાનો જ પ્રયાસ કર્યો છે પરંતુ અન્ય તપસ્વિઓએ તો સાંસારિક સુખની ઇચ્છાઓને વશ થઈ અગ્નિહોત્ર વગેરે કર્મો કરી સંસાર પરિભ્રમણના જ ઉપાય કર્યાં છે એ પ્રમાણે પરસ્પર બન્નેની પ્રવૃત્તિમાં મહાન અંતર છે.

> ત્વમુત્તમ જ્યોતિરજ: ક્વ નિર્વૃત:
> ક્વ તે પરે બુદ્ધિ-લવોદ્ધવ-ક્ષતા:
> તત: સ્વનિ:શ્રેયસ-ભાવનાપરૈ-
> ર્બુધ-પ્રવેકૈર્જિન! શીતલેડ્યસે ॥ ૫ ॥ (૫૦)

અર્થ:—હે શ્રી શીતલ જિન! ક્યાં આપ ઉત્તમ જ્યોતિ સ્વરૂપ પરમ અતિશયને પ્રાપ્ત કેવળજ્ઞાની દેવ અર્થાત પુનર્જન્મ રહિત-અજન્મા તેમજ સાંસારિક ઇચ્છાઓથી મુક્ત પરમ સુખ-સ્વરૂપે સ્થિત દેવ (એ ક્યાં) અને ક્યાં અન્ય પ્રસિદ્ધ દેવો તથા તપસ્વિઓ કે જે તેમની અંશ-અલ્પ બુદ્ધિના અહંકાર વડે તેઓ નાશ પામે છે અર્થાત સાંસારિક વિષયસુખોમાં આસક્ત બની દુ:ખોને જ પ્રાપ્ત થઈ-આત્મિકસુખથી વિમુખ રહી-પતિત થાય છે. એ માટે સ્વ-હિતની ભાવનાથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર વગેરેના અનુષ્ઠાનના



અર્થ:—જેમ સિંહની ગર્જના સાંભળતાં જ મદ ઝરતા કપોળવાળા મદમસ્ત હાથીઓના મદ ગળી જાય છે-તેઓ મદ રહિત થઈ જાય છે. તેમ ભગવાનની દિવ્યધ્વનિરૂપી સિંહનાદ સાંભળતાં સ્વપક્ષનું અભિમાન ધરાવનાર અર્થાત જે સ્વપક્ષને નિર્બાધ અને અજેય સમજી મદોન્મત્ત બન્યા છે એવા પરવાદીઓના મદ ગળી જાય છે-એકાંતવાદિઓના ગર્વ ઉતરી જાય છે-તેઓ મદ રહિત બની જાય છે.

> ય: સર્વ-લોકે પરમેષ્ઠિતાયા:
> પદં બભૂવાડદ્‌ભુત-કર્મતેજા: ।
> અનન્ત-ધામાડક્ષર-વિશ્વચક્ષુ:
> સમન્તદુ:ખ-ક્ષય-શાસનશ્ચ ॥ ૪ ॥

અર્થ:—પહાડ જેવા કઠોર કર્મોના આવરણને યોગબળથી છેદી વિભેદી આત્મા સાથેનો તેનો બંધ-સંબંધ સદાને માટે સર્વથા તોડીને આપ ભગવંત અદ્‌ભુત કર્મ-તેજ બન્યા છો અર્થાત પરમ શુક્લધ્યાનની અગ્નિવડે સમસ્ત કર્મોને બાળી, ભસ્મીભૂત કરી અનંત તેજરૂપ, અવિનાશી કેવળજ્ઞાન-કેવળદર્શનરૂપી વિશ્વચક્ષુરૂપે સમસ્ત લોકના સર્વે તત્ત્વોના જ્ઞાતા-દૃષ્ટા થતાં આપ ભગવંત જીવોને દુ:ખોના ક્ષયરૂપ મોક્ષતત્ત્વના યથાર્થ ઉપદેષ્ટા બન્યા છો. એવા ગુણોવડે ભગવંત ત્રણ લોકમાં આપ્તપદને એટલે પરમ પરમેષ્ઠિપદને પ્રાપ્ત થયાં હતા.

> સ ચન્દ્રમા ભવ્ય-કુમુદ્વતીનાં
> વિપન્ન-દોષાડભ્ર-કલંક-લેપ: ।
> વ્યાકોશ-વાઙ્-ન્યાય-મયૂખ-માલ:
> પૂયાત્પવિત્રો ભગવાન્મનો મે ॥ ૫ ॥ (૪૦)

અર્થ:—સર્વે રાગાદિ દોષરૂપી મેઘકલંકના આવરણથી રહિત, સુસ્પષ્ટ વચનોથી અર્થાત દિવ્યધ્વનિની રચના વડે સ્યાદ્‌વાદ ન્યાયરૂપી કિરણોના સમૂહવડે ભવ્યજીવરૂપી કુમુદિને વિકસીત કરવાને અપૂર્વ

ચંદ્રમા જેવા પરમ પવિત્ર ભગવંત શ્રી ચંદ્રપ્રભુ મારા મનને પવિત્ર કરો. હું વંદન, કીર્તન, પૂજન, ભજન, સ્મરણ તથા અનુસરણ વડે તેઓશ્રીની આરાધના કરી મારું મન સર્વ રાગાદિ દોષોથી રહિત થઈ પવિત્ર બને એ ભાવના ભાવું છું. પ. ૪૦.

—૦—

# (૯) શ્રી સુવિધિ (શ્રી પુષ્પદન્ત)જિન-સ્તવન

એકાન્તદૃષ્ટિ-પ્રતિષેધિ તત્ત્વં
પ્રમાણ-સિદ્ધં તદતત્સ્વભાવમ્ ।
ત્વયા પ્રણીતં સુવિધે ! સ્વધામ્ના
નૈતત્સમાલીઢ-પદં ત્વદન્યૈઃ ॥ ૧ ॥

અર્થઃ—મોક્ષ પ્રાપ્તિ માટે વિધિ-વિધાન બતાવનાર એવા સાર્થક નામના ધારક, શોભનીક હે શ્રી સુવિધિ જિન ! આપે કેવળજ્ઞાન પ્રકાશ વડે પ્રમાણ-સિદ્ધ-તત્ત્વનું એમ પ્રતિપાદન કર્યું કે તત્ત્વ સત્-અસત્ આદિ સાપેક્ષ અને નિરપેક્ષ સ્વભાવવાળું છે. તથા એકાંતદૃષ્ટિનું તે પ્રતિષેધક છે. પ્રત્યેક તત્ત્વ અનેકાન્તાત્મક છે અને સ્વ સ્વરૂપથી તેમજ પર સ્વરૂપથી સર્વથા સતરૂપે અર્થાત સર્વથા વિધિ-નિષેધ આદિરૂપે કહેનાર એકાંતવાદિનું પ્રતિષેધક છે એવું સમ્યગ્ અનુભૂત પદ એટલે તત્ત્વને અનેકાન્તાત્મકરૂપે પ્રતિપાદન કરનારૂં પદ અર્થાત વસ્તુ સ્વભાવને તત્ત્વ અને અતત્ત્વરૂપ પ્રતિપાદક જે આપનું પદ છે તે આપનાથી ભિન્ન દૃષ્ટિવાળા જે એકાંતવાદી પક્ષ છે તેને તે પદ પ્રાપ્ત થયું નથી.

તદેવ ચ સ્યાન્ન તદેવ ચ સ્યાત્
તથા પ્રતીતેસ્તવ તત્કથંચિત્ ।
નાઽત્યન્તમન્યત્વમનન્યતા ચ
વિધેર્નિષેધસ્ય ચ શૂન્ય-દોષાત્ ॥ ૨ ॥

અર્થઃ—હે શ્રી સુવિધિ જિન ! આપનું એ તત્ત્વ કથંચિત



ભાવરૂપ અને એ જ સમયે કથંચિત્ અભાવરૂપ છે, કેમકે સ્વ-સ્વરૂપ અને પરસ્વરૂપની અપેક્ષાએ તેવા જ સત-અસતપણે અર્થાત ભાવ-અભાવ સ્વભાવરૂપે વસ્તુસ્વભાવની પ્રતીતિ થાય છે. સ્વસ્વરૂપ આદિ સ્વ ચતુષ્ટયરૂપ વિધિ અને પર સ્વરૂપ આદિ પરચતુષ્ટયરૂપ નિષેધ એ બંનેમાં પરસ્પર સર્વથા ભિન્નતા કે અભિન્નતા નથી. કારણ કે સર્વથા ભિન્નતા કે સર્વથા અભિન્નતા માનવાથી શૂન્યતાનો દોષ આવે છે અર્થાત અવિનાભાવ સંબંધનું સ્વરૂપ જે વિધિરૂપ અને પ્રતિષેધરૂપ છે તે બેમાંથી એકનું પણ તે વડે અસ્તિત્વ સિદ્ધ થઈ શકતું નથી અને શંકર દોષ આવે છે એમ પદાર્થની તેમાં કાંઈ વ્યવસ્થા ન રહેતાં પદાર્થના લોપનો પ્રસંગ આવે છે.

નિત્યં તદેવેદમિતિ પ્રતીતે-
ર્ન નિત્યમન્ય-પ્રતિપત્તિ-સિદ્ધેઃ ।
ન તદ્વિરૂદ્ધં બહિરન્તરંગ-
નિમિત્ત-નૈમિત્તિક-યોગતસ્તે ॥ ૩ ॥

અર્થઃ—આ એ જ છે તેવી પ્રતીતિથી વસ્તુતત્ત્વ નિત્ય છે અને એ જ સમયે તેનાથી આ અન્ય છે એમ પ્રતીતિની સિદ્ધિ વડે વસ્તુ તત્ત્વ અનિત્ય પણ છે; માટે એક જ તત્ત્વને એક જ કાળમાં સ્વસ્વરૂપે નિત્ય અને અનિત્ય એમ બે પ્રકારે હોવાનું કહેવું તે આપના મતમાં વિરૂદ્ધ નથી. બાહ્યકારણ જે નિમિત્ત અને અંતરંગકારણ જે ઉપાદાન અને તેથી થયું કાર્ય તે નૈમિત્તિક એ રીતે નિમિત્ત-નૈમિત્તિકનો સંબંધ આપના મતમાં સ્વતંત્રપણે અને યથાર્થ જ પ્રતિપાદન થાય છે. દ્રવ્યરૂપ અંતરંગકારણની અપેક્ષાથી તત્ત્વ નિત્ય છે અને પર્યાયરૂપ કાર્યની અપેક્ષાથી [ તેની સાથે ક્ષેત્રાદિરૂપ ( દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ ) બાહ્ય કારણોની અપેક્ષાએ ] એ જ તત્ત્વ અનિત્યપણ છે.

અનેકમેકં ચ પદસ્ય વાચ્યં
વૃક્ષા ઇતિ પ્રત્યયવત્પ્રકૃત્યા ।

આકાંક્ષિણઃ સ્યાદિતિ વૈ નિપાતો
ગુણાડનપેક્ષે નિયમેડપવાદઃ ॥ ૪ ॥

અર્થ :—શબ્દનું વાચ્ય સ્વભાવથી એક અને અનેક એમ બે રૂપે હોય છે. સામાન્ય-વિશેષ અને દ્રવ્ય પર્યાયરૂપ છે તેમાં અભેદની વિવક્ષાથી એકરૂપ અને ભેદની વિવક્ષાથી અનેકરૂપ એવા અર્થનું જ્ઞાન થાય છે. જેમકે વૃક્ષો એ શબ્દનું વાચ્ય અનેક વૃક્ષોને જણાવે છે, તેમાં સામાન્યરૂપે વૃક્ષો અને વિશેષરૂપે વૃક્ષોનું ભેદજ્ઞાન જણાવે છે. વૃક્ષત્વ એટલે વૃક્ષપણું-વૃક્ષની જાત, એ અપેક્ષાએ સામાન્ય ધર્મ અને વૃક્ષ વિશેષથી વૃક્ષોમાં આંબો, અનાર, સીસમ, જાંબુ આદિ વૃક્ષ તે વિશેષ ધર્મ એ રીતે એક-અનેકરૂપ વાચ્ય પ્રત્યેક તત્ત્વમાં સામાન્ય અને વિશેષરૂપ બે ધર્મોને જણાવે છે, તેમાં જ્યારે જેની વિવક્ષા હોય તે મુખ્યધર્મ અને બીજા ગૌણધર્મ રહેલાં છે; પરંતુ તેથી તેના કોઈ એક ધર્મનો નાશ થતો નથી કોઈ પ્રસંગે ગૌણધર્મ મુખ્ય હોય છે. એમ બન્ને ધર્મો એક સમયે એકસાથે રહ્યાં છે. ઉદાહરણ—આંબો કહેતાં આંબાપણું મુખ્ય ધર્મ છે પરંતુ તેથી તેમાં વૃક્ષપણાનો ધર્મ ભિન્ન થતો નથી. વળી આંબો કહેતાં આંબાપણું સામાન્ય ધર્મ તેમાં દેશી આંબો, કલમી આંબો, લંગડા-હાફુસ એવા વિશેષ ધર્મો ગૌણપણે તેમાં રહ્યાં છે. વસ્તુતત્ત્વ દ્રવ્ય અને પર્યાયની વિવક્ષતા અથવા તો અવિવક્ષતાથી કહેવામાં આવે છે એક જ વૃક્ષ-સામાન્યની અપેક્ષાએ એકરૂપ છે અને એ જ વૃક્ષ તેના અંકુર આદિ પર્યાયોની અપેક્ષાથી અનેકરૂપ છે. અર્થાત્ જે સમયે જે કહેવામાં આવે તે મુખ્ય અને અન્ય તે ગૌણરૂપે હોય છે. એ પ્રમાણે શબ્દનું વાચ્ય એક-અનેકરૂપ બે પ્રકારનું છે. અહિં એમ શંકા કરવામાં આવે કે જો શબ્દનું વાચ્ય એક-અનેકરૂપ બન્ને પ્રકારે છે તો અસ્તિ કહેતાં તે સાથે નાસ્તિનો પ્રસંગ આવે છે જેથી નાસ્તિપદનો પ્રયોગ નિરર્થક ઠરે છે અને તેથી સ્વસ્વરૂપની માફક પરસ્વરૂપે પણ અસ્તિ ઠરશે એ જ પ્રમાણે નાસ્તિ કહેતાં અસ્તિત્વનો પ્રસંગ આવે ત્યાં



અભ્યાસમાં જ સંપૂર્ણ જાગૃતિવાળા ગણધરદેવ આદિ શ્રેષ્ઠ મહાત્માઓ આપ સર્વજ્ઞદેવની જ પૂજા કરે છે—આપને જ વંદન કરે છે—અને હું પણ આપની જ પૂજા કરૂં છું—આપને જ વંદન કરૂં છું—આપ જ પૂજ્ય આરાધ્યદેવ છે. ૫—૫૦.

—૦—

# (૧૧) શ્રી શ્રેયોજિન-સ્તવન

શ્રેયાન્ જિનઃ શ્રેયસિ વર્ત્મનીમાઃ
શ્રેયઃ પ્રજાઃ શાસદજેયવાક્યઃ
ભવાંશ્ચકાશે ભુવનત્રયેડસ્મિ-
ન્નેકો યથા વીત-ઘનો વિવસ્વાન્ ॥ ૧ ॥

અર્થ:—હે અજેય વાકય-અબાધિત વચન પ્રકાશક-શ્રી શ્રેયાંસ જિન! સંપૂર્ણ કષાયોને, ઇંદ્રિયોને અથવા તો કર્મ શત્રુઓને જીતનાર એવા હે શ્રી શ્રેયાંસ જિનેન્દ્ર! આપ ભવ્ય આત્માઓને મોક્ષમાર્ગે સ્થિત કરતાં જેવી રીતે નિર્મળ આકાશમાં સૂર્ય પ્રકાશે છે તેમ આ ત્રણ લોકમાં આપ એકલાં જ પ્રકાશતાં અત્યંત શોભાને પ્રાપ્ત થયાં છો. વાદળોના આવરણ વિના, નિર્મળ આકાશમાં જેમ સૂર્ય તેના અપ્રતિહત કિરણો વડે અંધકારના સમૂહનો નાશ કરી એકલો જ પ્રકાશે છે અર્થાત દેખવાની શક્તિવાળા-ચક્ષુવાળા જીવોને તેના ઇષ્ટ સ્થાને પહોંચવાને માટે માર્ગદર્શકરૂપ પ્રકાશે છે તેમ જ્ઞાનાવરણ આદિ ઘાતિ ચતુષ્ટય કર્મથી રહિત આપ એકલાં જ અહિં ત્રણ લોકમાં જીવોના અજ્ઞાન અંધકારનો નાશ કરવા સમર્થ હોવાથી આપ આપના અબાધિત વચનો વડે ભવ્ય જીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપતાં અતિ અતિ પ્રકાશી રહ્યાં છો—માર્ગદર્શક છો.

વિધિર્વિષક્ત-પ્રતિષેધરૂપઃ
પ્રમાણમત્રાડન્યતરત્પ્રધાનમ્ ।

ગુણોઽપરો મુખ્ય-નિયામહેતુ-
ર્નયઃ સ દૃષ્ટાન્તસમર્થનસ્તે ॥ ૨ ॥

અર્થઃ—આપના મતમાં સ્વરૂપ આદિ ચતુષ્ટય વડે અસ્તિરૂપ વિધિ જે પ્રમાણનો વિષય હોવાથી પ્રમાણરૂપ છે તે સાથે કથંચિત તાદાત્મ્ય સંબંધની અપેક્ષાએ તે પ્રતિષેધરૂપ પણ છે. અર્થાત્ પરરૂપ આદિ ચતુષ્ટયની અપેક્ષાએ તે નાસ્તિરૂપ પણ છે. એમ એવા એક જ સમયે વિધિ-પ્રતિષેધરૂપે હોવાથી તે એમાંથી કોઈ એકની મુખ્યતા અને બીજાની ગૌણતા રહેલ છે. (વક્તાના અભિપ્રાય મુજબ તેને મુખ્ય-ગૌણ કહેવાય છે જોકે સ્વરૂપે તેમ નથી કેમકે પ્રત્યક્ષ આદિ પ્રમાણમાં વિઘ્ન-વિરોધ-દેખાય છે) વિધિ અને પ્રતિષેધના નિયમમાં સ્વરૂપ ચતુષ્ટયથી વિધિ અને એ જ સમયે પરરૂપ ચતુષ્ટયથી નિષેધરૂપ એવા નિયમને મુખ્યપણે જે સાધે છે તેને નય કહે છે. નય દૃષ્ટાંતપૂર્વક વસ્તુસ્વભાવના અસાધારણ સ્વરૂપનું સમર્થન કરે છે.

વિશેષાર્થઃ—વસ્તુમાં જે નયથી વસ્તુધર્મ કહેવો હોય તે મુખ્ય અને બાકીના તેના સર્વે ધર્મો ગૌણ રહે છે. વિષય વિશેષ વડે તે બંને વચ્ચે ભેદ છે પરંતુ જ્ઞાન પ્રમાણથી અભેદ છે કેમકે જ્ઞાન-વિશેષતા તે બંને ધર્મોમાં યુગપત્ સહભાવી રહેલ છે.

વિવક્ષિતો મુખ્ય ઈતીષ્યતેઽન્યો
ગુણોઽવિવક્ષો ન નિરાત્મકસ્તે ।
તથાઽરિમિત્રાઽનુભયાદિશક્તિ
દ્વયાઽવધેઃ કાર્યકરં હિ વસ્તુ ॥ ૩ ॥

અર્થઃ—હે શ્રી શ્રેયાંસ જિન! આપના મતમાં જે ધર્મને કહેવો ઈષ્ટ વિવક્ષિત-હોય તેને મુખ્ય કહે છે તે સાથે રહેલા અન્ય ધર્મ જે હોય છે તે કહેવાને ઇષ્ટ નથી તેને ગૌણ કહે છે. આમ છતાં જે કહેવો ઇષ્ટ નથી તે ધર્મ અભાવરૂપે તો નથી જ. સત્તારૂપે તે ત્યાં જરૂર રહેલ છે. એ પ્રમાણે મુખ્ય અને ગૌણના નિયમથી એક જ પદાર્થ શત્રુ-મિત્રરૂપ, ઉભયરૂપ, અનુભયરૂપ આદિ શક્તિરૂપ



છે. જેમકે એક જ વ્યક્તિ કોઈનો ઉપકારી હોવાથી મિત્ર છે, એ જ વ્યક્તિ અન્ય કોઈનો અપકારી હોવાથી શત્રુ છે તેમજ કોઈ ત્રીજાને અપકાર અને ઉપકાર બંને કરવાથી તે મિત્ર પણ છે અને શત્રુ પણ છે વળી તે ચોથી વ્યક્તિને માટે ઉપેક્ષક રહેવાથી તે ન તો મિત્ર છે કે ન શત્રુ છે એમ એક જ વ્યક્તિમાં શત્રુ-મિત્રપણાના ગુણો યુગપત રહેલાં છે. ખરેખર તો વિધિ-નિષેધ એ બે મર્યાદાના અવલંબનથી દ્રવ્યમાં કાર્ય થાય છે. વિધિ-નિષેધરૂપ સામાન્ય-વિશેષરૂપ અથવા દ્રવ્ય-પર્યાયરૂપ એવા બે સાપેક્ષ ધર્મોનો આશ્રય લઈ દ્રવ્યમાં અર્થ ક્રિયા કરવાની પ્રવૃત્તિ હોય છે જેથી તે પોતાના યથાર્થ સ્વરૂપની પ્રતિષ્ઠાપક બની શકે છે.

દૃષ્ટાન્ત-સિદ્ધાવુભયોર્વિવાદે
સાધ્યં પ્રસિદ્ધ્યેન્ન તુ તાદૃગસ્તિ ।
યત્સર્વથૈકાન્ત-નિયામિ દૃષ્ટં
ત્વદીય-દૃષ્ટિર્વિભવત્યશેષે ॥ ૪ ॥

અર્થઃ—વાદિ-પ્રતિવાદિ બન્નેના વિવાદમાં ઉદાહરણની સિદ્ધિ થતાં સાધ્ય વસ્તુ સિદ્ધ થઈ જાય છે. પરંતુ ઉદાહરણ દ્વારા "સર્વથા એકાંતના નિયમને" સાધે તેવી કોઈ વસ્તુ દૃષ્ટાંતરૂપ દેખાતી નથી-નજરે પડતી નથી-કેમકે સાધ્ય-સાધન અને ઉદાહરણ આદિ સર્વેની સિદ્ધિમાં આપના અનેકાન્ત મતનો જ પ્રભાવ રહેલો છે વસ્તુમાત્ર અનેકાન્તાત્મકપણે વ્યાપ્ત છે અને સર્વથા એકાંતવાદિઓના મતમાં એવું કોઈ દૃષ્ટાંત બની શકતું નથી કે જે તેના સર્વથા એકાંતના નિયમથી વસ્તુને સિદ્ધ કરી શકે અર્થાત સર્વથા નિત્ય આદિરૂપે સાધ્યની સિદ્ધિ તેમના મત વડે થઈ શકતી નથી.

એકાન્ત-દૃષ્ટિ-પ્રતિષેધ-સિદ્ધિ-
ન્યાયેષુભિર્મોહરિપું નિરસ્ય
અસિ સ્મ કૈવલ્ય-વિભૂતિ-સમ્રાટ્
તતસ્ત્વમર્હન્નસિ મે સ્તવાઽર્હઃ ॥ ૬ ॥ (૫૫)

અર્થ:—હે અર્હંત શ્રી શ્રેયોજિન! આપે એકાંતદષ્ટિના પ્રતિષેધની સિદ્ધિરૂપી તત્ત્વજ્ઞાનના સમ્યક્ પ્રહારથી મોહરૂપી શત્રુઓનો–મોહ કહેતાં મુખ્યપણે જ્ઞાનાવરણ આદિ કર્મ શત્રુઓના સમૂહનો અર્થાત ચાર ઘાતી કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન આદિ ગુણોના તથા સમવસરણ આદિ વિભૂતિના આપ સામ્રાટ થયા એમ સ્તુતિને માટે મને આપ જ યોગ્ય છો હું પણ એકાન્તદષ્ટિના પ્રતિષેધનો ઉપાસક છું અને સંપૂર્ણપણે તે સિદ્ધ કરીને મારા મોહ-શત્રુઓનો નાશ કરવાને ઇચ્છુ છું. તે સાથે કૈવલ્ય વિભૂતિનો સામ્રાટ પણ બનવાને ચાહું છું તેથી મારા તે કાર્યને માટે આપ જ આદર્શરૂપ અને પૂજ્ય તેમજ સ્તુતિને માટે યોગ્ય છો.

—о—

## (૧૨) શ્રી વાસુપૂજ્યજિન-સ્તવન

શિવાસુ પૂજ્યોઽભ્યુદય-ક્રિયાસુ
ત્વં વાસુપૂજ્યસ્ત્રિદશેન્દ્ર-પૂજ્યઃ ।
મયાઽપિ પૂજ્યોઽલ્પ-ધિયા મુનીન્દ્ર!
દીપાર્ચિષા કિં તપનો ન પૂજ્યઃ ॥ ૧ ॥

અર્થ:—હે મુનિનાથ! હે વસુરાજાના પુત્ર શ્રી વાસુપૂજ્ય મુનીંદ્ર! આપ સ્વર્ગમાંથી ઉતરી આવી અહિ જન્મકલ્યાણક વગેરે મંગળમય ક્રિયાઓના ઉત્સવોને પ્રાપ્ત, આપ શિવસ્વરૂપ છો–પૂજ્ય છો. જેમ દેવેન્દ્ર આપની સ્તુતિ-વંદના કરે છે તેમ મારા જેવા અલ્પ બુદ્ધિવાળાને પણ આપ પૂજ્ય છો—હું પણ આપની પૂજા–સ્તુતિ–વંદનાદિ કરૂં છું તેમાં આશ્ચર્ય જેવું કાંઈ નથી. કેમકે શું દીપકની જ્યોતિ વડે સૂર્યની પૂજા કરવામાં નથી આવતી! તેની પૂજા કરવામાં આવે છે જ. જગતના પ્રાણીઓ સૂર્યની સામે દીવો પ્રગટાવી સૂર્યની આરતી ઉતારે છે. દીપકના એવા અલ્પ પ્રકાશવડે સૂર્યની ઉપાસના



કરવામાં આવે છે તેમ હું અલ્પ બુદ્ધિવાળો છતાં જ્ઞાનસૂર્ય એવા આપની પૂજા કરૂં છું તેમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી.

ન પૂજયાઽર્થસ્ત્વયિ વીતરાગે
ન નિન્દયા નાથ! વિવાન્ત-વૈરે ।
તથાઽપિ તે પુણ્ય-ગુણ-સ્મૃતિર્નઃ
પુનાતિ ચિત્તં દુરિતાંજનેભ્યઃ ॥ ૨ ॥

અર્થ :—હે ભગવંત! પૂજા કે વંદનની સાથે આપને કાંઈપણ પ્રયોજન નથી કેમકે આપ વીતરાગ છો–આપનામાં રાગનો અંશપણ રહ્યો નથી કે જેથી આપને તેવી પૂજા–વંદનાથી પ્રસન્નતા થાય વળી નિંદાથી પણ આપને કાંઈ પ્રયોજન નથી. આપને કોઈ બુરા કહે કે ગાળો આપે નિંદે તેમાં પણ આપને અંશે ક્ષોભ ઉત્પન્ન થતો નથી કેમકે દ્વેષનો પણ આપે સર્વથા નાશ કર્યો છે–આપનામાં અંશે પણ દ્વેષ રહ્યો નથી. એમ આપને પ્રસન્નતા કે ક્ષોભ થવાની સ્થિતિ જ નથી જેથી તેનો ઉદ્‌ભવ થઈ શકે જ નહિ. આપ સ્તુતિમાં કે નિંદાના પ્રસંગમાં સમભાવી છો જેથી આપને તેમાં કાંઈ પ્રિય નથી તેમજ અપ્રિય પણ નથી. એમ હોવા છતાં આપના પુણ્ય–પવિત્ર ગુણોનું સ્તવન અમારા અંતઃકરણના સર્વે પાપ–દોષોનો નાશ કરી અમોને પવિત્ર બનાવે છે જ. અમે જે આપની સ્તુતિ–પૂજા કરીએ છીએ તે આપના અર્થે નથી કરતાં અર્થાત્ આપને પ્રસન્ન કરવા માટે કે આપની કૃપા મેળવવા માટે અથવા કોઈ પણ પ્રકારનો તેવો લાભ પ્રાપ્ત કરવાના લક્ષે અમે આપની પૂજા–વંદના કરતા નથી પરંતુ અમારૂં આ પ્રયોજન તો માત્ર આપના પવિત્ર ગુણોના સદ્‌ભાવપૂર્વક સ્મરણવડે અમારા ચિત્તની–અમારા આત્માની–વિશુદ્ધિ થવા અને પાપ કલંકથી મુક્ત થઈ પવિત્ર થવા માટે અમે આપની પૂજા–વંદના કરીએ છીએ અર્થાત્ અમારા પોતાના હિતાર્થે તે કરીએ છીએ.

પૂજ્યં જિનં ત્વાઽર્ચયતો જનસ્ય
સાવદ્ય-લેશો બહુ-પુણ્ય-રાશૌ ।

દોષાય નાઽલં કણિકા વિષસ્ય
ન દૂષિકા શીત-શિવાઽમ્બુરાશૌ ॥ ૩ ॥

અર્થ:—હે પૂજ્ય શ્રી વાસુપૂજ્ય જિનેન્દ્ર! આપની પૂજા કરતા જીવને જે અંશે સાવદ્ય-પાપની ઉત્પત્તિ થાય છે અર્થાત્ આરંભ આદિ સરાગ પરિણતી વડે અંશે જે પાપનું ઉપાર્જન થાય છે તે આપના ભાવથી કરેલ પૂજાના ફળરૂપે ઉત્પન્ન થતાં બહુ પુણ્યરાશીમાં તેવું પાપ સત્ત્વહીન બની જાય છે. તેવું સત્ત્વહીન પાપ મહાન પુણ્ય-રાશીને દુષિત કરવા સમર્થ નથી. જેમકે શીતળ અને કલ્યાણકારી જળથી ભરેલા મહાસાગરને વિષનું એક બિન્દુ દુષિત કરી શકતું નથી. એ રીતે અલ્પ સાવદ્ય પ્રવૃત્તિ નિઃસત્ત્વરૂપે પરિણમી જાય છે-અફળ બને છે અને લોકોત્તર પુણ્યરૂપે ફળે છે.

યદ્ વસ્તુ બાહ્યં ગુણ-દોષ-સૂતે-
ર્નિમિત્તમભ્યંતર-મૂલહેતોઃ ।
અધ્યાત્મ-વૃત્તસ્ય તદંગભૂત-
મભ્યંતરં કેવલમપ્યલં ન ॥ ૪ ॥

અર્થ:—પુણ્ય-પાપ ભાવની ઉત્પત્તિમાં અર્થાત્ ઉપકારક અથવા અપકારક થવામાં જે બાહ્ય સામગ્રી નિમિત્તકારણ બને છે તે અંતઃકરણમાં થનારા ગુણ-દોષ એટલે કે શુભાશુભ આદિ ભાવોરૂપ લક્ષણ તેમાં મૂળ કારણ (ઉપાદાન) તેનું અંગભૂત કારણ છે તેને જે બાહ્ય સામગ્રી હોય તે સહકારીકારણ બને છે (મૂળ કારણ શુભાશુભ વગેરે પરિણામ, તેના અભાવમાં સહકારી કારણરૂપ કોઈપણ બાહ્ય પદાર્થ કે સામગ્રી, ગુણ-દોષને અર્થાત્ પુણ્ય કે પાપને ઉત્પન્ન કરી શકતી નથી) વળી બાહ્ય સામગ્રીથી નિરપેક્ષ એવા અભ્યંતર પરિણામ પણ એકલા અર્થાત્ જીવાદિ કોઈ દ્રવ્યના એકલા પરિણામ પણ ગુણ-દોષની ઉત્પત્તિ માટે સમર્થ નથી. યથાર્થ રીતે તો આપના મતમાં અંતરંગ શુભ કે અશુભ ભાવમાત્ર પુણ્ય કે પાપના બંધને માટે સમર્થ કારણ બને છે. એ પ્રમાણે આપના મત



મુજબ જીવોના અંતરંગ પરિણામ જ પુણ્ય કે પાપ બંધના ઉપાદાન-કારણ બને છે જેમાં બાહ્ય સામગ્રી તો શુભ-અશુભ ભાવોની ઉત્પત્તિમાં સહકારીકારણપણે હોય છે (કર્ત્તાપણે નહિ).

હિન્દીમાં નીચે મુજબ અનુવાદ છે:—

"જો બાહ્ય વસ્તુ ગુણ-દોષકી" પુણ્ય-પાપાદિરૂપ ઉપકાર-અપકારકી" ઉત્પત્તિકા નિમિત્ત હોતી હૈ વહ અંતરંગમેં વર્તનેવાલે ગુણ-દોષોંકી ઉત્પત્તિકે અભ્યંતર મૂલ હેતુકી" શુભાઽશુભાદિ-પરિણામ-લક્ષણ ઉપાદાનકારણકી "અંગભૂત" સહકારીકારણભૂત "હોતી હૈ" (ઔર ઈસ કારણ મૂલ કારણ શુભાઽશુભાદિ-પરિણામકે અભાવમેં સહકારી કારણરૂપ કોઈ ભી બાહ્ય વસ્તુ પુણ્ય-પાપાદિરૂપ ગુણ-દોષકી જનક નહીં) બાહ્ય વસ્તુકી અપેક્ષા ન રખતા હુઆ કેવલ અભ્યંતર કારણ ભી અકેલા જીવાદિ કિસી દ્રવ્યકા પરિણામ ભી-ગુણ-દોષકી ઉત્પત્તિમેં સમર્થ નહીં હૈ.

બાહ્યેતરોપાધિ-સમગ્રતેયં
કાર્યેષુ તે દ્રવ્યગતઃ સ્વભાવઃ ।
નૈવાઽન્યથા મોક્ષ-વિધિશ્ચ પુંસાં
તેનાઽભિવન્દ્યસ્ત્વમૃષિર્બુધાનામ્ ॥ ૫ ॥ (૬૦)

અર્થ:—કાર્યના સંપાદનમાં બાહ્ય અને અભ્યંતર અર્થાત્ નિમિત્ત અને ઉપાદાન એ બન્ને કારણોની જે પરિપૂર્ણતા છે તે આપના મત મુજબ દ્રવ્યગત સ્વભાવ છે તથા તે જીવ આદિ પદાર્થના અર્થ-ક્રિયા-કારિત્વનું સ્વરૂપ છે. તે વિના એટલે બાહ્યઅભ્યંતર બન્ને સાધનાની પરિપૂર્ણતારૂપી સમગ્રતા અર્થાત્ દ્રવ્યગત સ્વભાવ વિના કોઈપણ અન્ય પ્રકારે સંસારી જીવને મોક્ષની વિધિ સિદ્ધ થતી નથી. માટે હે પરમ ઋદ્ધિ સંપન્ન ઋષિશ્વર શ્રી વાસુપૂજ્ય જિનેન્દ્ર! આપ ગણધર આદિ જ્ઞાની પુરુષોને અભિવન્દ્ય છો-આપ તેવા વિશુદ્ધ મહાત્માઓ વડે પૂજા-વંદનને યોગ્ય છો અને હું આપની પૂજા-વંદના કરી રહ્યો છું.

ભાવાર્થ :—નિમિત્ત ઉપાદાન બન્ને કારણોની પૂર્ણતાથી કાર્યની સિદ્ધિ થાય છે. જેમકે ઘડાની ઉત્પત્તિ માટે કાર્ય-સન્મુખ માટી ઉપાદાનકારણ છે અને ચક્ર-કુંભાર વગેરે બાહ્ય સાધનો નિમિત્ત-કારણ છે. તેમાં બન્ને સાધનોની પરિપૂર્ણતાની આવશ્યકતા છે એમ મોક્ષની પ્રાપ્તિમાં બન્ને કારણોની પરિપૂર્ણતાની આવશ્યકતા છે ઉપાદાન-મૂળકારણ, તે શુદ્ધ સ્વભાવ છે અને તેની પ્રાપ્તિ માટે જે જે સર્વે નિમિત્ત કારણો હોય છે તે શુદ્ધ સ્વભાવના સાધકરૂપે સહકારીપણે હોય છે-કર્તાપણે નહિ. (સહચરહેતુપણે સાધકરૂપે બાહ્ય સામગ્રી હોય છે.)

આ પદનો હિન્દીમાં નીચે પ્રમાણે અનુવાદ છે:—

"કાર્યોમેં બાહ્ય ઓર આભ્યંતર" સહકારી ઔર ઉપાદાન-"દોનોં કારણોંકી જો યહ પૂર્ણતા હૈ વહ આપકે મતમેં દ્રવ્યગત સ્વભાવ હ"—જીવાદિ પદાર્થગત અર્થ-ક્રિયા-કારિત્વસ્વરૂપ હે "અન્યથા" ઇસ સમગ્રતા અર્થાત્ દ્રવ્યગત સ્વભાવકે બિના અન્ય પ્રકારસે "પુરુષોંકે મોક્ષકી વિધિ ભી નહીં બનતી"—ઘટાદિકકા વિધાન હિ નહીં કિન્તુ મુક્તિકા વિધાન ભી નહીં બન શકતા. "ઇસીસે પરમર્દ્ધિ-સમ્પન્ન ઋષે" વાસુપૂજ્ય "આપ બુધજનોંકે અભિવન્દ્ય હ"—ગણધર આદિ વિબુધજનોંકે દ્વારા પૂજા-વન્દના કિયે જાનકે યોગ્ય હૈં.

(અત્રેની ગાથાનાં ૫૯ અને ૬૦ માં નિમિત્ત-ઉપાદાનની સ્પષ્ટતા છે.)



# (૧૩) શ્રી વિમલજિન-સ્તવન

ય એવ નિત્ય-ક્ષણિકાદયો નયા
મિથોઽનપેક્ષાઃ સ્વ-પર-પ્રણાશિનઃ ।
ત એવ તત્ત્વં વિમલસ્ય તે મુનેઃ
પરસ્પરેક્ષાઃ સ્વ-પરોપકારિણઃ ॥ ૧ ॥

અર્થ:—જે નિત્ય-અનિત્ય, સત્-અસત્ વગેરે નયો છે તે વડે જો પરસ્પર એક બીજાની અપેક્ષા રાખ્યા વિના સ્વતંત્રભાવે સર્વથા નિત્ય, સર્વથા ક્ષણિક આદિરૂપે વસ્તુતત્ત્વનું નિરૂપણ કરે તે સ્વ તથા પર એમ બંને તત્ત્વોના ઘાતક બનતાં સ્વ-પરના વૈરી છે, અને તેથી એકાંત નય તે દુર્નય છે. પરંતુ હે પ્રત્યક્ષ જ્ઞાની શ્રી વિમલ જિન! આપના શાસનમાં, આપના મતમાં, નયો તે પરસ્પર તંત્ર રૂપે અર્થાત એકબીજાની અપેક્ષા રાખવાવાળા સાપેક્ષ હોવાથી સ્વ અને પરના ઉપકારક છે અર્થાત્ બંને પ્રકારે અસ્તિત્વ સ્વીકારવાથી નયો સ્વ અને પરના મિત્રરૂપ છે અને તત્ત્વસ્વરૂપે સમ્યક્નય-સુનય છે. ૧.

યથૈકશઃ કારકમર્થ-સિદ્ધયે
સમીક્ષ્ય શેષં સ્વ-સહાય-કારકમ્ ।
તથૈવ સામાન્ય-વિશેષ-માતૃકા
નયાસ્તવેષ્ટા ગુણ-મુખ્ય-કલ્પતઃ ॥ ૨ ॥

અર્થ:—(કાર્ય ટાણે પ્રત્યેક સમયે કાળ પ્રત્યાસત્તી હોવાથી તેના કારણો હોય જ છે) ઉપાદાનકારણ તથા નિમિત્તકારણમાંથી અર્થાત્ કર્તા-કર્મ-કરણ આદિ ષટ્કારકોમાંથી કોઈ એક એક કારક તેના બાકીના અન્ય કારકોને સહાયક રહી-અપેક્ષા રાખી-કાર્યની સિદ્ધિને માટે સમર્થ હોય છે. માટે હે શ્રી વિમલ જિન! આપના મતમાં સામાન્ય અથવા વિશેષ દ્વારા ઉત્પન્ન થનાર અર્થાત્ સામાન્ય

-વિશેષને વિષય કરનાર દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક જે નયો છે તે નયો મુખ્ય અને ગૌણની કલ્પના દ્વારા ઇષ્ટ છે–માન્ય છે. પ્રયોજન વશ સામાન્યની મુખ્યરૂપે અને વિશેષની ગૌણરૂપે વિવક્ષતાથી અથવા તો વિશેષની મુખ્યરૂપે અને સામાન્યની ગૌણરૂપે કલ્પના રાખીને અર્થાત્ પરસ્પરની અપેક્ષા રાખીને અર્થમાં કાર્યની સિદ્ધિ થાય છે. એ રીતે એકબીજાની અપેક્ષાને કોઈ છોડતું નથી. સર્વે નયો સાપેક્ષ હોવાથી સ્વ-કાર્યની સિદ્ધિરૂપ તેના વિવક્ષિત અર્થના પરિજ્ઞાનને માટે સમર્થ હોય છે. ૨.

પરસ્પરેક્ષાઽન્વય-ભેદ-લિંગતઃ
પ્રસિદ્ધ-સામાન્ય-વિશેષયોસ્તવ ।
સમગ્રતાઽસ્તિ સ્વ-પરાઽવભાસકં
યથા પ્રમાણં ભુવિ બુદ્ધિ-લક્ષણમ્ ॥ ૩ ॥

અર્થઃ—પરસ્પરમાં એક બીજાની અપેક્ષાથી અન્વય ( અભેદ ) અને વ્યતિરેક ( ભેદ )નું જે જ્ઞાન થાય છે તે જ્ઞાન વડે પ્રસિદ્ધ થતાં સામાન્ય અને વિશેષ ધર્મો હે વિમલ જિન! આપના મતમાં એવી રીતે પૂર્ણતાને પામેલ છે કે જગતમાં જેવા રીતે જ્ઞાનસ્વરૂપ પ્રમાણ-જ્ઞાન સ્વ અને પર એ બંનેને પ્રકાશવામાં પરિપૂર્ણ છે. પ્રમાણજ્ઞાન વડે એમ સિદ્ધ થાય છે કે પ્રત્યેક પદાર્થમાં સામાન્ય અને વિશેષ એ બે ભેદ એક જ સમયે રહેલાં છે.

ભાવાર્થઃ—જે પ્રમાણે સમ્યગ્જ્ઞાન લક્ષણ–પ્રમાણ, લોકમાં સ્વને પ્રકાશનાર તથા પરને પ્રકાશનાર એવા બંને ધર્મો તેમાં સંયુક્તપણે રહી તેના વિષયમાં પૂર્ણતાને પામે છે છતાં તેવા બે ધર્મો પરસ્પર વિરુદ્ધરૂપે નહિ પરંતુ સાપેક્ષરૂપે રહેલ છે. સ્વપ્રકાશત્વ વિના પર-પ્રકાશત્વ અને પરપ્રકાશત્વ વિના સ્વપ્રકાશત્વ સિદ્ધ થતું નથી. એમ એક જ સમયે પ્રત્યેક પદાર્થમાં વિશેષણ–વિશેષ્યના ભાવે વર્તતું સામાન્ય–વિશેષ એમ બન્ને ધર્મો પરસ્પર વિરોધ વિના સાપેક્ષ રહેલાં છે. સામાન્ય વિના વિશેષ અને વિશેષ વિના સામાન્ય ધર્મ



અપૂર્ણ રહે છે અર્થાત્ તેમ બની શકતું નથી. બંનેના સહકારથી જ વસ્તુ ધર્મમાં પૂર્ણતા બને છે. ૩

વિશેષ્ય-વાચ્યસ્ય વિશેષણં વચો
યતો વિશેષ્યં વિનિયમ્યતે ચ સત્ ।
તયોશ્ચ સામાન્યમતિપ્રસજ્યતે
વિવક્ષિતાત્સ્યાદિતિ તેઽન્યવર્જનમ્ ॥ ૪ ॥

અર્થ :—( સામાન્ય–વિશેષાત્મક વસ્તુમાં ) સામાન્ય કે વિશેષ બે ધર્મોમાંથી જે કોઈ એક ધર્મ વિશેષરૂપે વાચ્યથી વિવક્ષિત છે તેનું એ વિશેષરૂપ વચન કે જેનાથી વિશેષ્યનો નિશ્ચય કરવામાં આવે છે તેને વિશેષણ કહેવામાં આવે છે અને જેનો નિશ્ચય કરવામાં આવે છે તેને વિશેષ્ય કહેવામાં આવે છે. વિશેષણ તથા વિશેષ્ય બન્નેના સામાન્યપણાનો જે અતિ પ્રસંગ આવે છે તે હે શ્રી વિમલ જિન! આપના મતમાં આવતો નથી કેમકે વિવક્ષિત વિશેષણ–વિશેષ્યનું "સ્યાત્"" પદથી નિરાકરણ થઈ જાય છે એ રીતે અતિ પ્રસંગનો સહજ નિષેધ થઈ જાય છે. સ્યાત્ એટલે કથંચિત શબ્દની તેમાં સર્વથા પ્રતિષ્ઠા રહેવાથી અવિવક્ષિત વિશેષણ–વિશેષ્યનું ગ્રહવું નહિ થવાથી અતિ પ્રસંગનો દોષ આવતો નથી

ભાવાર્થ :—સ્યાત્ શબ્દ વિવક્ષિત ધર્મની વિધિ બતાવે છે તે સાથે અવિવક્ષિત ધર્મનો નિષેધ સૂચવે છે. અને તેથી તેમાં કાંઈ અતિ પ્રસંગ આવે નહિ. જેમકે "નિલોત્પલ" અહિં નિલ એ વિશેષણ છે અને ઉત્પલ એ વિશેષ્ય છે. વિશેષરૂપ વાચ્ય "નિલ" છે તે વિશેષણ છે કે જેના વડે વિશેષ્યનો નિશ્ચય થાય છે. એમ ઉત્પલ ( કમળ )નો નિશ્ચય થવાથી ઉત્પલને વિશેષ્ય કહેવાય છે.

વિશેષાર્થ :–લીલું કમળ કહેતાં લાલ કે સફેદ કમળ નહિ પરંતુ લીલું એમ તેમાં લાલ–સફેદનો નિષેધ વર્તે છે વાચ્ય વચન "લીલું" છે તે વિશેષણ છે અને જેનો નિશ્ચય થયો તે ઉત્પલ વિશેષ્ય છે. ૪.

નયાસ્તવ સ્યાત્પદ-સત્ય-લાંછિતા
રસોપવિદ્ધા ઇવ લોહ-ધાતવઃ ।
ભવન્ત્યભિપ્રેત-ગુણા યતસ્તતો
ભવન્તમાર્યા પ્રણતા હિતૈષિણઃ ॥ ૫ ॥ (૬૫)

અર્થ:—હે શ્રી વિમલ જિન! આપના મતમાં જે નિત્ય-અનિત્ય વગેરે નયો છે તે સ્યાત્પદરૂપી સત્યથી અંકિત છે-તેમાં કોઈપણ નય સ્યાદ્‌પદના ભાવથી શૂન્ય નથી. પછી ભલે તેમાં સાથે સ્યાદ્ શબ્દ લગાડવામાં આવ્યો હોય કે ન આવ્યો હોય. રસોપવિદ્ધ લોહાદિ ધાતુની માફક અર્થાત પારાના રસથી પટ દીધેલ પરિપૂર્ણ એવી લોખંડ-ત્રાંબુ આદિ ધાતુઓ જેમ ઇચ્છિત ફળને આપે છે તેમ સ્યાત પદરૂપી સત્ય વડે અંકિત જે નિત્ય-ક્ષણિક આદિ નયો છે તે યથાસ્થિત વસ્તુતત્ત્વના પ્રરૂપણથી સમર્થ રીતે સન્માર્ગ પ્રત્યે દોરી જાય છે, માટે જ પોતાનું હિત ચાહનારા આર્ય પુરુષોએ આપને પ્રણામ કર્યા છે: ગણધરદેવ આદિ ઉત્તમ મહાત્માએ આપને સદા સર્વદા શીશ નમાવી વંદન કરેલ છે અને સ્વહિતાર્થે હું આપને ભક્તિપૂર્વક સાદર વંદન કરું છું. ૫-૬૫.

—૦—

# (૧૪) શ્રી અનન્તજિત્‌જિન-સ્તવન

અનન્ત-દોષાઽઽશય-વિગ્રહો ગ્રહો
વિષંગવાન્મોહ-મયશ્ચિરં હૃદિ ।
યતો જિતસ્તત્ત્વરુચૌ પ્રસીદતા
ત્વયા તતોઽભૂર્ભગવાનનન્તજિત્ ॥ ૧ ॥

અર્થ:—મોહમય પિશાચ ગ્રહ કે જે અનાદિકાળથી હૃદયમાં ચીટકીને બેઠો હતો અને આત્માની સાથે સંબંધ થઈને પોતાની સત્તા જમાવીને રહ્યો હતો તથા જેનું શરીર રાગ-દ્વેષ, કામ-ક્રોધાદિ



અનંત વિકારોના આધારવાળું કે જે અનંત સંસાર પરિભ્રમણનું કારણ બનતું એવા એ મોહમય પિશાચને આપે માત્ર તત્ત્વાર્થની શ્રદ્ધારૂપી ચિત્ત-પ્રસન્નતા વડે અર્થાત સમ્યગ્દર્શન વડે નિર્મૂળ કર્યો છે-નષ્ટ કર્યો છે-માટે હે અનંત મિથ્યાત્વ મોહને જીતનાર ભગવંત શ્રી અનંત જિન! આપનું અનંત જિત નામ સાર્થક નામ છે-એ નામ સંજ્ઞા સાર્થક છે. ૧.

કષાય-નામ્નાં દ્વિષતાં પ્રમાથિના-
મશેષયન્નામ ભવાનશેષવિત્ ।
વિશોષણં મન્મથ-દુર્મદાઽઽમયં
સમાધિ-ભૈષજ્ય-ગુણૈર્વ્યલીનયત્ ॥ ૨ ॥

અર્થ:—હે શ્રી અનંત જિત જિન! આત્માને દુઃખદાયક કષાય શત્રુઓનો આપે સર્વથા નાશ કર્યો છે એ જ રીતે આત્માને સવિશેષ કષ્ટ આપનાર કામદેવના દુરાભિમાનરૂપી રોગનો આપે પ્રશસ્ત આત્મધ્યાનરૂપી ઔષધિના ગુણો વડે સંપૂર્ણપણે પરાભવ કર્યો છે એ રીતે કષાય અને કામને જીતી આપે સર્વજ્ઞપદને પ્રાપ્ત કર્યું છે, અર્થાત આપ સર્વજ્ઞ થયાં છો. ૨.

પરિશ્રમાઽમ્બુર્ભય-વીચિ-માલિની
ત્વયા સ્વતૃષ્ણા-સરિદાઽઽર્ય! શોષિતા ।
અસંગ-ઘર્માર્ક-ગભસ્તિ-તેજસા
પરં તતો નિર્વૃત્તિ-ધામ તાવકમ્ ॥ ૩ ॥

અર્થ:—પરિશ્રમરૂપી જળથી ભરેલી અને જેમાં ભયરૂપી તરંગો ઉઠે છે એવી તૃષ્ણારૂપી નદીને, હે આર્ય-અનંતજિત જિન! આપે ગ્રીષ્મ ઋતુના સૂર્યના પ્રચંડ કિરણો તુલ્ય અંતરંગ અને બહિરંગ પરિગ્રહોના ત્યાગરૂપી આપના અપરિગ્રહ પદના તેજ વડે સુકાવી નાંખી છે એ વડે આપનું નિર્વૃતિ તેજ ઉત્કૃષ્ટતાને પામ્યું છે. ભૂતાર્થના પરિગ્રહણ વડે જ પરિગ્રહનો ત્યાગ એ તૃષ્ણાને જીતવાનો અચૂક ઉપાય છે. (પરિગ્રહની વૃત્તિ દ્વારા તૃષ્ણાની ઉત્તરોત્તર વૃદ્ધિ

થતાં અંતે તે દુર્જેય બને છે) અર્થાત્ તૃષ્ણાને જીતવાનો અમોઘ ઉપાય અપરિગ્રહવ્રત છે જે આપને પ્રાપ્ત થયું છે. ૩.

સુહૃત્ત્વયિ શ્રી-સુભગત્વમશ્નુતે
દ્વિષંસ્ત્વયિ પ્રત્યયવત્ પ્રલીયતે ।
ભવાનુદાસીનતમસ્તયોરપિ
પ્રભો ! પરં ચિત્રમિદં તવેહિતમ્ ॥ ૪ ॥

અર્થ :—હે ભગવંત! જે જીવ આપમાં ભક્તિભાવ-અનુરાગ-ભાવ રાખે છે તે જ્ઞાન આદિ લક્ષ્મીની સંપદાવાળા શ્રી વિશિષ્ટને-સુસૌભાગ્યને-પામે છે અને આપમાં જે જીવ વિદ્વેષભાવ રાખે છે તે વ્યાકરણના ક્વિપ્‌ની માફક અર્થાત્ વાક્યમાં જેમ પ્રત્યય લગાડવામાં આવે છે તે ક્ષણિક છે તેમ તેવા જીવનું ક્ષણિક ઇન્દ્રિયજન્ય જ્ઞાન નષ્ટ થઈને તેને નરક આદિ દુર્ગતિમાં લઈ જાય છે. જોકે આપ-આપમાં કોઈ અનુરાગી હોય કે આપનો દ્વેષી હોય પરંતુ તે બન્ને પ્રત્યે અત્યંત ઉદાસીન રહો છો. આપ તે કોઈની વૃદ્ધિ અથવા હાની ઇચ્છતા નથી તોપણ મિત્રતા કે શત્રુતા સ્વયં તેના યોગ્ય ફળની પ્રાપ્તિ કરાવે છે. આપની એ ચેષ્ટા જ-આપનું એ ચરિત્ર અદ્‌ભુત-અદ્‌ભુત માહાત્મ્યને પ્રગટ કરે છે. આપનું એ ગુપ્ત રહસ્ય ભર્યું ચરિત્ર છે એમ અમોને સમજાય છે. ૪.

ત્વમીદૃશસ્તાદૃશ ઇત્યયં મમ
પ્રલાપ-લેશોઽલ્પ-મતેર્મહામુને !
અશેષ-માહાત્મ્યમનીરયન્નપિ
શિવાય સંસ્પર્શ ઇવાઽમૃતામ્બુધેઃ ॥ ૫ ॥ (૭૦)

અર્થ :—જેમ અમૃત સાગરના પરિપૂર્ણ માહાત્મ્યને નહિ જાણતાં છતાં અને તેનું કથન યથાર્થ નહિ કરી શકવા છતાં તેનો સંસ્પર્શ માત્ર, જીવોને સુખરૂપે પરિણમે છે તેમ હે મહામુને! આપના ગુણોના યથાવત પરિજ્ઞાન વિના તેમજ આપના સંપૂર્ણ



માહાત્મ્યને નહિ જાણતાં છતાં અર્થાત્ આપના યથાર્થ સ્વરૂપનું વર્ણન નહિ કરી શકવા છતાં આ મારો જે પ્રલાપ છે જેમકે આપના આવા ગુણો છે અને આપના તેવા ગુણો છે વગેરે પ્રલાપના સ્તુતિરૂપે સ્થૂલ ભાવો છે તે ભાવો પણ મને જરૂર સ્વસન્મુખ અનુસાર મારા કલ્યાણના જ કારણો બનશે તેવા ખાત્રી છે. ૫. ૭૦.

—૦—

## (૧૫) શ્રી ધર્મ-જિન-સ્તવન

ધર્મ-તીર્થમનઘં પ્રવર્તયન્
ધર્મ ઇત્યનુમતઃ સતાં ભવાન્ ।
કર્મ-કક્ષમદહત્તપોઽગ્નિભિઃ
શર્મ શાશ્વતમવાપ શંકરઃ ॥ ૧ ॥

અર્થ:—હે ધર્મ જિન! આપે નિર્દોષ સમ્યગ્દર્શન આદિ ધર્મને અને સમ્યગ્દર્શન આદિ આત્મિક ધર્મના પ્રતિપાદક આગમ-તીર્થને જગતમાં પ્રવર્તાવતાં આપ સત્ પુરુષો દ્વારા "ધર્મ" એવા સાર્થક નામે માન્ય થયાં છો. આપે વિધવિધ તપરૂપી અગ્નિ વડે કર્મ વનને બાળીને ભસ્મીભૂત કર્યું છે જેના ફળ સ્વરૂપે આપે અવિનાશી, શાશ્વત એવા સુખને પ્રાપ્ત કર્યું છે માટે આપ શંકર છો-સુખના કર્તા છો-અર્થાત આપે કર્મોને બાળી ધર્મતીર્થને પ્રવર્તાવી સ્વયં પોતાને તેમજ જગતના અન્ય જીવોને સુખનું પ્રદાન કર્યું છે એમ આપ કલ્યાણના કર્તા શંકર છો. ૧.

દેવ-માનવ-નિકાય-સત્તમૈ
રેજિષે પરિવૃતો વૃતો બુધૈઃ ।
તારકા-પરિવૃતોઽતિપુષ્કલો
વ્યોમનીવ શશ-લાંછનોઽમલઃ ॥ ૨ ॥

અર્થ:—જેમ વાદળોના આવરણ વિનાનું નિર્મળ આકાશ જેમાં પૂર્ણ ચંદ્ર, તારાગણના સમૂહ વડે શોભે છે તેમ હે ધર્મ-જિન! દેવો અને ભવ્ય મનુષ્યોના ઉત્તમ સમૂહ વડે વ્યાપ્ત તેમજ ગણધરદેવ આદિ વિશુદ્ધ મહાત્માઓના પરિવાર સહિત આપ ઇન્દ્ર દ્વારા રચિત સમવસરણની મધ્યમાં અતિશય શોભાને પ્રાપ્ત થયાં છો ૨.

પ્રાતિહાર્ય-વિભવૈઃ પરિષ્કૃતો
દેહતોઽપિ વિરતો ભવાનભૂત્ ।
મોક્ષમાર્ગમશિષન્નરામરાન્
નાઽપિ શાસન-ફલૈષણાઽઽતુરઃ ॥ ૩ ॥ (૭૩)

અર્થ :—છત્ર, ચામર, સિંહાસન, ભામંડળ, અશોકવૃક્ષ સુર-પુષ્પવૃષ્ટિ, દેવદુંદુભિ અને દિવ્યવાણી એ આઠ ચમત્કારી પ્રાતિહાર્યો વડે તેમજ સમવસરણ આદિ વિભૂતિઓથી આપ વિભૂષિત હોવા છતાં ત્યાં પણ આપ દેહાદિથી વિરક્ત રહ્યાં છો—આપને દેહનું મમત્વ રહ્યું નથી. આપે વીતરાગતા ધારેલ છે એમ છતાં આપે તીર્થંકર પ્રકૃતિના મહાન પુણ્યોદયે દેવો તથા મનુષ્યોને મોક્ષનોમાર્ગ બતાવતાં મુક્તિ માટે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો ઉપદેશ આપી અમોઘ ઉપાય દર્શાવ્યો તેમાં પણ આપતો શાસનફળની વાંછા રહિત જ રહ્યાં એમાં આશ્ચર્ય શું હોય? આશ્ચર્ય નથી કેમકે આપને કદિ એવી ઇચ્છા ન થઈ કે મારા ઉપદેશથી જગતના જીવોને ભક્તિ પ્રગટે અથવા તેઓના કાર્યની સિદ્ધિ શીઘ્ર થઈ જાય. આમ આપની પરિણતી—આપની વીતરાગદશા—પરિમુક્તતા અને ઉચ્ચ દશા પ્રકાશી રહી છે. (જેઓ શાસનની આકાંક્ષા રાખે છે તેઓ કાંઈ વિભૂતિવાળા હોય તોપણ ક્ષુદ્ર સંસારી જ છે, તેઓ દંભથી હણાએલા છે જેથી સતધર્મની પ્રાપ્તિ કરી શકતા નથી અર્થાત નિઃકાંક્ષા—વીતરાગતાથી જ સતધર્મ પ્રાપ્ત થઈ શકે છે). ૩.-૭૩.

કાય-વાક્ય-મનસાં પ્રવૃત્તયો
નાઽભવંસ્તવ મુનેશ્ચિકીર્ષયા ।



નાઽસમીક્ષ્ય ભવતઃ પ્રવૃત્તયો
ધીર! તાવકમચિન્ત્યમીહિતમ્ ॥ ૪ ॥

અર્થ :—હે જિનેન્દ્ર શ્રી ધર્મનાથ! આપ પ્રત્યક્ષ જ્ઞાની મુનીની મન-વચન-કાયની પ્રવૃત્તિઓ શાસન પ્રવર્તાવવાને અર્થે નહિ હોવા છતાં તે પ્રવૃત્તિ અજ્ઞાનપૂર્વક પણ હોતી નથી આમ હે ધીર ધર્મ-જિન! આપનું ચરિત્ર અચિન્ત્ય છે. તીર્થંકર નામકર્મના ઉદયે તેમજ ભવ્ય જીવોના પ્રબળ પુણ્યોદયથી આપની સર્વ પ્રવૃત્તિઓ થાય છે. વળી આપ તો વીતરાગ છો તેથી કાંઈ આતુરતાપૂર્વક કે અજ્ઞાનથી તે પ્રવૃત્તિ થતી નથી. ૪.

માનુષીં પ્રકૃતિમભ્યતીતવાન્
દેવતાસ્વપિ ચ દેવતા યતઃ ।
તેન નાથ! પરમાઽસિ દેવતા
શ્રેયસે જિનવૃષ! પ્રસીદ નઃ ॥ ૫ ॥ (૭૫)

અર્થ :—હે ભગવંત! હે નાથ! આપ સામાન્ય માનવ સ્વભાવને ઉલ્લંઘી ઉચ્ચતમવૃદ્ધિને પ્રાપ્ત થયાં છો. આપ દેવોના દેવ છો—પૂજ્ય છો અર્થાત્ આપ પરમોત્કૃષ્ટ દેવ છો અને પૂજ્યતમ છો માટે હે ધર્મ જિન! "અમારા કલ્યાણને માટે પ્રસન્ન થાઓ" હું પ્રસન્નતાપૂર્વક રસાયનના સેવનની જેમ આપની આરાધના કરૂં છું મારો સંસાર-રોગ મટે, મને પૂર્ણ આત્મ-સ્વાસ્થ્યરૂપી મોક્ષની પ્રાપ્તિ કરવા સમર્થ બનું એમ આપની ભક્તિ જ મને આત્મહિતને માટે પરમ ઉત્તમ સાધન-નિમિત્ત બની રહો એ ભાવના ભાવું છું.

ભાવાર્થ :—"આપ અમારા કલ્યાણને માટે પ્રસન્ન થાઓ" એવી અલંકૃત ભાષામાં ભક્તો પ્રાર્થના કરે છે તેમાં તે શબ્દોનો આશય એટલો જ છે કે આપ અમારા ઉપર પ્રસન્ન થતાં ફળ સ્વરૂપે અમોને કલ્યાણની પ્રાપ્તિ થશે. વીતરાગ જિનેન્દ્ર કોઈની ઉપર પ્રસન્ન થાય અથવા નારાજ થાય તેમ નથી તેઓ તો નિરંતર આત્મસ્વરૂપમાં

સ્થિત અને પ્રસન્ન હોય છે જેથી તેવી પ્રાર્થનાનો કાંઈ અર્થ નથી. અહીં તો માત્ર અલંકારી ભાષારૂપે પ્રાર્થના છે જે એક ભાવનાનું સ્વરૂપ છે તેની સફળતા તો ત્યારે થાય કે જ્યારે અમે વીતરાગ એવા ધર્મ-જિનની પ્રસન્ન ચિત્તે આરાધના કરી ભૂતાર્થતત્ત્વમાં તન્મયતા પ્રાપ્ત કરીએ અને તેવી સ્થિતિમાં ફળસ્વરૂપે આત્મકલ્યાણ સિદ્ધ કરવા સમર્થ બનીએ. જેમ કોઈ રોગી પ્રસન્નતાપૂર્વક કોઈ રસાયન ઔષધિનું સેવન કરી નિરોગતાનો લાભ પ્રાપ્ત કરે છે એમ વીતરાગ-દેવની નિશ્ચય ભક્તિ વડે અમે પણ મોક્ષસ્વરૂપ પૂર્ણ આત્મ-સ્વાસ્થ્યની સત ચિત આનંદ સ્વરૂપની-પ્રાપ્તિ કરવા સમર્થ બનીએ. ૫. ૭૫.

—૦—

## (૧૬) શ્રી શાન્તિજિન-સ્તવન

વિધાય રક્ષાં પરતઃ પ્રજાનાં
રાજા ચિરં યોઽપ્રતિમ-પ્રતાપઃ
વ્યધાત્પુરસ્તાત્સ્વત એવ શાન્તિ-
ર્મુનિર્દયા-મૂર્તિરિવાઽઘશાન્તિમ્ ॥ ૧ ॥

અર્થઃ—જિનેન્દ્ર શ્રી શાન્તિનાથે પ્રજાનું શત્રુઓથી રક્ષણ કરી લાંબા કાળ સુધી અનુપમ, પરાક્રમધારી ચક્રવર્તીના પદે સામ્રાટ થયા બાદ સ્વયં કોઈના ઉપદેશ વિના, કરુણાની મૂર્તિસ્વરૂપ મુનિ પદને અંગીકાર કર્યું. એમ હે ભગવંત! આપે હિંસાદિ કષાયોની શાન્તિ કરી જેથી શાન્તિ એવા સાર્થક નામને ધરાવો છો. ૧.

ચક્રેણ યઃ શત્રુ-ભયંકરેણ
જિત્વા નૃપઃ સર્વ-નરેન્દ્ર-ચક્રમ્ ।
સમાધિ-ચક્રેણ પુનર્જિગાય
મહોદયો દુર્જય-મોહ-ચક્રમ્ ॥ ૨ ॥



અર્થઃ—રાજ્ય અવસ્થામાં શત્રુઓને ભયંકર એવા ચક્રરત્ન વડે સર્વે રાજાઓના સમૂહને જીતી આપ ચક્રવર્તી-સમ્રાટ-બન્યા, ત્યારબાદ મુનિ અવસ્થામાં ધર્મધ્યાન અને શુક્લધ્યાનના પ્રભાવવાળા સમાધિ-ચક્રવડે દુર્જય એવા મોહનીય કર્મની મૂળ અને ઉત્તર પ્રકૃતિવાળા સમસ્ત મોહચક્રને જીતી આત્માના સંપૂર્ણ વિકાસવાળા મહાન ઉદયને આપ પ્રાપ્ત થયાં છો. ૨.

રાજ-શ્રિયા રાજસુ રાજ-સિંહો
રરાજ યો રાજ-સુભોગ-તન્ત્રઃ ।
આર્હન્ત્ય-લક્ષ્મ્યા પુનરાત્મ-તન્ત્રો
દેવાઽસુરોદાર-સભે રરાજ ॥ ૩ ॥

અર્થઃ—એમ રાજેન્દ્રના પદે રાજાને યોગ્ય મહા મનોહર ભોગોના સૌભાગ્યને પ્રાપ્ત રાજલક્ષ્મી સહિત રાજાઓની મધ્યમાં આપ શોભાને પ્રાપ્ત થયા હતા; ત્યારબાદ પરમ વીતરાગ પદમાં આત્માને કર્મોના બંધનથી મુક્ત કરી, આત્મિય સુખામૃતના રસમાં મગ્ન થઈ અનંત જ્ઞાનાદિ અંતરંગવાળા તથા અષ્ટ પ્રાતિહાર્ય અને સમવસરણ આદિ બાહ્ય વિભૂતિવાળા એવા અર્હંત પદની પ્રાપ્તિ થતાં દેવો અને મનુષ્યો આદિની સભા મધ્યે આપ અતિ ઉત્કૃષ્ટ પણે શોભાને પ્રાપ્ત થયાં હતાં. ૩.

યસ્મિન્નભૂદ્રાજનિ રાજ-ચક્રં
મુનૌ દયા-દીધિતિ-ધર્મ-ચક્રમ્ ।
પૂજ્યે મુહુઃ પ્રાંજલિ દેવ-ચક્રં
ધ્યાનોન્મુખે ધ્વંસિ કૃતાન્ત-ચક્રમ્ ॥ ૪ ॥

અર્થઃ—સમ્રાટ પદમાં અનેક રાજાઓનો સમૂહ બન્ને હાથ જોડીને આપની સન્મુખ ખડાપગે રહ્યો અને મુનિપદમાં દયાના કિરણો-વાળા ધર્મચક્રને આપે આત્માધીન કર્યું જે વડે અર્હંત પદની પ્રાપ્તિ થતાં ધર્મતીર્થના પ્રવર્તન વડે દેવોનો સમૂહ આપને વારંવાર હાથ

જોડી સ્તુતિ-નમસ્કાર કરતો રહ્યો તથા અંતિમે યોગના છેલ્લા સમયે પરમ શુક્લધ્યાનની સન્મુખ થતાં બાકી રહેલાં ચાર અઘાતી કર્મરૂપી કૃતાંતચક્રનો નાશ કરી આપ સિદ્ધિને પામ્યા-મોક્ષલક્ષ્મીને વર્યા. ૪.

સ્વદોષ-શાન્ત્યા વિહિતાઽઽત્મશાન્તિઃ
શાન્તેર્વિધાતા શરણં ગતાનામ્ ।
ભૂયાદ્‌ભવ-ક્લેશ-ભયોપશાન્ત્ય
શાન્તિર્જિનો મે ભગવાન્ શરણ્યઃ ॥ ૫ ॥ (૮૦)

અર્થ:—એ રીતે આપ ભગવંતે સ્વયં રાગ-દ્વેષ અને અજ્ઞાનરૂપી કામ-ક્રોધાદિ વિકાર જન્ય સ્વ-દોષની સંપૂર્ણપણે નિવૃત્તિ કરીને સંપૂર્ણ સુખસ્વરૂપ આત્મશાન્તિ પ્રાપ્ત કરી તેમજ શરણાગત ભવ્ય આત્માઓને આપ શાન્તિના વિધાતા બન્યા છો માટે શાન્તિસ્વરૂપ ભગવંત શ્રી શાન્તિનાથનું હું શરણું અંગીકાર કરૂં છું. સંસાર પરિભ્રમણરૂપી મારા સર્વે ક્લેશોની અને ભયોની ઉપશાન્તિ માટે હે શ્રી શાન્તિજિન! આપ જ નિમિત્ત બનો.

ભાવાર્થ:—રાગ-દ્વેષ, કામ-ક્રોધાદિ વિકાર દોષોની શાન્તિ કરવાથી આત્મિય સુખ-શાન્તિ પ્રાપ્ત થાય છે. જે મહાન આત્માઓએ સ્વદોષોને ટાળી સ્વસ્વરૂપમાં સુખ-શાન્તિની પ્રતિષ્ઠા કરી છે એવા આત્મા જ શરણાગત ભવ્ય જીવોને માટે યથાર્થ સુખ-શાંતિના વિધાયક બને છે. સુખ-શાન્તિનો સંચાર કરવા અથવા સુખરૂપ પરિણતી થવામાં તેઓ સહાયરૂપ નીવડે છે. જોકે એવા મહાન વીતરાગ મહાત્માઓને એવું કરવાની ઇચ્છા થતી નથી અને તેવો પ્રયત્ન કરવો પડતો નથી-સ્વયં જ એવા પ્રકાર બની જાય છે. જેમકે અગ્નિની નજીક જતાં ગરમરૂપ પરિણમન થાય અને હિમાલય જેવા શીતપ્રધાન પ્રદેશમાં જતાં શીતલ પરિણમન થાય છે એમ તદ્‌રૂપ પરિણમન સહેજે થઈ જાય છે તે માટે અગ્નિની કે હિમાલયની તેમાં પ્રેરણાની જરૂર રહેતી નથી.



હે શ્રી શાન્તિનાથ જિનવર! આપે રાગાદિ વિભાવ પરિણતીરૂપ સ્વદોષોની સંપૂર્ણપણે શાન્તિ કરી-શાન્તિમાં આપ સ્થિત થયાં-જેથી શરણાગત ભવ્ય આત્માઓને માટે સુખસમાધિના આપ જ વિધાતા છો-આપ કાંઈપણ ઇચ્છા કે પ્રેરણા વિના જીવોને માટે સુખ-શાન્તિનો સંચાર થવામાં-તેવા પરિણામ પ્રાપ્ત થવામાં-પ્રબળ નિમિત્ત-કારણ છો. અત્રે સ્વામી શ્રી સમન્તભદ્રઆચાર્ય સ્તુતિ કરતાં ભાવના ભાવે છે કે હું એવા શાન્તિસ્વરૂપ જિનવરના શરણને પ્રાપ્ત થાઉં છું.-તેમની શાન્તિ પદ્ધતિને અપનાવીને તેની આરાધના કરૂં છું-ભક્તિ કરૂં છું-જેના ફળ સ્વરૂપે મારા સંસાર પરિભ્રમણનો અંત આવે-મારા સાંસારિક ક્લેશો-દુઃખો અને ભયોની શાન્તિ થાઓ. આત્મશાન્તિ માત્ર સ્વ-સન્મુખતા વડે જ પ્રાપ્ત થાય છે એમ સ્પષ્ટ શ્રદ્ધામાં રાખીને સાધક જીવ વીતરાગની આરાધના કરે છે. શ્રી સમન્તભદ્રસ્વામીએ એવી અભેદ ભક્તિ-આરાધના ભાવી છે. ૫. ૮૦.

—૦—

## (૧૭) શ્રી કુન્થુજિન-સ્તવન

કુન્થુ-પ્રભૃત્યખિલ-સત્ત્વ-દયૈકતાનઃ
કુન્થુર્જિનો જ્વર-જરા-મરણોપશાન્ત્યૈ ।
ત્વં ધર્મ-ચક્રમિહ વર્તયસિ સ્મ ભૂત્યૈ
ભૂત્વા પુરા ક્ષિતિપતીશ્વર-ચક્રપાણિઃ ॥ ૧ ॥

અર્થ:—નાનામાં નાના સૂક્ષ્મ કુંથવા આદિ જીવથી લઈ સમસ્ત જીવો ઉપરની પૂર્ણ દયાના અનન્ય એકાકાર વિસ્તારને લીધે તેવા એકાકાર સાર્થક નામ સંજ્ઞાના ધારક હે શ્રી કુન્થુનાથ જિનેન્દ્ર! આપે પ્રથમ ગૃહ અવસ્થામાં રાજ્ય વિભૂતિની પ્રાપ્તિ નિમિત્તે સુદર્શન ચક્રને હાથમાં ધારણ કરી મહાન રાજવીઓના સ્વામી એવા ચક્રવર્તીના પદને પ્રાપ્ત કર્યું. ત્યારબાદ જ્વર આદિ રોગોની તેમજ

જરા અને મરણના દુઃખોની ઉપશાન્તિરૂપ મોક્ષ વિભૂતિની પ્રાપ્તિ માટે રત્નત્રયસ્વરૂપ એવા ધર્મચક્રને આ લોકમાં પ્રવર્તાવ્યું, એમ આપે ચક્રી તથા તીર્થંપ એવા બન્ને પદને પ્રાપ્ત કર્યાં છે. ૧.

તૃષ્ણાઽર્ચિષઃ પરિદહન્તિ ન શાન્તિરાસા-
મિષ્ટેન્દ્રિયાર્થ-વિભવૈઃ પરિવૃદ્ધિરેવ ।
સ્થિત્યૈવ કાય-પરિતાપ-હરં નિમિત્ત-
મિત્યાત્મવાન્ વિષય-સૌખ્ય-પરાંમુખોઽભૂત્ ॥ ૨ ॥

અર્થઃ—વિષય વાસનાની તૃષ્ણારૂપી અગ્નિની જ્વાળા સ્વભાવે જ હૃદયમાં સંતાપ ઉત્પન્ન કરે છે અને અતિ વિપુલ પ્રમાણમાં ઇચ્છિત ઇન્દ્રિય-વિષયોની સામગ્રી વડે પણ એ જ્વાળાઓની શાન્તિ થતી નથી ઉલટું તેની વૃદ્ધિ જ થાય છે કેમકે વસ્તુસ્થિતિ જ એવી છે. જેમ જેમ ઇન્દ્રિય વિષય ભોગોનું અધિક અધિક સેવન કરવામાં આવે તેમ તેમ તે તે ભોગોને માટે અધિકથી અધિકતર તૃષ્ણાની વૃદ્ધિ થાય છે અર્થાત્ તેવું સેવન કરતાં ઇન્દ્રિયના વિષય ભોગો અલ્પકાળને માટે શારીરિક સંતાપને દૂર કરવા કદાચિદ્ નિમિત્ત માત્ર થાય પરંતુ તે તૃષ્ણારૂપી અગ્નિની જ્વાળાઓને શાન્ત કરવા તે સમર્થ નથી. ભૂતાર્થના પરિગ્રહણ વડે આમ જાણીને હે આત્મવાન! હે ઇન્દ્રિય વિજેતા ભગવંત! આપ વિષયસુખોથી ઉદાસીન થઈને ચક્રવર્તીની સમસ્ત વિભૂતિને આપે હેય જાણી તેનાથી વિરક્ત થઈ સ્વ આત્માના પૂર્ણ વિકાસની સિદ્ધિને માટે આપે જિન-દીક્ષા ગ્રહણ કરી. ૨.

બાહ્યં તપઃ પરમ-દુશ્ચરમાઽઽચરંસ્ત્વ-
માઽઽધ્યાત્મિકસ્ય તપસઃ પરિબૃંહણાર્થમ્ ।
ધ્યાનં નિરસ્ય કલુષ-દ્વયમુત્તરસ્મિન્
ધ્યાન-દ્વયે વવૃતિષેઽતિશયોપપન્ને ॥ ૩ ॥

અર્થઃ—જિનદીક્ષા ગ્રહણ કરીને આપે આત્મધ્યાનરૂપી આધ્યાત્મિક તપની પરિવૃદ્ધિને માટે અનશન આદિ બાહ્ય, ઘોર, દુર્દ્ધર તપશ્ચરણ



કર્યું જે વડે આર્ત્તધ્યાન તથા રૌદ્રધ્યાન એ બન્ને દુરધ્યાનોને ટાળી તેના ઉત્તરવર્તી જે ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ બન્ને સાતિશય ધ્યાનોની પ્રવૃત્તિ કરી-સિદ્ધિ કરી છે. ૩.

હુત્વા સ્વ-કર્મ-કટુક-પ્રકૃતીશ્ચતસ્રો
રત્નત્રયાઽતિશય-તેજસિ જાત-વીર્યઃ ।
બભ્રાજિષે સકલ-વેદ-વિધેર્વિનેતા
વ્યભ્રે યથા વિયતિ દીપ્ત-રુચિર્વિવસ્વાન્ ॥ ૪ ॥

અર્થ :—એવા સાતિશય ધ્યાન વડે હે શ્રી કુન્થુજિન! આપે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતી કર્મોની પ્રકૃતિઓને, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રરૂપી રત્નત્રયવાળા પરમ શુક્લધ્યાનની અગ્નિમાં ભસ્મ કરીને આપ જાત-વીર્ય એટલે અનંતચતુષ્ટય શક્તિના ધારક થયા તેમજ સકલ વેદ-વિધિ અર્થાત સંપૂર્ણ લોકાલોક વિષયક જ્ઞાનના વિધાયક એવા આગમોના આપ પ્રણેતા બન્યા. જેમ વાદળોના આવરણરહિત મેઘ નિર્મળ આકાશમાં તેજસ્વી સૂર્ય પ્રકાશે તેમ આપ પ્રકાશિત થયા-શોભાને પ્રાપ્ત થયાં. ૪.

યસ્માન્મુનીંદ્ર! તવ લોક-પિતામહાદ્યા
વિદ્યા-વિભૂતિ-કણિકામપિ નાપ્નુવન્તિ
તસ્માદ્ભવન્તમજમપ્રતિમેયમાઽઽર્યાઃ
સ્તુત્યં સ્તુવન્તિ સુધિયઃ સ્વ-હિતૈકતાનાઃ ॥ ૫ ॥ (૮૫)

અર્થઃ—હે યતિ શ્રેષ્ઠ શ્રી કુન્થુજિન! જગતે માનેલા એવા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, કપિલ, સુગત આદિ લોક પિતામહો આપના કેવળજ્ઞાનની અને સમવસરણ આદિ વિભૂતિની એક કર્ણીકા-એક અંશને પણ પ્રાપ્ત થયાં નથી તેથી જેને આત્મહિતના ઉપાયની જ ધૂન લાગી છે એવા શ્રી ગણધરદેવ આદિ મહાત્માઓ આપની જ સ્તુતિ કરે છે કેમકે આપ પુનર્જન્મથી રહિત છો અને અવિનાશી

અનંત જ્ઞાનના ધારક છો માટે આપ જ એવા અદ્વિતીય, અનુપમ સ્તુતિને પાત્ર છો. તેને પાત્ર થવા અમે પણ આપની જ સ્તુતિ કરીએ છીએ. ૫-૮૫.

—૦—

## (૧૮) શ્રી અરજિન-સ્તવન

ગુણ-સ્તોકં સદુલ્લંઘ્ય તદ્બહુત્વ-કથા સ્તુતિઃ ।
આનન્ત્યાત્તે ગુણા વક્તુમશક્યાસ્ત્વયિ સા કથમ્ ॥ ૧ ॥

અર્થઃ—હે ભગવંત! વર્તતા અલ્પ ગુણોને વધારી વધારીને બહુ કહેવા તેને લોકમાં સ્તુતિ કહે છે પરંતુ હે અરજિન! એવી સ્તુતિ આપના વિષયમાં બની જ કેમ શકે? ન જ બની શકે; કેમકે આપના ગુણો અનંત છે જેમાંથી થોડા માત્ર પણ કહી શકાતાં નથી તો પછી તેને વધારી વધારીને બહુ કહીને સ્તુતિ કરવી તે કેમ બને? સારાંશ કે હું આપની યથાર્થ સ્તુતિ કરવાને માટે અસમર્થ છું.

તથાઽપિ તે મુનીન્દ્રસ્ય યતો નામાઽપિ કીર્તિતમ્ ।
પુનાતિ પુણ્ય-કીર્તેર્નસ્તતો બ્રૂયામ કિંચન ॥ ૨ ॥

અર્થઃ—એમ જોકે આપના ગુણનું સ્તવન કરવું અશક્ય છે છતાં આપની વાણી પવિત્ર-પ્રશસ્ત છે, આપની કીર્તિ પ્રશસ્ત છે અને આપની સ્તુતિ પુણ્ય ઉત્પાદક તથા પવિત્રતાની સંપાદક છે એવા એવા આપ પુણ્યકીર્તિ મહા મુનીન્દ્રના ગુણોનું ભક્તિપૂર્વક અલ્પાંશે પણ નામ સ્મરણ કરવું તે અમોને પવિત્ર કરે છે, માટે હું આપના ગુણોનું સહજ કથન કરું છું. ૨.

લક્ષ્મી-વિભવ-સર્વસ્વં મુમુક્ષોશ્ચક્ર-લાંછનમ્ ।
સામ્રાજ્યં સાર્વભૌમં તે જરત્તૃણમિવાઽભવત્ ॥ ૩ ॥

અર્થ:—સુદર્શનચક્રના ચિહ્ન સાથે સર્વસ્વ લક્ષ્મીની વિભૂતિની



સંપદાવાળું જે ચક્રવર્તીનું પદ-સાર્વભૌમ સામ્રાજ્ય આપને સંપ્રાપ્ત થયેલ તેને જ્યારે આપ મોક્ષલક્ષ્મીને સંપ્રાપ્ત કરવાની ઇચ્છાને સફળ કરવાને ઉદ્યત થયાં ત્યારે ભૂતાર્થના પરિગ્રહણ દ્વારા આપે તેવા ચક્રવર્તીના પદને એક જીર્ણ તણખલા તુલ્ય અસાર જાણી તેનો ત્યાગ કર્યો.

તવ રૂપસ્ય સૌન્દર્યં દૃષ્ટ્વા તૃપ્તિમનાપિવાન્ ।
દ્વયક્ષઃ શક્રઃ સહસ્રાક્ષો બભૂવ બહુ-વિસ્મયઃ ॥ ૪ ॥

અર્થ:—આપના રૂપ સૌન્દર્યને બે નેત્રો વડે જોતાં દેવેન્દ્રને તૃપ્તિ થઈ નહીં, તેથી તેણે આપના સર્વોત્કૃષ્ટરૂપને જોવાને માટે વિક્રિયા કરી એક હજાર નેત્રો કરી જોયું તેમ છતાં તેને તૃપ્તિ થઈ નહીં, અંતે તે બહુ વિસ્મય પામ્યા.

મોહરૂપો રિપુઃ પાપઃ કષાય-ભટ-સાધનઃ ।
દૃષ્ટિ-સંવિદુપેક્ષાઽસ્ત્રૈસ્ત્વયા ધીર! પરાજિતઃ ॥ ૫ ॥

અર્થ:—ક્રોધ-માન-માયા લોભાદિ કષાયરૂપી સુભટની સેનાવાળા મોહનીયકર્મરૂપી મહાન શત્રુ કે જે મુખ્યત્વે આત્માના ગુણોનો ઘાતક છે તેને હે ધીર અરનાથ! આપે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર વડે તેમજ પરમ ઉદાસીનતા લક્ષણભૂત દિવ્ય શસ્ત્રો-અસ્ત્રોવડે પરાજિત કર્યો-તેને જીતી લીધો. (પરમ ઉદાસીનતા એટલે પરિષહ-ઉપસર્ગ થતાં અક્ષોભ ચિત્ત સ્થિતિ.)

કન્દર્પસ્યોદ્ધુરો દર્પસ્ત્રૈલોક્ય-વિજયાર્જિતઃ ।
હ્રેપયામાસ તં ધીરે ત્વયિ પ્રતિહતોદયઃ ॥ ૬ ॥

અર્થ:—ત્રણલોકના વિજયથી ઉત્પન્ન થયેલ કામદેવના મહાન ગર્વને આપે પરાજીત કર્યો જેથી તે લજ્જા પામ્યો તેમજ આપ ધીર, વીર અક્ષોભચિત્તવાળા વીતરાગની સામે તે હીન પ્રભાવી બની જતાં તેની એકપણ સ્વચ્છંદ કળા કામ લાગી નહિ-સર્વ નિષ્ફળ ગઈ, અને તે ક્ષોભ પામ્યો.

આયત્યાં ચ તદાત્વે ચ દુઃખ-યોનિર્દુરુત્તરા ।
તૃષ્ણા-નદી ત્વયોત્તીર્ણા વિદ્યા-નાવા વિવિક્તયા ॥ ૭ ॥

અર્થ :—વળી આલોક અને પરલોકમાં જે દુઃખોની જ જનેતા છે અને પરંપરા કષ્ટને જ ઉત્પન્ન કરનાર છે તથા જેનો પાર પામવો બહુ કઠિન છે એવી તૃષ્ણારૂપી નદીને સ્વરૂપમાં લીનતા વડે અર્થાત્ નિર્દોષ આત્મજ્ઞાનરૂપી નૌકાવડે પાર કરી–આપ તૃષ્ણા રહિત થયાં.

અન્તકઃ ક્રન્દકો નૃણાં જન્મ-જ્વર-સખઃ સદા ।
ત્વામન્તકાઽન્તકં પ્રાપ્ય વ્યાવૃત્તઃ કામ-કારતઃ ॥ ૮ ॥

અર્થ :—પુનર્જન્મ તથા જ્વર આદિ રોગોનો મિત્ર જે અન્તક એટલે યમરાજ, જે મનુષ્યોને સદા દુઃખ જ આપનાર છે તે યમરાજનો આપે નાશ કર્યો. એમ એ કાળરૂપી અન્તક આપના શરણે આવી આપના પ્રત્યેનો તેનો સર્વ સ્વચ્છંદ વ્યવહાર તેણે બંધ કર્યો અર્થાત આપ અજર અમર પ્રગટ થયા.

ભૂષા-વેષાઽઽયુધ-ત્યાગિ વિદ્યા-દમ-દયા-પરમ્ ।
રૂપમેવ તવાઽઽચષ્ટે ધીર ! દોષ-વિનિગ્રહમ્ ॥ ૯ ॥

અર્થ :—વળી હે ધીર-વીર-અરજિન ! આભૂષણો-વેષ અને આયુધોના ત્યાગવાળું નિર્મળજ્ઞાન તેમજ કષાય–ઇન્દ્રિયના જયથી ઉત્પન્ન થયેલ શાન્ત ભાવ, અને અપૂર્વ–ઉત્કૃષ્ટ દયાના નિધિ આપનું એ રૂપ તે એમ જ સિદ્ધ કરે છે કે આપે મોહાદિ સર્વે દોષોનો સંપૂર્ણ નાશ કર્યો છે.

ભાવાર્થ:—રાગ અને અહંકારના ત્યાગ વિના રત્નજડિત હાર વગેરે આભૂષણોની તથા જટા–મુગટ, તથા રંગ-બેરંગી વસ્ત્ર આદિ વેષના ત્યાગની પ્રવૃત્તિ વૃથા છે–ખોટી જ છે. વળી દ્વેષ અને ભયના ત્યાગ વિના શસ્ત્રો–અસ્ત્રોનો ત્યાગ થતો નથી અને અજ્ઞાન નાશ પામતું નથી. અર્થાત્ રાગ–દ્વેષ હોય ત્યાંસુધી જ્ઞાનની યથાર્થતા અને



ઉત્કૃષ્ટતા થતી નથી. દર્શનમોહનીય કર્મનો ક્ષય થયા વિના કષાયો તથા ઇન્દ્રિયોનો સંપૂર્ણ નિગ્રહ થઈ શકતો નથી; તેમ જ હિંસા વૃત્તિ, દ્વેષ અને લૌકિક સ્વાર્થવૃત્તિના ત્યાગ વિના, અપૂર્વ દયામાં તત્પરતા આવતી નથી. વસ્તુસ્થિતિ એમ છે પરંતુ આપે તેવા સર્વ દોષોનો સંપૂર્ણપણે નિગ્રહ જ કર્યો છે તેમ સિદ્ધ થાય છે.

સમન્તતોઽઙ્ગભાસાં તે પરિવેષેણ ભૂયસા ।
તમો બાહ્યમપાકીર્ણમધ્યાત્મં ધ્યાન-તેજસા ॥ ૧૦ ॥

અર્થ:—આપના શરીરમાંથી ચારે તરફ ફેલાએલા તેજવાળા વિશાળ પ્રભામંડળથી બાહ્ય અંધકાર નાશ પામ્યો છે તથા આત્મ-ધ્યાન (શુક્લધ્યાન)ના પ્રકાશ વડે અંતરંગ જ્ઞાનાવરણ આદિરૂપ અજ્ઞાન અંધકારનો નાશ થયો છે.

સર્વજ્ઞ-જ્યોતિષોદ્ભૂતસ્તાવકો મહિમોદયઃ ।
કં ન કુર્યાત્પ્રણમ્રં તે સત્ત્વં નાથ ! સચેતનમ્ ॥ ૧૧ ॥

અર્થ:—હે નાથ, હે અરજિન ! આપની એ જ્ઞાનના ઉત્કર્ષવાળી સર્વજ્ઞની જ્યોતિથી ઉત્પન્ન થયેલ આપના માહાત્મ્યના ઉદય પ્રત્યે કયો સચેતન પ્રાણી–જ્ઞાની જીવ–કે જે ગુણ–દોષના વિવેકમાં ચતુર છે તે આપના પ્રત્યે પ્રણમનશીલ ન બને ! અર્થાત સર્વે જ્ઞાની આત્માઓ આપના ચરણમાં શીશ નમાવીને આપને પ્રણામ કરે જ કરે.

તવ વાગમૃતં શ્રીમત્સર્વ-ભાષા-સ્વભાવકમ્ ।
પ્રીણયત્યમૃતં યદ્વત્પ્રાણિનો વ્યાપિ સંસદિ ॥ ૧૨ ॥

અર્થ:—સમવસરણ સભામાં વ્યાપ્ત, સર્વ ભાષાઓમાં પરિણમેલ અને સર્વે પદાર્થોને યથાર્થ પ્રતિપાદન કરવાની શક્તિરૂપ શ્રી સંપન્ન અર્થાત્ આપની દિવ્યધ્વનિ–આપના વચનામૃત–તે જગતના જીવોને સુધારસની જેમ તૃપ્ત કરે છે–સંતુષ્ટ કરે છે.

અનેકાન્તાત્મદૃષ્ટિસ્તે સતી શૂન્યો વિપર્યયઃ ।
તતઃ સર્વં મૃષોક્તં સ્યાત્તદયુક્તં સ્વઘાતતઃ ॥ ૧૩ ॥

અર્થ:—હે અરજિન! આપની અનેકાન્ત દૃષ્ટિ સત છે સત્ય છે, તેનાથી વિપરીત જે સર્વથા એકાન્તદૃષ્ટિ છે તે શૂન્ય હોવાથી અસત્ છે. અનેકાન્તદૃષ્ટિથી રહિત જે એકાંતદૃષ્ટિવાળું કથન છે તે સર્વથાને લીધે મિથ્યા છે કેમકે સત્-અસત આદિરૂપે તત્ત્વની જે સિદ્ધિ થાય છે તે એકાંતદૃષ્ટિ વડે સિદ્ધ કરી શકાતું નથી તેથી તે દૃષ્ટિ સ્વઘાતક છે. અનેકાન્ત વિના એકાંતની સ્વરૂપ પ્રતિષ્ઠા બની જ શકતી નથી.

યે પર-સ્ખલિતોન્નિદ્રાઃ સ્વ-દોષેભ-નિમીલનાઃ ।
તપસ્વિનસ્તે કિં કુર્યુરપાત્રં ત્વન્મત શ્રિયઃ ॥ ૧૪ ॥

અર્થ:—જેઓ અનેકાન્ત દૃષ્ટિના વિરોધી છે અને પરના દોષ જોવાને જાગૃત રહે છે તેવા એકાંતવાદી તપસ્વિઓ પોતાના તે દોષ પ્રત્યે ગજ-નિમીલન વ્યવહાર એટલે કે જાણવા છતાં નહિ જાણવાનો ડોળ કરીને વ્યવહાર-કરે છે. તે બીચારાં કરે પણ શું! તેઓથી સ્વ-પક્ષનું સાધન અને પર-પક્ષના દોષની સિદ્ધિ થઈ શકતી નથી તેથી તેઓ આપની અનેકાન્ત મતરૂપી લક્ષ્મીને પામવાને પાત્ર પણ થતાં નથી.

( ગજ-નિમીલન = હાથી પોતે આંખે દેખવા છતાં નહિ દેખવાનો ડોળ કરે એમ આંખ આડા કાન કરે એ સ્વભાવિક રીતે અપાત્રતા છે. )

તે તં સ્વઘાતિનં દોષં શમીકર્તુમનીશ્વરાઃ ।
ત્વદ્દ્વિષઃ સ્વહનો બાલાસ્તત્ત્વાઽવક્તવ્યતાં શ્રિતાઃ ॥ ૧૫ ॥

અર્થ:—એવા એકાન્તદૃષ્ટિવાળા જીવો પોતાના એ સ્વઘાતક દોષને દૂર કરવા સમર્થ થતાં નથી તેથી તેઓ આપના અનેકાન્તાત્મક મતનો દ્વેષ કરે છે. આમ પોતાના સિદ્ધાંતનો પોતાના હાથે જ ઘાત કરનાર હોવાથી આત્મઘાતિ કહ્યાં છે તથા તેઓ યથાવત વસ્તુસ્વરૂપના અજ્ઞાનને વશ બાળક છે, કેમકે વસ્તુતત્ત્વ સર્વથા અવક્તવ્ય કહીને તેઓએ તત્ત્વની અવ્યક્તવ્યતાનો જ આશ્રય લઈને વસ્તુતત્ત્વનું પ્રતિપાદન કર્યું છે ( જે અયથાર્થરૂપ છે ).



સદેક-નિત્ય-વક્તવ્યાસ્તદ્વિપક્ષાશ્ચ યે નયાઃ ।
સર્વથેતિ પ્રદુષ્યન્તિ પુષ્યન્તિ સ્યાદિતીહ તે ॥ ૧૬ ॥

અર્થ:—સત્, એક, નિત્ય, વ્યક્તવ્ય, તથા તેના વિપક્ષો અસત્, અનેક, અનિત્ય, અને અવ્યક્તવ્ય એમ જે નય પક્ષ છે તેને સર્વથારૂપે માનવામાં તથા કથન કરવામાં અતિ દોષ આવે છે-બાધા આવે છે-અને તેને સ્યાદ્ પદથી કહેતાં તે વચન પુષ્ટ છે-સમ્યક્ છે અર્થાત સર્વથા સત્ સર્વથા અસત્ સર્વથા એક ( અદ્વૈત ) સર્વથા અનેક ( દ્વૈત ) સર્વથા નિત્ય, સર્વથા અનિત્ય, સર્વથા વ્યક્તવ્ય અને સર્વથા અવ્યક્તવ્ય આદિ રૂપમાં જે પક્ષ-મત છે તે દૂષિત-દોષવાળો-નયપક્ષ છે વળી તે સ્વઈષ્ટની સિદ્ધિને બાધાકારક છે માટે સ્યાત સત, સ્યાત અસત, સ્યાત એક, સ્યાત અનેક, સ્યાત નિત્ય, સ્યાત અનિત્ય, સ્યાત વ્યક્તવ્ય, અને સ્યાત્ અવ્યક્તવ્ય વગેરે પક્ષ સમ્યગ્ પક્ષ છે કારણ કે તેમાં ભિન્ન-ભિન્ન દૃષ્ટિકોણ વડે સ્વકીય અર્થને નિર્બાધ રીતે પ્રતિપાદન થઈ શકવા સમર્થ છે.

સર્વથા-નિયમ-ત્યાગી યથાદૃષ્ટમપેક્ષકઃ ।
સ્યાચ્છબ્દસ્તાવકે ન્યાયે નાન્યેષામાત્મવિદ્વિષામ ॥ ૧૭ ॥

અર્થ:—વસ્તુ સત જ છે અસત્ જ છે, નિત્ય જ છે, અનિત્ય જ છે ઈત્યાદિરૂપે પ્રતિપાદન કરવાના નિયમનો ત્યાગ કરીને પ્રમાણરૂપે વસ્તુનું કથન કરનાર સમ્યગ્દૃષ્ટિ જીવનો અપેક્ષા સૂચક જે "સ્યાદ્" શબ્દ છે તે આપ અનેકાન્તવાદના પ્રરૂપક જિનવરદેવના ન્યાયી દર્શનમાં જ છે. આપના મતની બહાર ( સર્વથા ) એકાંતવાદી મતના જે દર્શનો છે તેમાં ન્યાયથી તત્ત્વ સિદ્ધ થતું નથી માટે તેઓ પોતે પોતાના જ વૈરી છે.

અનેકાન્તોઽપ્યનેકાન્તઃ પ્રમાણ-નય-સાધનઃ ।
અનેકાન્તઃ પ્રમાણાત્તે તદેકાન્તોઽર્પિતાન્નયાત્ ॥ ૧૮ ॥

અર્થ:—આપના મતથી સિદ્ધ થયેલ અનેકાન્ત પણ પ્રમાણ

દૃષ્ટિ અને નયપક્ષથી તો અનેકાન્તરૂપ જ છે અર્થાત્ એકાંત જ નહિ પરંતુ અનેકાન્ત પણ "કથંચિત્ એકાન્ત" અને "કથંચિત્ અનેકાન્ત સ્વરૂપે સિદ્ધ છે. "સકલાદેશઃ પ્રમાણાધીનઃ એ વાક્ય મુજબ પ્રમાણ દૃષ્ટિથી અનેકાન્તધર્મ સિદ્ધ થાય છે અને "વિકલાદેશઃ નયાધીનઃ" એ વાક્યથી વિવક્ષિત નયની અપેક્ષાએ તેમાં એકાંત પણ સિદ્ધ થાય છે અર્થાત અનેકાન્તનો પ્રતિનિયત ધર્મ એકાન્ત પણ સિદ્ધ થાય છેઃ એમ કોઈ નય વિશેષથી અનેકાન્તમાં એકાન્ત પક્ષની પણ સિદ્ધિ છે.

અનેકાંતિક માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી શ્રીમદ્‌પત્રાંક ૭૦૨.

ઇતિ નિરુપમ-યુક્ત-શાસનઃ
પ્રિય-હિત-યોગ-ગુણાઽનુશાસનઃ ।
અર-જિન ! દમ-તીર્થ-નાયક-
સ્ત્વમિવ સતાં પ્રતિબોધનાય કઃ ? ॥ ૧૯ ॥

અર્થ :—એ પ્રમાણે હે શ્રી અર-જિન ! આપ અદ્વિતીય અને નિર્બાધ પ્રમાણુની યુક્તિઓથી પ્રસિદ્ધ શાસનના પ્રવર્તક છો અર્થાત "નિરૂપમ-યુક્ત શાસન" છો. આપના મન-વચન-કાયાની પ્રવૃત્તિઓ અથવા સમાધિ યુક્ત આપના પ્રિય અને હિતકારી યોગો તેમજ સમ્યગ્દર્શન આદિ ગુણોના આપ અનુશાસક છો. આપ કષાય તથા ઇન્દ્રિયોના વિજયના વિધાયક છો તેમજ પ્રવચનતીર્થના સ્વામી અને દમતીર્થના નાયક છો. સાધુ પુરુષોને પ્રતિબોધને માટે આપના સિવાય અન્ય કોણ સમર્થ છે ? અન્ય કોઈ સમર્થ નથી.

મતિ-ગુણ-વિભવાનુરૂપત-
સ્ત્વયિ વરદાઽઽગમ-દૃષ્ટિરૂપતઃ ।
ગુણ-કૃશમપિ કિંચનોદિતં
મમ ભવતાદ્ દુરિતાસનોદિતમ્ ॥ ૨૦ ॥ (૧૦૫)



અર્થ :—હે સર્વશ્રેષ્ઠ મોક્ષપદના દાતા શ્રી અરજિન ! મેં મારી બુદ્ધિની શક્તિ અનુસાર તેમજ "આગમદૃષ્ટિ અનુરૂપ" તેના આધારે આપના વિષયમાં આપના અલ્પ-બહુ ગુણોનું કીર્તન-સ્તવન કર્યું છે જેના પ્રતાપે હું મારા મોહનીય આદિ સમસ્ત પાપ પ્રકૃતિઓનો નાશ કરવાને સમર્થ બનું એ ભાવના છે. ૨૦-૧૦૫.

—૦—

## (૧૯) શ્રી મલ્લિજિન-સ્તવન

યસ્ય મહર્ષેઃ સકલ-પદાર્થ-
પ્રત્યવબોધઃ સમજનિ સાક્ષાત્ ।
સાઽમર-મર્ત્યં જગદપિ સર્વં
પ્રાંજલિ ભૂત્વા પ્રણિપતતિ સ્મ ॥ ૧ ॥

અર્થ:—જે મહામુનિ-ઋષિ, શ્રી મલ્લિજિને, સર્વઘાતી કર્મોનો નાશ કરી જીવ આદિ સકલ પદાર્થોના પારપૂર્ણ જ્ઞાનને અર્થાત શ્રુતજ્ઞાન અને ઇન્દ્રિયજ્ઞાન આદિ સ્થૂલ જ્ઞાનથી પર-અને નિરપેક્ષ એવું પ્રત્યક્ષ જ્ઞાન-કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું તે વખતે દેવો-દેવેન્દ્ર અને મનુષ્યો સહિત સર્વ જગતના પ્રાણીઓએ હાથ જોડી જેમને નમસ્કાર કર્યાં છે તેવા શ્રીમાન્ મલ્લિનાથ ભગવંતનું હું શરણું ગ્રહણ કરું છું.

યસ્ય ચ મૂર્તિઃ કનકમયીવ
સ્વ-સ્ફુરદાભા-કૃત-પરિવેષા ।
વાગપિ તત્ત્વં કથયિતુકામા
સ્યાત્પદ-પૂર્વા રમયતિ સાધૂન્ ॥ ૨ ॥

અર્થ:—સુવર્ણમય એવી જેના દેહની આકૃતિ, ચારે તરફ સ્ફુરાયમાન ભામંડળના પ્રકાશથી જે વ્યાપ્ત છે, તથા જેની વાણી સ્યાત્ પદપૂર્વક યથાર્થ વસ્તુતત્ત્વનું કથન કરવાવાળી અને જિજ્ઞાસા

વાળા સાધુ પુરુષોને આકર્ષિત કરી રંજન કરનારી છે એવા શ્રીમાન મલ્લિજિનનું હું શરણું ગ્રહણ કરૂં છું.

યસ્ય પુરસ્તાદ્વિગલિત-માના
ન પ્રતિતીર્થ્યા ભુવિ વિવદન્તે
ભૂરપિ રમ્યા પ્રતિપદમાસી-
જ્જાત-વિકોશામ્બુજ-મૃદુ-હાસા ॥ ૩ ॥

અર્થ:—જેની સમક્ષ એકાંતવાદી મતના અનુયાયીઓના માન ગળી જતાં તેઓ આ પૃથ્વી ઉપર વાદ-વિવાદ કરવા અસમર્થ બન્યા હતા. વળી જેના વિહાર સમયે પૃથ્વી પણ પગલે પગલે જાણે કે ખીલી ઉઠેલા વિકસીત કમળો વડે મધુર હાસ્ય કરતી હોય તેવી અત્યંત રમણીય બની જતી હતી એવા શ્રી મલ્લિનાથ ભગવંતનું હું શરણું ગ્રહણ કરૂં છું.

યસ્ય સમન્તાજ્જિન-શિશિરાંશોઃ
શિષ્યક-સાધુ-ગ્રહ-વિભવોઽભૂત્ ।
તીર્થમપિ સ્વં જનન-સમુદ્ર-
ત્રાસિત-સત્વોત્તરણ-પથોઽગ્રમ ॥ ૪ ॥

અર્થ:—જેના શીતલ વચનરૂપી કિરણોના પ્રતાપથી સંસારના દુઃખોને શાન્ત કરનાર શ્રી મલ્લિનાથ ભગવંતનો વૈભવ, જેમ ચંદ્રની ચારે તરફ ગ્રહો અને તારાગણોનો સમૂહ શોભે છે તેમ જિન ચંદ્ર શ્રી મલ્લિનાથની ચારે દિશાઓમાં વ્યાપ્ત શિષ્ય-સાધુગણના સમૂહ રૂપી ગ્રહો તે સહિત ભગવંત શોભી રહ્યાં છે. તથા જેમનું શાસન આત્માના અનુભવરૂપ છે જેથી સંસાર સાગરના દુઃખોથી ભયભીત થયેલા પ્રાણીઓને પાર ઉતારવાને સર્વોત્કૃષ્ટ માર્ગરૂપ શાસન છે એવા શ્રી મલ્લિનાથ જિનેન્દ્રનું હું શરણું ગ્રહણ કરૂં છું.

યસ્ય ચ શુક્લં પરમતપોઽગ્નિ-
ર્ધ્યાનમનન્તં દુરિતમધાક્ષીત્ ।



તં જિન-સિંહં કૃતકરણીયં
મલ્લિમશલ્યં શરણમિતોઽસ્મિ ॥ ૫ ॥ (૧૧૦)

અર્થ:—પરમ શુકલધ્યાનરૂપી અગ્નિ વડે જેણે પરંપરાથી ચાલ્યા આવતાં અનંત દુષ્ટકર્મો-પાપોને બાળીને ભસ્મ કર્યાં એવા એ ગુણ વિશિષ્ટ-જિન શ્રેષ્ઠ કૃતકૃત્ય અને માયા-મિથ્યાત્વ શલ્ય આદિ નિદાન શલ્યથી રહિત નિઃશલ્ય શ્રીમદ્ મલ્લિ જિનેન્દ્ર તેમનું મેં શરણું ગ્રહણ કર્યું છે. તેના શરણથી મારા અનંત દુરિતરૂપ કર્મ શત્રુઓથી મારૂં રક્ષણ થાય. એમ મારા અનંત પાપ કર્મોનો નાશ કરવા મેં તેમનું શરણું ગ્રહણ કર્યું છે. ( મલ્લિં શરણં ગચ્છામિ )

—o—

# (૨૦) શ્રી મુનિસુવ્રતજિન-સ્તવન

અધિગત-મુનિ-સુવ્રત-સ્થિતિ-
ર્મુનિ-વૃષભો મુનિસુવ્રતોઽનઘઃ ।
મુનિ-પરિષદિ નિર્બભૌ ભવા-
નુડુ-પરિષત્પરિવીત-સોમવત્ ॥ ૧ ॥ (૧૧૧)

અર્થ :—મુનિઓને યોગ્ય મૂળ અને ઉત્તર ગુણોની-ઉત્તમ સુવ્રતોની સ્થિતિને યથાર્થ માત્ર જાણનાર જ નહિ પરંતુ જાણીને સ્વતઃ આચરણમાં મૂકી તેમાં સ્થિર થવાના કારણે આપ “ મુનિ સુવ્રત ” એવા શ્રેષ્ઠ મુનિરાજની અન્વર્થ નામ સંજ્ઞાના ધારક તથા ચાર ઘનઘાતિ કર્મના પાપથી મુક્ત હે નિષ્પાપ મહા મુનીશ્વર! જેમ નક્ષત્ર અને તારાગણના સમૂહ વચ્ચે પૂર્ણ ચંદ્રમા શોભે છે તેમ આપ ગણધર આદિ જ્ઞાની સત્ પુરુષોની મધ્યમાં સમવસરણમાં બીરાજમાન અત્યંત શોભાને પ્રાપ્ત પ્રકાશી રહ્યા છો.

પરિણુત-શિખિ-કંઠ-રાગયા
કૃત-મદ-નિગ્રહ-વિગ્રહાઽઽભયા ।
તવ જિન ! તપસઃ પ્રસૂતયા
ગ્રહ-પરિવેષ-રૂચેવ શોભિતમ્ ॥ ૨ ॥

અર્થ :—કામદેવના મદને જીતનારા અર્થાત કામદેવના અહંકારને નષ્ટ કરવાના પ્રતિક સમાન, અત્યંત દેદિપ્યમાન શરીરના ધારક હે શ્રી મુનિસુવ્રત જિન! જેમ પૂર્ણ ચંદ્રમંડળની જ્યોતિ આકાશમાં દીપે છે, તેવું તરૂણ મોરના કંઠના નીલવર્ણનું અને સાત ધાતુઓથી રહિત એવું તેમજ તપ વડે ઉત્પન્ન પરમ શાન્ત નિર્વિકાર આપનું તેજસ્વી શરીર–પરમનૈષ્ઠિક બ્રહ્મચર્યના પ્રતીક સમું અત્યંત દીપે છે. અર્થાત આપે કામને જીત્યો છે તેથી બ્રહ્મચર્યની પરમ શાંત, નિર્વિકાર દીપ્તિ વડે અને તપશ્ચરણ દ્વારા ઉત્પન્ન થયેલ પરમ પ્રતિબિંબરૂપ તેજ વડે આપ શોભાને પ્રાપ્ત થયાં છે.

શશિ-રૂચિ-શુચિ-શુક્લ-લોહિતં
સુરભિતરં વિરજો નિજં વપુઃ ।
તવ શિવમતિવિસ્મયં યતે !
યદપિ ચ વાંગ્મનસીયમીહિતમ્ ॥ ૩ ॥

અર્થઃ—હે યતિ શ્રેષ્ઠ! આપનું શરીર ચંદ્રમાની કાન્તિ સમાન નિર્મળ, સફેદ રંગના રૂધિરવાળું, અતિ સુગંધિત, મેલ રહિત, સુંદર, સ્વ-પર કલ્યાણમયી અને શિવસ્વરૂપ છે અને અત્યંત આશ્ચર્યથી ભરેલું છે. વળી મન–વચનની પ્રવૃત્તિરૂપ આપની ચેષ્ટા પણ આશ્ચર્યકારક અને કલ્યાણમય છે.

સ્થિતિ-જનન-નિરોધ-લક્ષણં
ચરમચરં ચ જગત્ પ્રતિક્ષણમ્ ।
ઇતિ જિન! સકલજ્ઞ-લાંછનમ્
વચનમિદં વદતાંવરસ્ય તે ॥ ૪ ॥



અર્થઃ—હે શ્રી મુનિસુવ્રત જિન! પ્રવક્તાઓમાં આપ સર્વ શ્રેષ્ઠ છો કેમકે આપનું એ વચન છે કે "જડ અને ચેતનસ્વરૂપી ચર–અચર આ છ જાતિના દ્રવ્યમય જગત, પ્રત્યેક સમયે ધ્રૌવ્ય–ઉત્પાદ અને વ્યયના લક્ષણે સત સ્વરૂપ છે" આપનું આ વચન આપની સર્વજ્ઞતાનું ચિહ્ન છે–સર્વજ્ઞતાનું જ સૂચક છે.

ભાવાર્થઃ—સકલ આ સંસારમાં જડ–ચેતન, સૂક્ષ્મ–સ્થૂળ અને મૂર્ત–અમૂર્ત એ સર્વે પદાર્થોમાં સમયે સમયે યુગપત્ ઉત્પાદ–વ્યય અને ધ્રુવત્વ એ ત્રણ લક્ષણ યુક્ત સતસ્વરૂપ છે એમ જે કહેવું તે ચિહ્ન સર્વજ્ઞતા વિના બીજી રીતે સંભવી ન જ શકે. માટે આપના એ પરમ અનુભુત વચનથી સ્પષ્ટ નિર્ણય થાય છે કે આપ સર્વજ્ઞ છો.

દુરિત-મલ-કલંકમષ્ટકં
નિરૂપમ-યોગ-બલેન નિર્દહન્
અભવદભવ-સૌખ્યવાન્ ભવાન્
ભવતુ મમાપિ ભવોપશાન્તયે ॥ ૫ ॥ (૧૧૫)

અર્થ :—આપના અનુપમ યોગબળ સહિત પરમ શુક્લધ્યાનરૂપી અગ્નિના તેજથી જીવના સ્વરૂપને નિશ્ચયે આવરણ કરનારા એવા જે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, અંતરાય, વેદનીય, આયુષ્ય, નામકર્મ અને ગોત્રકર્મ એ આઠ કર્મ કલંકોને એટલે કે તે આઠ પાપ મળને આપે ભસ્મ કરી સંસારમાં અપૂર્વ એવા અતીન્દ્રિય મોક્ષસુખને પ્રાપ્ત કર્યું છે. માટે આ સ્તુતિકારને (મને) સંસારના ભયંકર દુઃખોની શાન્તિ થવા માટે આપ બળવાન નિમિત્ત બનો. આપના આદર્શને હું પણ મારી દૃષ્ટિની સન્મુખ રાખી યોગબળ વડે મારા કર્મ કલંકોને બાળી અતીન્દ્રિય પરમ સુખને પ્રાપ્ત કરૂં એ પ્રાર્થના છે. ૫. ૧૧૫.

# (૨૧) શ્રી નમિજિન-સ્તવન

સ્તુતિઃ સ્તોતુઃ સાધોઃ કુશલ-પરિણામાય સ તદા
ભવેન્મા વા સ્તુત્યઃ ફલમપિ તતસ્તસ્ય ચ સતઃ ।
કિમેવં સ્વાધીન્યાજ્જગતિ સુલભે શ્રાયસ-પથે
સ્તુયાન્ન ત્વા વિદ્વાન્સતતમભિપૂજ્યં નમિ-જિનમ્ ॥ ૧ ॥

અર્થ :—સ્તુતિ કરતી વખતે જેની સ્તુતિ કરવામાં આવે છે તે પ્રત્યક્ષ હાજર હોય કે ન હોય અને સ્તુતિનું ફળ પણ સીધું તેના તરફથી મળતું હોય કે ન મળતું હોય તોપણ વિવેક અને ભક્તિભાવપૂર્વક સ્તુતિ કરનાર સાધુ પુરુષને તે સ્તુતિ પુણ્ય–પ્રસાધકનું મુખ્ય નિમિત્ત જરૂર બને છે અને એવા પુણ્ય પ્રસાધક ભાવથી ઉત્પન્ન થતું લોકોત્તર પુણ્ય સ્તુતિકારને ઉત્તમ ફળની પ્રાપ્તિ કરાવે છે. એમ સ્વયં સ્વાધીનતાપૂર્વક કરેલ સ્તુતિથી આત્મકલ્યાણનો માર્ગ જો સુલભ બને છે તો હે સદૈવ ઇન્દ્ર આદિ દ્વારા પૂજ્ય શ્રી નમિજિન! પોતાના ભાવોની ઉજ્વલતા માટે એવો કોણ જ્ઞાની આપની સ્તુતિ ન કરે! અર્થાત સર્વે જ્ઞાની આત્માઓ આપની સ્તુતિ નિરંતર જરૂર કરે જ કરે.

ત્વયા ધીમન્! બ્રહ્મ-પ્રણિધિ-મનસા જન્મ-નિગલં
સમૂલં નિર્ભિન્નં ત્વમસિ વિદુષાં મોક્ષ-પદવી ।
ત્વયિ જ્ઞાન-જ્યોતિર્વિભવ-કિરણૈર્ભાતિ ભગવન્
નભૂવન્ ખદ્યોતા ઇવ શુચિરવાવન્યમતયઃ ॥ ૨ ॥

અર્થ :—હે બુદ્ધિ સંપન્ન, હે ઋદ્ધિ સંપન્ન ભગવંત શ્રી નમિજિન! આપે શુદ્ધાત્મસ્વરૂપમાં ચિત્તને એકાગ્ર કરી જન્મ જન્મના બંધનોના તેના મૂળ કારણ સહિત નાશ કર્યો છે જેથી વિવેકી–જ્ઞાનીજનો માટે આપ જ મોક્ષમાર્ગ સ્વરૂપ અર્થાત મોક્ષસ્થાન છો. હે



ભગવંત! જેમ નિર્મળ સૂર્યની સામે આગીઉં જંતુ (જુગ્નુ) નિઃસ્તેજ અને કાન્તિહીન બની જાય છે તેમ આપની સમર્થ કિરણોવાળી કેવળજ્ઞાનજ્યોતિ જે આપમાં પ્રકાશી રહી છે તેના પ્રકાશમાં એકાંતવાદી અન્ય મતવાળાઓ નિસ્તેજ બની જાય છે–પ્રભાવહીન બની જાય છે.

વિધેયં વાર્યં ચાઽનુભયમુભયં મિશ્રમપિ તદ્-
વિશેષૈઃ પ્રત્યેકં નિયમ-વિષયૈશ્ચાપરિમિતૈઃ
સદાઽન્યોન્યાપેક્ષૈઃ સકલ-ભુવન-જ્યેષ્ઠ-ગુરુણા
ત્વયા ગીતં તત્ત્વં બહુ-નય-વિવક્ષેતર-વશાત્ ॥ ૩ ॥

અર્થ :—હે સમસ્ત જગતના મહાનગુરુ શ્રી નમિજિન! આપે જીવ આદિ તત્ત્વોનું અનેક નયો વડે–સાપેક્ષ રીતે અને નિરપેક્ષ રીતે નિરૂપણ કર્યું છે. અર્થાત વિધિ અને પ્રતિષેધરૂપ, ઉભયરૂપ, અનુભયરૂપ, તથા મિશ્રભંગરૂપ નિરૂપણ કર્યું છે "વસ્તુતત્ત્વ" સ્વરૂપાદિ ચતુષ્ટયની અપેક્ષાએ અસ્તિરૂપ છે તથા પરચતુષ્ટયની અપેક્ષાએ નાસ્તિરૂપ અને ક્રમપૂર્વક કહી શકાવા યોગ્ય હોવાથી અસ્તિ–નાસ્તિરૂપ એકસાથે એક સમયે વચન વડે પ્રતિપાદન નહિ થઈ શકવાથી અવ્યક્તવ્યરૂપ તેમજ મિશ્રભંગે અસ્તિ અવ્યક્તવ્ય–નાસ્તિ અવ્યક્તવ્ય અને અસ્તિ-નાસ્તિ અવ્યક્તવ્યરૂપ એવા સપ્તભંગે આપે તત્ત્વનું નિરૂપણ કર્યું છે. એ રીતે અનંત ધર્મો સાથે રહ્યાં છે તે નિરૂપણ કર્યું છે. પ્રત્યેક અંશધર્મ પરસ્પર સદા સાપેક્ષ છે જે ધર્મ આ સાત ભંગના વિશિષ્ટ નિયમોને દૃષ્ટિમાં રાખી સ્વવિષય બનાવે છે. અર્થાત્ કોઈપણ વિશેષ અવસ્થા એટલે કોઈ અંશ ધર્મ એકબીજાથી સર્વથા નિરપેક્ષ હોઈ શકે નહિ અને સાત નિયમની બહાર પણ બની શકે નહિ.

અહિંસા ભૂતાનાં જગતિ વિદિતં બ્રહ્મ પરમં
ન સા તત્રાઽઽરમ્ભોઽસ્ત્યણુરપિ ચ યત્રાઽઽશ્રમવિધૌ ।

તતસ્તત્સિદ્ધ્યર્થં પરમ-કરુણો ગ્રન્થમુભયં
ભવાનેવાઽત્યાક્ષીન્ન ચ વિકૃત-વેષોપધિ-રતઃ ॥ ૪ ॥

અર્થઃ—જગતમાં પ્રાણીઓનો ઘાત ન કરવો અને તેને બચાવવા એમ અહિંસા ધર્મ, પરમ બ્રહ્મ પરમાત્મસ્વરૂપે છે, અને તે અતિ ઉચ્ચ કક્ષાની આત્મચર્યા છે. એવી અહિંસા આરંભવાળા આશ્રમ વિધિમાં કે તેવા સાધુ વર્ગમાં, અંશમાત્ર પણ સિદ્ધ થઈ શકતી નથી. (આપ ભગવંતે) એ અહિંસા પરમ બ્રહ્મની સિદ્ધિ માટે હે પરમ કરૂણાનિધિ જિનેશ્વર! આપે બાહ્યમાં વસ્ત્ર–અલંકાર આદિ ઉપાધિરૂપ પરિગ્રહનો ત્યાગ કર્યો તેમજ અંતરંગમાં રાગાદિ ભાવોરૂપ અભ્યંતર પરિગ્રહનો ત્યાગ કર્યો. એમ બંને પ્રકારના પરિગ્રહોનો ત્યાગ કરતાં તેના ફળ સ્વરૂપે પરમ બ્રહ્મસ્વરૂપ (યથાર્થ) અહિંસાની આપે સિદ્ધિ કરી છે; પરંતુ જે યથાજાત–લિંગ સ્વરૂપના વિરોધીઓ છે કે જેઓ જટા–મુગટ–ભભૂત–રાખ–શરીરે લગાવી ખાખી બાવાના વેશવાળા અથવા વસ્ત્રો-આભૂષણો અક્ષમાળા, મૃગચર્મ વગેરે ઉપાધિમાં આસક્ત વિકૃતવેશધારી જીવોએ તો બાહ્ય તથા અભ્યંતર પરિગ્રહનો ત્યાગ કર્યો નથી જેથી તેઓના આશ્રમ વિધિ–વિધાનમાં એ પરમ બ્રહ્મસ્વરૂપ અહિંસા–અંશે પણ સિદ્ધ થઈ શકતી નથી.

વપુર્ભૂષા-વેષ-વ્યવધિ-રહિતં શાન્ત-કરણં
યતસ્તે સંચષ્ટે સ્મર-શર વિષાઽઽતંક-વિજયમ ।
વિના ભીમૈઃ શસ્ત્રૈરદય-હૃદયાઽમર્ષ-વિલયં
તતસ્ત્વં નિર્મોહઃ શરણમસિ નઃ શાન્તિ-નિલયઃ ॥ ૫ ॥ ૧૨૦

અર્થઃ—હે જિનેન્દ્ર શ્રી નમિજિન! આભૂષણ–વેશ–વસ્ત્ર આદિના વ્યવધાન–આવરણથી રહિત તેમજ વિષયોની વાંછા વિનાનું અને ઇન્દ્રિયોની પરમ શાંત દશાનું પ્રતિક આપનું જે નગ્ન–દિગંબર સ્વરૂપ ખરેખર એવું બતાવે છે કે આપે કામદેવના બાણરૂપી વિષથી



ઉત્પન્ન થતી ચિત્તની પીડાનો એવી અસાધ્ય વ્યાધિનો ને નિર્દય હૃદયરૂપી ક્રોધાદિનો નાશ કર્યો છે. એ રીતે આપ સદા નિર્મોહ છો–વીતરાગ છો–અને સુખ–શાન્તિનું સ્થાન છો તેથી આપ જ મારા શરણ્ય છો–શરણ કરવા યોગ્ય છો અને હું આપનું જ શરણ ગ્રહણ કરું છું.

—૦—

## (૨૨) શ્રી અરિષ્ટનેમિજિન-સ્તવન

ભગવાનૃષિઃ પરમ-યોગ-
દહન-હુત-કલ્મષેન્ધનઃ ।
જ્ઞાન-વિપુલ-કિરણૈઃ સકલં
પ્રતિબુધ્ય બુદ્ધ-કમલાયતેક્ષણઃ ॥ ૧ ॥

હરિવંશ-કેતુરનવદ્ય-
વિનય-દમ-તીર્થ-નાયકઃ ।
શીલ-જલધિરભવો વિભવ-
સ્ત્વમરિષ્ટનેમિ-જિનકુંજરોઽજરઃ ॥ ૨ ॥

અર્થ—ખીલેલ કમળ જેવા વિશાળ નેત્રના ધારક, હરિવંશની ધ્વજારૂપ હે જિનેન્દ્ર શ્રી અરિષ્ટનેમિ! આપ સાતિશય ભગવાન ઋદ્ધિ સંપન્ન ઋષિ, અઢાર હજાર શીલના ધારક પરમ યોગી આપે ઉત્તમ શુક્લધ્યાનની અગ્નિ વડે જ્ઞાનાવરણ આદિ કર્મોરૂપી ઇન્ધનને બાળીને ભસ્મ કર્યા અને કેવળજ્ઞાનના વિપુલ કિરણો વડે લોકાલોકનું સ્વરૂપ જાણી, નિર્દોષ, વિનયી અને ઇન્દ્રિય વિજયી એવા ધર્મતીર્થના પ્રવર્તક બન્યા. આપ મુખ્યપણે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યગ્ તપ રૂપી તથા ઉપચારથી પાંચ પ્રકારના વિનયો, અને પંચેન્દ્રિયના જયરૂપી પાંચ પ્રકારના દમનના પ્રતિપાદક અને જિન

પ્રવચનરૂપી (દિવ્યધ્વનિ વડે) તીર્થના પ્રવર્તક બન્યા છો તેમજ આપ જરા રહિત છો અને ભવ-ભ્રમણથી વિમુક્ત થયા છો.

ત્રિદશેન્દ્ર-મૌલિ-મણિ-રત્ન-
કિરણ-વિસરોપચુમ્બિતમ્ ।
પાદ-યુગલમમલં ભવતો
વિકસત્કુશેશય-દલાડરૂણોદરમ્ ॥ ૩ ॥

નખ-ચન્દ્ર-રશ્મિ-કવચાડતિ-
રૂચિર-શિખરાંડગુલિ-સ્થલમ્ ।
સ્વાર્થ-નિયત-મનસઃ સુધિયઃ
પ્રણમન્તિ મન્ત્ર-મુખરા મહર્ષયઃ ॥ ૪ ॥

અર્થ :—દેવેન્દ્રના નમસ્કાર વડે તેના મુગટના મણિના કિરણો તેમજ વજ્ર આદિ રત્નોના કિરણોના પ્રસારથી સ્પર્શાએલ અને ખીલેલ હેમ કમળ જેવા રક્તવર્ણના જે આપના પાદતળ-(તળીયા) તથા નખરૂપી ચન્દ્રના કિરણોના તેજ વડે પ્રકાશિત અતિ મનોહર આંગળીઓના ઉન્નત પ્રદેશી આપના બન્ને નિર્મળ ચરણ કમળો તેમાં જ્ઞાની મહાઋષિ (ગણધર આદિ) મહાત્માઓ વારંવાર નમસ્કાર કરે છે. અને તેઓના સ્વ-આત્મકલ્યાણને માટે આતુરતા પૂર્વક, એક ચિત્તથી તેમના મુખમાંથી નિરંતર આપના ગુણ સ્તવન-આપની સ્તુતિરૂપ મંત્રનો પ્રવાહ પ્રવહે છે.

દ્યુતિમદ્રથાંગ-રવિ-બિમ્બ-
કિરણ-જટિલાંશુ મંડલઃ ।
નીલ-જલજ-દલ-રાશિ-વપુઃ
સહ બન્ધુભિર્ગરૂડકેતુરીશ્વરઃ ॥ ૫ ॥

હલભૃચ્ચ તે સ્વજનભક્તિ-
મુદિત-હૃદયૌ જનેશ્વરૌ ।



ધર્મ-વિનય-રસિકૌ સુતરાં
ચરણાડરવિન્દ-યુગલં પ્રણેમતુઃ ॥ ૬ ॥

અર્થ:—સુદર્શન ચક્રરૂપી સૂર્યમંડળના કિરણોથી વ્યાપ્ત રવિમંડળ જેવો જેના શરીરનો તેજસ્વી પ્રકાશ ફેલાએલ છે અને નીલકમળના દળોની રાશી જેવું શ્યામ વર્ણનું શરીર છે એવા એ ગરૂડધ્વજધારી શ્રીકૃષ્ણ વાસુદેવ અને બળદેવ શ્રી બળભદ્ર એ બંને પ્રજાનાયકોએ સ્વજન પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈ, પ્રમોદ ચિત્તે, અને ધર્મ વિનયરૂપી રસીક આચરણના પ્રેમ વડે સમસ્ત કુટુંબ આદિ પરિવાર સહિત સમવસરણમાં આવીને અત્યંત ભક્તિપૂર્વક આપના ચરણકમળોમાં શીશ નમાવી પ્રણામ કર્યા છે. આપના ચરણોમાં વારંવાર નમસ્કાર કર્યા છે.

કકુદં ભુવઃ ખચરયોષિ-
દુષિત-શિખરૈરલંકૃતઃ ।
મેઘ-પટલ-પરિવીત-તટ-
સ્તવ લક્ષણાનિ લિખિતાની વજ્રિણા ॥ ૭ ॥

વહતીતિ તીર્થમૃષિભિશ્ચ
સતતમભિગમ્યતેડદ્ય ચ ।
પ્રીતિ-વિતત-હૃદયૈઃ પરિતો
ભૃશમૂર્જયન્ત ઇતિ વિશ્રુતોડચલઃ ॥ ૮ ॥

અર્થ:—બેલની કાંધ નજીકનો સર્વોપરી અગ્રભાગ જે કુકુદ જેવો સુશોભિત હોય છે તેવો પૃથ્વીના ઉચ્ચસ્થાનની શોભાવાળો તથા વિદ્યાધરોની સ્ત્રીઓ વડે સેવિત શિખરો વડે સુશોભિત તેમજ જેના કિનારા મેઘ સમૂહથી વ્યાપ્ત રહે છે એવો એ જગત પ્રસિદ્ધ ઉર્જયન્ત (શ્રી ગિરનાર) નામે પર્વત છે જ્યાં ઇન્દ્રે વજ્ર વડે કોતરેલ આપના ચિહ્નરૂપે સ્વસ્તિક કરેલ છે તેથી જે ઉત્તમ તીર્થસ્થાન બનેલ છે. ગિરનારજી ઉપર જઈને આજે પણ ઋષિગણો

સ્વ–આત્માની સિદ્ધિને માટે નિરંતર અત્યંત ઉલ્લાસપૂર્વક આશ્રય લે છે–ઉલ્લાસ ચિત્તે ત્યાં તીર્થયાત્રાએ પધારે છે—

બહિરન્તરપ્યુભયથા ચ
કરણમવિઘાતિ નાઽર્થકૃત્ ।
નાથ! યુગપદખિલં ચ સદા
ત્વમિદં તલાઽઽમલકવત્ વિવેદિથ ॥ ૯ ॥

અત એવ તે બુધ-નુતસ્ય
ચરિત ગુણમદ્ભુતોદયમ્ ।
ન્યાય-વિહિતમવધાર્ય જિને
ત્વયિ સુપ્રસન્ન-મનસઃ સ્થિતા વયમ્ ॥ ૧૦ ॥ (૧૩૦)

અર્થ:—હે જિનેન્દ્ર! હે નાથ! આપે ચરાચર આ સમસ્ત જગતને સદા હાથમાં રહેલ સ્ફટિકમણિ રત્નની જેમ એકસાથે જાણ્યું છે. યુગપત જગતને જાણવા માટે (આપને) ચક્ષુ આદિ બાહ્ય ઇન્દ્રિયો અને અંતરંગ મન એ બંને બાહ્ય સાધનો આપને અલગ અલગ અથવા એકસાથે કાંઈપણ બાધા ઉત્પન્ન કરી શકતા નથી–તેમજ કોઈ પ્રકારે આપને ઉપકાર પણ કરતા નથી એમ ગણધર આદિ જ્ઞાની મહાત્માઓ વડે નમન કરવા યોગ્ય પૂજ્ય, હે બુધ-જન-સ્તુત શ્રી અરિષ્ટનેમિ-જિનેન્દ્ર! આપના ન્યાયપૂર્ણ, સમવસરણ આદિ વિભૂતિ યુક્ત, અને અનંત ચતુષ્ટયવાળા અદ્ભુત ઉદયરૂપ આપના ચારિત્ર માહાત્મ્યને હું યથાર્થ હૃદયમાં ધારી અત્યંત પ્રસન્ન ચિત્ત વડે આપમાં જ સ્થિત થઈ આપનો ભક્ત બનું છું. મેં આપનો જ આશ્રય ગ્રહણ કરેલ છે. ૫–૧૩૦.



# (૨૩) શ્રી પાર્શ્વજિન-સ્તવન

તમાલ-નીલૈઃ સધનુસ્તડિદ્ગુણૈઃ
પ્રકીર્ણ-ભીમાઽશનિ-વાયુ-વૃષ્ટિભિઃ ।
બલાહકૈર્વૈરિ-વશૈરુપદ્રુતો
મહામના યો ન ચચાલ યોગતઃ ॥ ૧ ॥

અર્થ:—કમઠ શત્રુને વશવર્તી–તેના ઈશારે નાચવાવાળા,–જે તમાલ વૃક્ષ જેવા શ્યામ વર્ણના તથા ઇન્દ્રધનુષ અને વીજળીના ચમકારાવાળા સાથે ભયંકર વજ્રપાત જેવા વાયુવાળા આકાશમાંથી ચારે તરફથી મેઘની વૃષ્ટિવડે ઘોર ઉપસર્ગ આપી દુઃખ દેવા છતાં જિનેન્દ્ર શ્રી પાર્શ્વનાથ પોતાના મહાન આત્મિયબળવાળા પરમ શુક્લધ્યાનથી ચલાયમાન થયા નહિ.

બૃહત્ફણા-મંડલ-મંડપેન યં
સ્ફુરત્તડિત્પિંગ-રુચોપસર્ગિણમ્ ।
જુગૂહ નાગો ધરણો ધરાધરં
વિરાગ-સંધ્યા-તડિદમ્બુદો યથા ॥ ૨ ॥

અર્થ:—શ્રી પાર્શ્વનાથ ભગવંતને જ્યારે તેવો ઘોર ઉપસર્ગ પ્રાપ્ત થયો ત્યારે જેમ સુરખી વિનાની કાળી સંધ્યાના સમયે વિવિધ રંગે ચમકતી વિજળી સાથે વાદળો પર્વતની આસપાસ વ્યાપે તેમ ધરણેન્દ્ર નામના નાગકુમાર દેવે પોતાના પીળા રંગની જ્યોતિના પ્રકાશવાળી વિશાળ લાંબી ફેણને–(નાગરૂપ કરી)–મંડળરૂપ મંડપથી ભગવાનની ચારે તરફ ફરતી પ્રસારી દઈ, ધરી દીધી.

સ્વ-યોગ-નિસ્ત્રિંશ-નિશાત-ધારયા
નિશાત્ય યો દુર્જય-મોહ-વિદ્વિષમ્ ।
અવાપદાઽઽર્હન્ત્યમચિંત્યમદ્ભુતમ્
ત્રિલોક-પૂજાઽતિશયાઽઽસ્પદં પદમ્ ॥ ૩॥

અર્થ :—શ્રી પાર્શ્વનાથ ભગવંતે શુક્લધ્યાનરૂપી તલવારની તીક્ષ્ણ ધારવડે, દુર્જેય એવા મોહશત્રુને જીતી તેનો નાશ કરીને અર્હંતપદ પ્રાપ્ત કર્યું, જે પદનો મહિમા પરમ અદ્ભુત અને અચિન્ત્ય છે. એ પદ ત્રણ જગતના પ્રાણીઓને સાતિશય પૂજાનું સર્વોત્કૃષ્ટ એવું ઉત્તમ સ્થાન છે એવા અર્હંતપદને પ્રાપ્ત થયા-ત્યારે.

યમીશ્વરં વીક્ષ્ય વિધૂત-કલ્મષં
તપોધનાસ્તેઽપિ તથા બુભૂષવઃ ।
વનૌકસઃ સ્વ-શ્રમ-વંધ્ય-બુદ્ધયઃ
શમોપદેશં શરણં પ્રપેદિરે ॥ ૪ ॥

અર્થઃ—વિધૂત કલ્મષં અર્થાત્ ઘાતી કર્મોરૂપી પાપથી રહિત એવા મોક્ષમાર્ગના યથાર્થ ઉપદેષ્ટા, ત્રણ ભુવનના સાક્ષાત્ ઈશ્વર શ્રી પાર્શ્વ ભગવંતને પ્રત્યક્ષ દેખતાં, અન્ય મતવાદીઓ, વનવાસીઓ, એકાંતવાદી તપસ્વિઓ સર્વે પોતાના પંચાગ્નિ સાધનરૂપી મિથ્યા-તપના પરિશ્રમને નિષ્ફળ સમજી જેવા ભગવંતને વિધૂત કલ્મષ દેખ્યા તેવા થવાની એટલે કે પાપથી મુક્ત થવાની ઈચ્છાથી તેઓ ભગવંતને શરણે આવી સાચા મોક્ષના માર્ગને અનુસરવા લાગ્યા એટલે કે ભગવંતના અનુયાયી થયા-જિનદિક્ષા ગ્રહણ કરી-શિષ્ય બન્યા.

સ સત્ય-વિદ્યા-તપસાં પ્રણાયકઃ
સમગ્રધીરુગ્રકુલાઽમ્બરાંશુમાન્ ।
મયા સદા પાર્શ્વજિનઃ પ્રણમ્યતે
વિલીન-મિથ્યાપથ-દૃષ્ટિ-વિભ્રમઃ ॥ ૫ ॥ (૧૩૫)

અર્થઃ—સંખ્યા અપેક્ષાએ અનંત ગુણ સહિત એવા ગુણ વિશિષ્ટ ભગવાન શ્રી પાર્શ્વનાથ, સત્ય વિદ્યાના અને તપશ્ચરણના પ્રણેતા સર્વજ્ઞદેવ છે. ઉગ્રવંશરૂપી આકાશમાં ચંદ્રમા જેવા પ્રકાશે છે. મિથ્યા-દર્શન આદિ કુમાર્ગની એકાંતદૃષ્ટિ વડે ઉત્પન્ન થતાં જે વિભ્રમો તેનો જેણે નાશ કર્યો છે અર્થાત્ ભવ્ય જીવો જેની કૃપા-કરૂણા દૃષ્ટિ દ્વારા



સમ્યગ્દર્શન આદિરૂપ સન્માર્ગના ઉપદેશને પામીને એકાન્તદૃષ્ટિ વડે, સર્વથા એકાંતવાદિઓના વિભ્રમથી મુક્ત થયાં છે. એવા જે ગુણ વિશિષ્ટ શ્રી પાર્શ્વજિન તેને હું નિત્ય પ્રણામ કરૂં છું-તેમનું શરણું ગ્રહણ કરૂં છું. ૫-૧૩૫.

—૦—

# (૨૪) શ્રી વીર-જિન-સ્તવન

કીર્ત્યા ભુવિ ભાસિ તયા
વીર! ત્વં ગુણ-સમુત્થયા ભાસિતયા ।
ભાસોડુસભાઽસિતયા
સોમ ઇવ વ્યોમ્નિ કુન્દ-શોભાઽઽસિતયા ॥ ૧ ॥

અર્થ :—જેવી રીતે ચન્દ્રમા, આકાશમાં કુન્દ પુષ્પો જેવી ધવલ શોભાને પ્રાપ્ત એવા નક્ષત્રોની સભાની ધવલ શોભાવડે સુશોભિત હોય છે તેવી રીતે હે વીર-જિન! આપ નિર્મળ આત્મિક ગુણોથી સમુત્પન્ન આપની નિર્મળ કીર્તિવડે અર્થાત્ દિવ્યધ્વનિ વડે આ જગતને પ્રકાશતાં અત્યંત શોભી રહ્યાં છો (આત્મ-શરીર-ગત દિવ્યવાણીથી જગતને પ્રકાશો છો.)

તવ જિન! શાસન-વિભવો
જયતિ કલાવપિ ગુણાઽનુશાસન-વિભવઃ ।
દોષ-કશાઽસનવિભવઃ સ્તુવન્તિ ચૈનમ્
પ્રભા-કૃશાઽઽસન વિભવઃ ॥ ૨ ॥

અર્થ :—હે વીર-જિન! આપના શાસનનો મહિમા આ કળિ-કાળમાં પણ સર્વોત્કૃષ્ટપણે પ્રવર્તી રહ્યો છે-જય પામ્યો છે. જેના અદ્ભુત પ્રભાવવડે ગુણોમાં અનુશાસન પ્રાપ્ત એવા ભવ્ય જીવોને સંસારમાં પરિભ્રમણનો સદાને માટે નાશ થયો છે; એટલું જ નહિ

પરંતુ ચાબુક જેવા પીડાકારી કામ-ક્રોધ આદિ દોષોને દૂર કરવાને સમર્થ છે. વળી પોતાના જ્ઞાનાદિકના પ્રકાશથી લોક પ્રસિદ્ધ હરિ હર આદિ દેવોના માહાત્મ્યને જેણે નિસ્તેજ બનાવ્યો છે એવા શ્રીમાન ગણધરદેવ આદિ પ્રધાન મહાત્માઓ પણ આપના શાસનના માહાત્મ્યની સ્તુતિ કરે છે.

અનવદ્યઃ સ્યાદ્વાદસ્તવ દૃષ્ટેષ્ટાઽવિરોધતઃ સ્યાદ્વાદઃ ।
ઇતરો ન સ્યાદ્વાદો દ્વિતયવિરોધાન્મુનીશ્વરાઽસ્યાદ્વાદઃ ॥ ૩ ॥

અર્થ :—હે મુનિનાથ ! હે શ્રી વીર-જિનેન્દ્ર ! આપનું "સ્યાદ્" પદ અર્થાત્ કોઈ અપેક્ષાએ વસ્તુતત્ત્વનું કથન, એ આપનું અનેકાન્તાત્મક સ્યાદ્વાદ-શાસન છે જે સર્વથા દોષ રહિત છે....કેમકે દૃષ્ટ અને ઇષ્ટ છે અર્થાત્ તે પ્રત્યક્ષ છે અને આગમ આદિના પ્રમાણ સહિત છે તેથી અવિરોધરૂપ છે. તેના સિવાય સ્યાદ્પદથી રહિત જે સર્વથા એકાંતવાદ છે તે સદોષ છે તથા પ્રત્યક્ષ પ્રમાણથી તેમજ આગમ આદિ પ્રમાણવડે વિરોધ પામે છે; એટલું માત્ર નહિ પરંતુ તે પોતાના ઇષ્ટ અભિમતમાં જ બાધા ઉત્પન્ન કરે છે અને તે (મિથ્યા) વાદ વડે કોઈ પ્રકારે વસ્તુતત્ત્વને સિદ્ધ કરી શકાતી નથી.

ત્વમસિ સુરાઽસુર-મહિતો
ગ્રન્થિકસત્ત્વાઽઽશયપ્રણામાઽમહિતઃ ।
લોકત્રય-પરમહિતો
ઽનાવરણજ્યોતિરુજ્જ્વલદ્ધામ-હિતઃ ॥ ૪ ॥

અર્થ :—હે વીર-જિન ! આપ ચારે પ્રકારના સુર-અસુર આદિ દેવોના પૂજ્ય છો, પરંતુ મિથ્યાદૃષ્ટિ જીવોને તેના અંતઃકરણના પ્રણામ કરવા છતાં પૂજ્ય નથી, કેમકે મિથ્યાત્વી જીવ ભલે ભાવપૂર્વક આપની ભક્તિ કરે છતાં તે આપના યથાર્થ સ્વરૂપને જાણતા નહિ હોવાથી તેઓ ભક્તિશૂન્ય છે-તેમની ભક્તિથી આપની પૂજ્યતા બનતી નથી, માટે સમ્યગ્દૃષ્ટિ જીવોના જ આપ પૂજ્ય છો. આમ કદાચ કોઈ



પ્રાણીને માટે આપ પૂજિત ન હો તોપણ આપ ત્રણ જગતના સર્વે જીવોના હિતરૂપ તો છો જ. આપ વીતરાગ છો-આપ રાગ-દ્વેષ આદિ હિંસાભાવોથી સંપૂર્ણ રીતે મુક્ત છો-આપ કોઈના અહિત કર્તા નથી એટલું જ નહિ પરંતુ આપ જગતના પ્રાણીઓના આત્મ-વિકાસને માટે આદર્શરૂપ છો-નિમિત્તરૂપ છો-આવરણ રહિત, જ્યોતિ-સ્વરૂપ, કેવળજ્ઞાનના ધારક આપ ઉજ્જ્વલ મોક્ષધામને પ્રાપ્ત થયાં છો. અર્થાત્ કેવળજ્ઞાનના પ્રકાશવડે મુક્ત આત્માઓ વડે જે ધામ પ્રકાશી રહ્યું છે-તે સિદ્ધ-શિલા ધામ ઉપર આપ બિરાજી રહ્યાં છો.

સભ્યાનામભિરુચિતં
દધાસિ ગુણ-ભૂષણં શ્રિયા ચારુ-ચિત્તમ્ ।
મગ્નં સ્વસ્યાં રુચિતં
જયસિ ચ મૃગ-લાંછનં સ્વ-કાન્ત્યા રુચિતમ્ ॥ ૫ ॥

અર્થ :—હે વીર-જિન ! આપ સર્વજ્ઞતા, વીતરાગતાના ગુણોના આભૂષણ છો, એ ગુણો સભ્યજનોને એટલે સમવસરણમાં સ્થિત ભવ્ય જીવોને ઇષ્ટ છે. વળી આપ અષ્ટ પ્રાતિહાર્ય આદિ વિભૂતિ વડે અને અનંત ચતુષ્ટય આદિ શ્રી લક્ષ્મી વડે પુષ્ટ છો તેથી શોભામાં અભિવૃદ્ધિ થઈ છે. આપના દેહની કાન્તિ વડે મૃગ લાંછન ચંદ્રમા જે સ્વ-કાન્તમય છે અને જગતને પ્રિય અને સુંદર લાગે છે તોપણ આપ તે પ્રકાશથી પણ પર છો આપની અમર જ્યોતિવાળું શરીર સૌંદર્ય, ચંદ્રની જ્યોતિ કરતાં અધિક તેજ વડે વૃદ્ધિ પામ્યું છે.

ત્વં જિન ! ગત-મદ-માય-
સ્તવ ભાવાનાં મુમુક્ષુ-કામદ ! માયઃ ।
શ્રેયાન્ શ્રીમદમાય-
સ્ત્વયા સમાદેશિ સપ્રયામ-દમાઽયઃ ॥ ૬ ॥

અર્થ :—હે શ્રી વીર જિનેન્દ્ર ! આપ માન-માયાથી રહિત છો-નિર્દોષ છો. આપ અકષાયભાવને પ્રાપ્ત થયાં છો. મુમુક્ષુઓની ઇચ્છાને પૂર્ણ કરનાર આપ મુક્તિના દાતા છો, કેવળજ્ઞાનરૂપી પ્રમાણ-

જ્ઞાનના દાતા આપનું જીવ આદિ પદાર્થોનું જ્ઞાન પરમ પ્રશંસનીય છે. આપે હેય-ઉપાદેય તત્ત્વના જ્ઞાનરૂપી વિશિષ્ટ લક્ષ્મી વડે, કપટ રહિત યમ-દમનો એટલે મહાવ્રતો આદિ અનુષ્ઠાન સહિત સંપૂર્ણ ઇન્દ્રિયજયની પ્રાપ્તિ કરવાનો ઉપદેશ આપ્યો છે.

વિશેષાર્થ:—આપની ભાવપૂર્વક ભક્તિ કરનાર માન–માયાને શીઘ્ર તજે છે અને તે વડે તે આપના જેવા જ નિર્મળ ગુણોની પ્રાપ્તિ કરવાને માટે તત્કાળ પાત્ર બની જાય છે.

ગિરિભિત્ત્યવદાનવતઃ શ્રીમત ઈવ દન્તિનઃ સ્રવદ્દાનવતઃ ।
તવ શમ-વાદાનવતો ગતમૂર્જિતમપગત-પ્રમાદાનવતઃ ॥ ૭ ॥

અર્થ:—જેના ગંડસ્થળમાંથી મદ ઝરે છે એવા દાની–દાતા–અને જે પર્વતોના કિનારાને વિદારણ કરવાને મહા સમર્થ છે એવા રક્ષક, એમ સર્વ ગુણ સમ્પન્ન ઉત્તમ ભદ્ર જાતિવાન ગજરાજ જેમ સ્વાધીનપણે ગમન કરે છે તેમ પરમ અહિંસા વડે અભયદાનના દાતા, અને રાગાદિ દોષોની શાન્તિના પ્રતિપાદક તેમજ આગમોની રક્ષા કરતો ધર્મોપદેશરૂપી અમૃત ઝરતો આપનો ઉદાર, હિતકારક વિહાર હે શ્રીમાન્ વીર–જિન! આ પૃથ્વી ઉપર થયો ત્યારે આપના વિહારથી કોઈને પણ પીડા ઉપજી નહિ તેમ છતાં હિંસા વિધાયક–એકાન્તવાદના પ્રતિપાદક એવા આગમોનું આપના ઉપદેશ વડે ખંડન થયું.

વિશેષાર્થ:—શ્રી મહાવીર ભગવાને વિહાર કરી જગતમાં રાગાદિ દોષોના શમનરૂપી પરમ બ્રહ્મ અહિંસાના સત દૃષ્ટિ વિધાયક અનેકાન્તવાદ તથા સમતા પ્રસ્થાપક સામ્યવાદનો ઉપદેશ આપી અહિંસા, અનેકાન્તવાદ અને સામ્યવાદ વડે લોકોમાંથી મદ–અહંકારના ત્યાગનું તથા વૈર–વિરોધના પરિહાર કરવાનું બતાવી પરસ્પરમાં અભયદાનનું વિધાન સમજાવી સર્વત્ર સુખ–શાન્તિની સ્થાપના કરી છે. એ રીતે તેમનો માર્ગ જ સન્માર્ગરૂપ છે અને તેનાથી વિપરીત જે વિષમતાવાળો, હિંસા વિધાયક અને સર્વથા એકાંતનો પ્રતિપાદક માર્ગ જે પહાડ તુલ્ય બાધક હોવાથી તે માર્ગનું ખંડન કર્યું છે.



બહુ ગુણ-સમ્પદ સકલં
પરમતમપિ મધુર-વચન-વિન્યાસ-કલમ્ ।
નય-ભક્ત્યવતંસ-કલં
તવદેવ! મતં સમન્તભદ્રં સકલમ્ ॥ ૮ ॥ (૧૪૩)

અર્થ:—આપના અનેકાન્ત શાસનથી ભિન્ન જે અન્ય ધર્મો છે તે મધુર–મીઠા વાક્યોની રચનાથી કદાચ કાનને પ્રિય લાગે તેવી પદ્ધતિના ભલે હોય, અર્થાત્ તેવા લૌકિક મતો ભલે મનોજ્ઞ–રૂચિકર–હોય તોપણ તે બહુગુણોની સંપત્તિથી રહિત છે અર્થાત્ સત્શાસનને યોગ્ય જે યથાર્થ કથન અને તે સાથે પરહિત પ્રતિપાદન વગેરે બહુ ગુણો તેની શોભાથી (તે મતો) રહિત છે. તેમાં સર્વથા એકાંત-ધર્મનો આશ્રય હોવાથી તેની શોભા જણાતી નથી. એ રીતે વક્તા તરીકે યથાર્થ ધર્મનું નિરૂપણ કરવા તેઓ અસમર્થ છે. વળી તે મતો ખરેખર અપૂર્ણ છે અને બાધાકારક છે તેથી જગતને માટે અહિત-રૂપ (મત) છે; પરંતુ આપનું શાસન સ્યાદ્ અસ્તિ–નાસ્તિ આદિ નયોના ભંગવડે અલંકારથી સુશોભિત છે, જે અનેકાન્તધર્મનો આશ્રય લઈ નયોના સાપેક્ષ વ્યવહારનો બહુ સુંદર બોધ કરે છે. એમ ભિન્ન ભિન્ન દૃષ્ટિ વડે અનંત ધર્માત્મક વસ્તુતત્ત્વને યથાર્થ નિરૂપણ કરવાને માટે તથા પરહિતના પ્રતિપાદન માટે આપનું શાસન સમર્થ છે અને બહુગુણ સંપત્તિથી ભરપૂર–પૂર્ણ–છે માટે સમન્તભદ્ર છે અર્થાત્ આપનું શાસન તીર્થ સર્વતોભદ્ર–સર્વપ્રકારે સર્વ તરફથી ભદ્રરૂપ અને નિર્બાધરૂપ વગેરે વિશેષોથી ભરપૂર અને શોભા સમ્પન્ન છે જે જગતને માટે કલ્યાણકારણ છે.

ઇતિશ્રી નિરવદ્ય સ્યાદ્વાદ વિદ્યાધિપતિ સકલ તાર્કિક ચક્ર ચુડામણિ–શ્રદ્ધાગુણજ્ઞતાદિ સાતિશય ગુણગણ વિભૂષિત સિદ્ધ સાર-

સ્વત-સ્વામિ શ્રી સમન્તભદ્ર આચાર્ય વિરચિતં ચતુર વિંશતિ-જિન-સ્તવનાત્મકં સ્વયંભૂ સ્તોત્રં સમાપ્તં.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

## —: શુદ્ધિ-પત્ર :—

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫ | ૨ તથા ૫ | કુલકર | કુલકર |
| ૨૦ | ૨૦ | મરા જેવો | મારા જેવો |
| ૫૯ | ૧૫ | સર્વજ્ઞની જ્યોતિ | સર્વજ્ઞતાની જ્યોતિ |
| ૭૭ | ૧ | એકાંતદષ્ટિ વડે | અનેકાન્તદષ્ટિ વડે |